CMYK CMYK

RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા — શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૦ ફાગણ વદ - ૪ — શુક્રવાર, તા.૨૯-૦૩-૨૦૨૪ — અંક : ૮૦ — વર્ષ : ૧૯ — jamnagar@aaspassaindia.com — કિંમત રૂ. ૨-૫૦ — પાના - ૮

# સોનું 70,000ને પાર

## રેકોર્ડબ્રેક તેજી : એક જ દિવસમાં દસ ગ્રામે રૂ.૧૪૦૦નો ઉછાળો

મુંબઈ

શેરબજારની જેમ સોના-ચાંદી જેવી કિંમતી ધાતુઓમાં પણ જબરદસ્ત તેજીનો દોર રહ્યો છે. રાજકોટમાં સોનાનો ભાવ ૭૦,૦૦૦ને વટાવી ગયો હતો. વર્લ્ડ માર્કેટમાં ૨૨૦૦ ડોલરને પાર કરીને નવી ઉંચાઈએ પહોંચ્યો હતો.

અમેરિકામાં ફેડરલ રિઝર્વ જુનમાં વ્યાજદર ઘટાડાનો દોર શરૂ કરશે તેવી અટકળો વચ્ચે સોનાના ભાવ સળગી ઉઠયા હતા અને એક જ દિવસમાં ભાવમાં દસ ગ્રામે રૂ. ૧૪૦૦નો ઉછાળો નોંધાયો હતો. રાજકોટમાં હાજર સોનુ ઉંચામાં ૭૦૪૫૦ થઈને ૭૦૪૦૦ સાંપડયું હતું. વિશ્વબજારમાં ૨૨૨૫ ડોલર થઈને ૨૨૧૯ ડોલર થયું હતું.



સોનાની જેમ ચાંદીમાં પણ રૂા. ૧૦૦૦નો ઉછાળો હતો અને ભાવ ૭૬૬૭૫ પર પહોંચ્યો હતો. વર્લ્ડ માર્કેટમાં સોનુ ૨૪.૮૨ ડોલર સાંપડયું હતું. સોના-ચાંદીમાં જબરદસ્ત તેજીથી ઝવેરીઓ પણ સ્તબ્ધ બન્યા છે.

# એપ્રિલ રહેશે કાળઝાળ : આગ ઓકતી ગરમીની આગાહી

## તાપમાનનો પારો ૪૬ ડિગ્રીએ પહોંચવાનું અનુમાન

નવીદિલ્હી,

ઉનાળાની શરૂઆતમાં જ લોકો ચામડી દઝાડી દે તેવી ગરમીથી ત્રાહિમામ પોકારી ગયા છે. તેવામાં હવામાન વિભાગ દ્વારા હિટવેવની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગની વેબસાઈટ પરથી મળતી માહિતી મુજબ આજે ઉત્તર ગુજરાત, બનાસકાંઠા, અને આણંદ જિલ્લાઓના વિસ્તારોમાં વોર્મ નાઈટની ચેતવણી આપવામાં આવી છે. વિભાગ દ્વારા આગામી ૧૫ દિવસમાં કાળઝાળ ગરમી પાડવાની પણ આગાહી કરી છે. એપ્રિલ મહિનામાં તાપમાનનો પારો ૪૬ ડિગ્રીએ પહોંચવાનું અનુમાન લગાવવામાં આવ્યું છે.

હવામાન વિભાગના હવામાન શાસ્ત્રી દ્વારા જણાવવામાં આવ્યું છે કે રાજયનું હવામાન આગામી પાંચ દિવસ સુધી સૂકું રહેશે. જો કે આ પાંચ દિવસ હવામાનમાં કોઈ મોટા ફેરફાર જોવા મળશે નહીં પરંતુ તાપમાનમાં ઘટાડો જોવા મળશે. જેને લઈને ઘણા વિસ્તારોમાં તાપમાનનો પારો એક બે ડિગ્રી નીચે ગગડશે.

અગાઉના દિવસના (ગુરુવાર) તાપમાનની માહિતી આપતા હવામાન વિભાગ જણાવે છે કે ઉત્તર ગુજરાતના મોટાભાગના વિસ્તારમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રી કે તેનાથી પણ ઉપર રહ્યો હતો. જેમાં અમદાવાદમાં ૪૧.૧ તો ગાંધીનગરમાં ૪૧ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

# રૂપાલાની મુશ્કેલીમાં વધારો : વિવાદિત ટીપ્પણી મામલે ફરિયાદ દાખલ

રાજકોટ

લોકસભાની રાજકોટ બેઠક પર ભાજપના ઉમેદવાર જાહેર થયેલા કેન્દ્રીય મંત્રી પરષોત્તમ રૂપાલાએ રાજા મહારાજાઓ, ક્ષત્રિય સમાજની લાગણી દુભાય તેવી ખોટી અને નિમ્નસ્તરીય ટીપ્પણીથી રાજ્યભરમાં ક્ષત્રિય સમાજમાં રોષ ફેલાયો છે.

રાજ્યના ૯૦ જેટલા ક્ષત્રિય સંગઠનોના હોદ્દેદારો, પ્રતિનિધિઓની બોટાદ ચોકડી પાસે રાજપૂત સમાજ ભવન ખાતે બેઠક યોજાઈ હતી જેમાં રૂપાલા સામે તીવ્ર રોષ વ્યક્ત કરીને તેમની લોકસભામાં ઉમેદવારી રદ કરાય તેવી માંગણી ઉચ્ચારાઈ છે. લાઠી સ્ટેટના વંશજ અને રાજકોટના રહીશ આદિત્યસિંહ ગોહિલે રાજકોટ

### વિવાદને થાળે પાડવા પાટીલે ગોંડલના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાને મેદાને ઉતાર્યા

કોર્ટમાં ધસી જઈને પરશોત્તમ રૂપાલા સામે જાહેરસભામાં મત મેળવવાની લાલચે ક્ષત્રિય સમાજને નીચા દેખાડવા તેવો વિડીયો વાયરલ થયો છે તે અંગે આઈ.પી.સી.૪૯૯, ૫૦૦ હેઠળ ફરિયાદ કરી છે. રૂપાલા સામેના રોષને વાચા આપવા ત્રણ-ચાર દિવસ બાદ રાજકોટમાં ક્ષત્રિયોનું મહાસંમેલન યોજવા પણ જાહેર કરાયું છે તેમ ક્ષત્રિય આગેવાનોએ જણાવ્યું હતું.

સૌરાષ્ટ્ર બાદ ઉત્તર ગુજરાતમાં ય વિરોધ વંટોળ ઉઠ્યો છે. ઉંઝામાં રુપાલા વિરૂધ્ધ પોલીસ સ્ટેશને ફરિયાદ આવી છે. અમદાવાદમાં ક્ષત્રિયોની એક બેઠક મળી હતી. બીજી તરફ, આ વિવાદને થાળે પાડવા ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે ગોંડલના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાને મેદાને ઉતાર્યા છે. જોકે અન્ય ક્ષત્રિયો એકેય આગેવાનનું માનવા તૈયાર નથી. રાજ્ય ચૂંટણી પંચમાં ય રુપાલા વિરુધ્ધ ફરિયાદ થઈ છે. ચૂંટણી પંચે રાજકોટ કલેક્ટર પાસે રિપોર્ટ માંગ્યો છે.

### રૂપાલાની સુરક્ષામાં પણ વધારો

બીજી તરફ રાજકોટ લોકસભાના ભાજપના ઉમેદવાર પુરૂષોત્તમ રૂપાલાની સુરક્ષામાં પણ વધારો કરવામાં આવ્યો છે. આઈબી દ્વારા આપવામાં આવેલ ઇનપુટને ધ્યાનમાં રાખી પોલીસ દ્વારા સાવચેતીના ભાગરૂપે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સુરક્ષામાં વધારો કરી દેવામાં આવ્યો છે. જેમાં રાજકોટના અમીનમાર્ગ પર આવેલ હરિહર સોસાયટી સ્થિત પુરૂષોત્તમ રૂપાલાના નિવાસ્થાને બે ગનમેન ગાર્ડ સુરક્ષામાં તહેનાત છે. જ્યારે પોલીસ એસ્કોર્ટમાં 1 PSI સાથે ૩ પોલીસ કર્મી સહિત ચાર પોલીસ જવાનને સાથે વધારાની ફાળવણી કરવામાં આવી છે. કોઈ પણ જગ્યાએ સભા કે રેલી હોય તો એ જગ્યાએ જે-તે વિસ્તારના સ્થાનિક પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જને બંદોબસ્ત અને જવાબદારી સોંપવામાં આવી છે.

# આ શનિ અને રવિવારે પણ બેંકો ખુલી રહેશે

## બેંકો ખોલવાનું કારણ નાણાકીય વર્ષનો અંત છે

મુંબઈ,

ભારતમાં દર રવિવારે બેંકની રજા હોય છે. આ સિવાય મહિનાના બે શનિવારે પણ બેંકો બંધ રહે છે. જો કે આ અઠવાડિયું અલગ સાબિત થવાનું છે. આ અઠવાડિયે શનિવાર અને રવિવાર બંને દિવસે બેંકો ખુલ્લી રહેશે.

રિઝર્વ બેંકે આ માટે અલગ નોટિફિકેશન બહાર પાડ્યું છે. રિઝર્વ બેંક દ્વારા ૨૦ માર્ચ, ૨૦૨૪ના રોજ જારી કરાયેલા નોટિફિકેશનમાં કહેવામાં આવ્યું છે કે તમામ એજન્સી બેંકોની તમામ શાખાઓ શનિવાર, ૩૦ માર્ચ અને રવિવાર, ૩૧ માર્ચે ખુલ્લી રહેશે. મતલબ કે જે બેંકો પર આરબીઆઈનું આ નોટિફિકેશન લાગુ છે તે બેંકોની શાખાઓ આ સપ્તાહે શનિવાર અને રવિવારે પણ ખુલ્લી રહેશે. અસરગ્રસ્ત બેંકોના કર્મચારીઓને આ સપ્તાહના અંતે રજા મળવાની નથી.

# દિલ્હીમાં બંધારણીય કટોકટી? રાષ્ટ્રપતિ શાસન પર વિચારણા શરૂ

## દિલ્હીના ઉપરાજયપાલ કાનુની અભિપ્રાય માંગી શકે એટર્ની જનરલ પણ એકશનમાં આવે તેવા સંકેત

નવીદિલ્હી,

પાટનગરના શરાબ કાંડમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ અને તા.૧ એપ્રિલ સુધી ઈડીની કસ્ટડી લેવાતા હવે પાટનગરની રાજય સરકારમાં મુખ્યમંત્રી વગર જ સરકારનું સંચાલન એ મુદો બની ગયા છે અને ભાજપે તેને બંધારણીય કટોકટી તરીકે ગણાવી છે તો બીજી તરફ કેન્દ્ર સરકાર પણ એકશનમાં આવી છે.

સૂત્રોના જણાવ્યા મુજબ આ અંગે દિલ્હીના ઉપરાજયપાલનો રિપોર્ટ મંગાવ્યા બાદ રાજયની કેજરીવાલ સરકારને બરતરફ કરીને રાષ્ટ્રપતિ શાસન પણ લાદવાની શકયતા પર સંકેત આપ્યો છે. સુત્રોના જણાવ્યા મુજબ આ અંગે કેન્દ્ર અને દિલ્હીની લેફ્ટ ગવર્નર ઓફિસ સતત સંપર્કમાં છે અને એટર્ની જનરલ ઓફ ઈન્ડીયાનો રિપોર્ટ પણ મંગાવી શકાય છે.

# દ. આફ્રિકામાં સર્જાયેલા માર્ગ અકસ્માતમાં ૪૫ લોકોના મોત

લિમ્પોપો,

દક્ષિણ આફ્રિકામાં ભીષણ માર્ગ અકસ્માત થયો. આ અકસ્માતમાં એક બસ બેરિયર તોડી પુલ પરથી નીચે ખાડામાં પડી. પુલ પરથી નીચે પડતા જ બસમાં આગ લાગી. આ ઘટનામાં ૪૫ લોકોના મોત થયા છે. પરિવહન મંત્રાલયે જણાવ્યું કે ગુરુવારે એક પેસેન્જર બસ બોત્સ્વાનાથી મોરિયા જઈ રહી હતી. ત્યારે પુલ પરથી પસાર થતા અચાનક બસ બેરિયર તોડી નીચે ખાડામાં પડી હતી. મીડિયા અહેવાલ મુજબ દક્ષિણ આફ્રિકામાં થયેલ અકસ્માતમાં બસ બોત્સ્વાનાથી ઉત્તર લિમ્પોપો પ્રાંતના શહેર મોરિયા જઈ રહી હતી. જયાં ઈસ્ટર તહેવારની ઉજવણી કરવામાં આવી છે. ઈસ્ટર તહેવાર ૩૧ માર્ચના રોજ હોવાથી લોકો મોરિયા તરફ વધુ જઈ રહ્યા હતા. બોત્સ્વાનાથી ઉપડેલ બસમાં ૪૬ જેટલા મુસાફરો હતા. મુસાફરો ભરેલ બસ મોરિયો જઈ રહી હતી.

# જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે પર કેબ ખાડામાં પડી : ૧૦ના મોત

જમ્મુ,

શ્રીનગર-જમ્મુ નેશનલ હાઈવે પર રામબન નજીક શુક્રવારે એક ભયાનક માર્ગ અકસ્માત થયો હતો. આ માર્ગ અકસ્માતમાં ૧૦ લોકોના મોત થયા છે. અકસ્માતની માહિતી મળતાની સાથે જ પોલીસ, જીઢ્ઢઈહ્ન અને રામબન સિવિલની ઊઇ્ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ટીમે બચાવ કામગીરી શરૂ કરી દીધી છે.

જણાવવામાં આવી રહ્યું છે કે રામબન વિસ્તારમાં બેટરી ચશ્મા પાસે જમ્મુ શ્રીનગર નેશનલ હાઈવે પર જમ્મુથી શ્રીનગર જઈ રહેલી પેસેન્જર કેબ ઉંડી ખાઈમાં પડી ગઈ હતી. કેબમાં મુસાફરી કરી રહેલા ઘણા મુસાફરોના મોતની આશંકા છે. અકસ્માતની માહિતી મળતા જ પોલીસ, SDRF અને સિવિલ ઊઇ્ની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ટીમ દ્વારા વહેલી સવારે રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું, જેમાં ટીમે અત્યાર સુધીમાં ૧૦ લોકોના મૃતદેહ બહાર કાઢ્યા છે.પોલીસે જણાવ્યું કે આ અકસ્માતની જાણકારી લગભગ ૧.૧૫ વાગ્યે મળી હતી. માહિતી મળી હતી કે જમ્મુથી કાશ્મીર મુસાફરોને લઈ જતી એક ટેક્સી (ટવેરા) નેશનલ હાઈવે-૪૪ પર બેટરી ચશ્મા પાસે લગભગ ૩૦૦ મીટર ઊંડી ખાઈમાં પડી હતી.

# મુખ્તાર અન્સારીના મૃતદેહને બાંદાથી ગાઝીપુર લઈ જવાશે : સાંજે સુપુર્દ-એ-ખાક થઈ શકે છે



નવીદિલ્હી,

ઉત્તરપ્રદેશની બાંદા જેલમાં કેદ મુખ્તાર અંસારીનું ગુરુવારે રાત્રે હાર્ટએટેકથી મોત થયું હતું. ઉલ્ટીની ફરિયાદ અને બેભાન હાલતમાં મુખ્તારને જેલમાંથી રાત્રે ૮.૨૫ કલાકે રાણી દુર્ગાવતી મેડિકલ કોલેજમાં લઈ જવામાં આવ્યો હતો. ૯ ડૉક્ટરોએ તેની સારવાર કરી, પરંતુ તેને બચાવી શકાયો નહી.

આજે ૩ ડોક્ટરોની પેનલ સહિત ૫ લોકોની ટીમ મુખ્તારના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરી રહી છે. તેનો મૃતદેહ પરિવારને સોંપવામાં આવશે. આ પછી મુખ્તારને રોડ માર્ગે તેના પૈતૃક ઘર ગાઝીપુર લાવવામાં આવશે. અહી કાલી બાગ કબ્રસ્તાનમાંસુપુર્દ-એ-ખાક કરવામાં આવશે. અહી તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. બીજી તરફ સમગ્ર રાજ્યમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. તે જ સમયે, મઉ અને ગાઝીપુરમાં કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે. આ ઉપરાંત બાંદામાં પણ ખાસ સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. ઘટનાસ્થળે મોટી સંખ્યામાં પોલીસકર્મીઓ તહેનાત કરવામાં આવ્યા છે.

# ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓનું ગ્રેડિંગ ખતમ ડિસેમ્બરથી નવી વ્યવસ્થા થશે લાગુ

નવીદિલ્હી,

દેશની ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓને નેક તરફથી અપાતી ગ્રેડિંગ સિસ્ટમ હવે ખતમ થઇ રહી છે. તેના સ્થાને બાઈનરી સિસ્ટમ લાગુ થશે. તેમાં બે પ્રકારની સંસ્થા હશે. - માન્યતા પ્રાપ્ત અને ગેર-માન્યતા પ્રાપ્ત. ચાલુ વર્ષના ડિસેમ્બરથી આ સિસ્ટમ લાગુ થઇ શકે છે.

નવી સિસ્ટમમાં માન્યતાપ્રાપ્ત સંસ્થાઓને લેવલ ઑફ એક્સેલન્સ મળશે. તેમને પરિપક્વતાના આધાર પર ૧, ૨, ૩, ૪ અને ૫ સુધી લેવલ મળશે. તેને ઇલેક્ટ્રોનિક્સ ઇન્ડસ્ટ્રી કેપેસિટી મેચ્યોરિટી મોડલ લેવલ તરીકે સમજી શકાય છે. એ જ રીતે એજ્યુકેશન સેક્ટરમાં એક્સલન્સ લેવલ હશે. ઇન્ડસ્ટ્રીની માફક શૈક્ષણિક સંસ્થાઓનું સ્તર વર્ગીકૃત કરનારો ભારત પ્રથમ દેશ હશે.

નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રિડિટેશન કાઉન્સિલ (નેક)ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલના ચેરમેન અને નેશનલ બોર્ડ ઑફ એક્રિડેટેશનના ચેરમેન પ્રો. અનિલ સહસ્ત્રબુદ્ધેએ જણાવ્યું કે લેવલ ઑફ એક્સલન્સ ૧, ૨, ૩ અને ૪ નેશનલ, જ્યારે લેવલ-૫ ઇન્ટરનેશનલ હશે. કોઇ સંસ્થાને તે આપોઆપ નહીં મળે.

# અમારા દેશમાં બાળકનો જન્મ થાય છે ત્યારે તે ‘આઈ’ અને ‘AI’ બંને બોલે છે - મોદી

## બિલ ગેટ્સ અને વડાપ્રધાન મોદી વચ્ચેની વાતચીતનો વીડિયો જાહેર



નવીદિલ્હી,

ભારતીયો માત્ર ટેક્નોલોજી અપનાવી રહ્યા નથી પણ આગળ પણ વધી રહ્યા છે. આપણા દેશમાં બાળકનો જન્મ થાય ત્યારે આઈ અને છૈં બંને બોલે છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં વડા પ્રધાનના નિવાસસ્થાન પર અબજોપતિ રોકાણકાર અને માઈક્રોસોફ્ટના સહ-સ્થાપક બિલ ગેટ્સ સાથે વાતચિત કરી હતી. તેને આજે પ્રસારિત કરવામાં આવી હતી. તેની થીમ ‘ફ્રોમ એઆઈ ટુ ડિજિટલ પેમેન્ટ્સ’ છે. આ વાતચીતનું ટીઝર ૨૮ માર્ચે રિલીઝ કરવામાં આવ્યું હતું. બિલ ગેટ્સે વાતચીત દરમિયાન પીએમ મોદીને કહ્યું કે ભારત જે થીમ લાવે છે તેમાંથી એક એ છે કે ટેક્નોલોજી બધા માટે હોવી જોઈએ.

ન્યૂઝ એજન્સી ANIએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર તેનું ટીઝર રિલીઝ કર્યું હતું જેમાં તેઓ ચર્ચા કરતા જોવા મળે છે. આ મુલાકાતની થીમ ‘ફ્રોમ એઆઈથી ડિજિટલ પેમેન્ટ્સ’ છે જેમાં સમગ્ર વાતચીત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ટેક્નોલોજીના ક્ષેત્રમાં ભારતના યોગદાન પર કેન્દ્રિત છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બિલ ગેટ્સ સાથે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના મહત્વ વિશે વાત કરતા કહ્યું કે, “પછૈં ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે અને હું ક્યારેક મજાકમાં કહું છું કે અહીં ભારતના ઘણા રાજ્યોમાં માતાને પણ આઈ કહેવાય છે. હવે હું કહું છું કે જ્યારે બાળક આપણા દેશમાં જન્મે છે, ત્યારે છ્રૈ પણ બોલે છે. છૈં પણ બોલે છેપ મેં ય્૨૦ માં છૈં નો ઘણો ઉપયોગ કર્યો. મેં ય્૨૦ ના પરિસરમાં ભાષાના અર્થઘટનની વ્યવસ્થા કરી.બિલ ગેટ્સ સાથે વાતચીત કરતી વખતે, પીએમ મોદીએ કહ્યું, “જો આપણે છૈં નો ઉપયોગ જાદુઈ સાધન તરીકે કરીએ તો તે એક મોટો અન્યાય હશે. જો હું મારી આળસ બચાવવા માટે છૈં નો ઉપયોગ કરું તો તે ખોટો રસ્તો છેપ મારે તેથી ChatGPT સાથે સ્પર્ધા કરવી જોઈએ. હું AI થી આગળ જવાનો પ્રયત્ન કરીશપ”

વડા પ્રધાનના નિવાસસ્થાને બિલ ગેટ્સ સાથે વાતચીત કરતી વખતે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, “સ્વાસ્થ્ય, કૃષિ અને શિક્ષણ, સાથે મેં ગામડાઓમાં ૨ લાખ આયુષ્માન આરોગ્ય મંદિરો બનાવ્યા છે.

CMYK CMYK

# કાર્યકર્તાઓની અપેક્ષા હતી એટલે ઉમેદવારો બદલ્યા છે: પાટીલ

## અપેક્ષિત હોય એટલે ટિકિટ માટે દબાણ કરે પણ શિસ્ત તોડશે તેની સામે પગલા લેવાની પ્રદેશ પ્રમુખની જાહેરાત

રાજકોટ,

ભારતીય જનતા પાર્ટીના ગુજરાતના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ આજે રાજકોટની મુલાકાતે આવ્યા હતાં. અને જણાવ્યું હતું કે, હાલમાં ગુજરાતમાં ૨૬ લોકસભા બેઠકમાંથી બે બેઠક પર ઉમેદવાર બદલવામાં આવ્યા તે કાર્યકર્તાઓની અપેક્ષા હતી પરંતુ કોઈપણ વ્યક્તિ શિસ્ત તોડશે તો સંગઠન તેની સામે પગલા લેશે.

પ્રદેશ પ્રમુખ આજે રાજકોટની મુલાકાતે આવ્યા હતાં અને બપોરે પત્રકાર સંમેલન કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતાં તે દરમિયાન તેમણે રાજકોટના પત્રકારો સાથે મુક્તપણે વાતચીત કરી હતી અને ભાજપ દ્વારા આ લોકસભાની ચૂંટણીમાં ૪૦૦ સીટથી વધુ બેઠક જીતવાનો વિશ્ર્વાસ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આ વખતે ગુજરાતમાં ૨૬માંથી ૨૬ બેઠકો પાંચ લાખ કરતા વધારાની લીડ સાથે જીતવામાં આવશે અને આ જીત ઐતિહાસિક બની રહેશે.

# લોકસભા ચૂંટણી બાદ વિધાનસભા મંત્રીમંડળના વિસ્તરણની અત્યારથી જ ચર્ચાઓ શરૂ

ગાંધીનગર,

લોકસભાની ચૂંટણી બાદ ગુજરાતના મંત્રીમંડળનું વિસ્તરણ થશે. ભૂપેન્દ્ર પટેલની સરકારમાં નવા ચહેરાઓને તક મળવાની શક્યતા છે. જેમાં વર્તમાન પ્રધાનો પૈકી કેટલાકને ડ્રોપ કરવામાં આવે તેવી પણ શક્યતા છે.

હાલમાં ચૂંટણીની અંદર પણ જુદા જુદા મંત્રીઓને મહત્વની જવાબદારીઓ સોંપવામાં આવી છે. જેટલા પણ પ્રભારી મંત્રી છે, તે તમામને પ્રચાર, કેમ્પેઈનથી લઈને તમામ જવાબદારીઓ સોંપવામાં આવી



છે.તેની સાથે જ મોનિટરિંગ પણ કરવામાં આવી રહ્યુ છે. આ સાથે જ જે પ્રમાણે સમાચાર મળી રહ્યા છે તે પ્રમાણે લોકસભા ચૂંટણી પછી ગુજરાતના રાજ્ય સરકારના મંત્રીમંડળમાં વિસ્તરણ થઈ શકે છે. મંત્રીમંડળમાં મોટા પાયે ફેરફાર આવી શકે છે.

માહિતી પ્રમાણે અત્યારે જે મંત્રીઓ છે તેમાંથી કેટલાકને ડ્રોપ કરવામાં આવી શકે છે, તો કેટલાક નવા ચહેરાઓને મંત્રીમંડળમાં સ્થાન મળી શકે છે. આ નવા ચહેરાઓમાં અર્જુન મોઢવાડિયા અને સી જે ચાવડાનું નામ સામે આવી રહ્યુ છે. અર્જુન મોઢવાડિયા પોરબંદરથી પેટા ચૂંટણી લડી રહ્યા છે. જો તે જીતશે તો તેમને મંત્રીમંડળમાં સમાવવામાં આવશે. તેની સાથે જ સી જે ચાવડાનું નામ પણ ચર્ચામાં છે. તેમને પણ કમીટમેન્ટ કરવામાં આવ્યુ હતુ કે ચૂંટણી જીત્યા બાદ તેમનો મંત્રીમંડળમાં સમાવેશ કરવામાં આવશે.

જો કે ભૂતકાળમાં હાર્દિક પટેલ અને અલ્પેશ ઠાકોરને પણ આ પ્રકારનું કમીટમેન્ટ કરવામાં આવ્યુ હતુ, જો કે હજુ સુધી તેમને મંત્રીમંડળમાં સ્થાન મળ્યુ નથી.જો કે અર્જુન મોઢવાડિયા અને સી જે ચાવડા બંને સિનિયર નેતાઓ છે. તેથી જો તેઓ જીતશે તો તેમને મંત્રીમંડળમાં સ્થાન મળી શકે છે.

# NDPSના કેસમાં પૂર્વ IPS સંજીવ ભટ્ટને ૨૦ વર્ષની સજા

## પાલનપુર કોર્ટે બે લાખનો દંડ પણ કર્યો

અમદાવાદ,

ગુજરાતના પૂર્વ IPS સંજીવ ભટ્ટને ૨૭ માર્ચે બનાસકાંઠાની પાલનપુર કોર્ટે સંજીવ ભટ્ટને NDPSના કેસમાં દોષિત ઠેરવ્યા હતા. આજે આ કેસમાં કોર્ટે સજાની સુનાવણી કરી જેમાં પાલનપુર કોર્ટે સંજીવ ભટ્ટને ૨૦ વર્ષની સજા ફટકારી છે. આ સાથે કોર્ટે બે લાખનો દંડ પણ કર્યો છે. ૩૦ એપ્રિલ, ૧૯૯૬માં એક કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જેમાં પાલનપુરની લાજવંતી હોટેલમાં સુમેરસિંહ રાજપુરોહિત અફીણનો જથ્થો લઈ આવનાર છે તેવી બાતમીના પગલે પોલીસે રેડ કરી એક કિલો ૧૫ ગ્રામ અફીણ કબજે કર્યું હતું. પાલનપુરની આ હોટલના રૂમમાં અફીણનો જથ્થો મુકાવી રાજસ્થાન પાલીના એક વકીલને ખોટા કેસમાં ફસાવી દેવાના કેસમાં ધરપકડ કરી હતી.

CID ક્રાઈમે ૨૦૧૮માં પૂર્વ IPS સંજીવ ભટ્ટઅને તેમની સાથે પાલનપુરના તત્કાલીન PI વ્યાસની પણ ધરપકડ કરી હતી.

# રાજ્યભરમાં RTO કચેરીમાં ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક થયા ફરી શરૂ

**ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક માટેનું સર્વર છેલ્લા ૧૨ દિવસથી બંધ હતું**

અમદાવાદ

ગુજરાતભરની RTO કચેરીમાં ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક માટેનું સર્વર છેલ્લા ૧૨ દિવસથી બંધ હતું. જે ૨૮ માર્ચથી ફરીથી કાર્યરત થતા ડ્રાઈવિંગ ટેસ્ટ માટે આવતા અરજદારોની મુશ્કેલીનો અંત આવ્યો છે. આજથી ફરી ડ્રાઈવિંગ ટેસ્ટ શરૂ થતાં અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ સહિતના જિલ્લાઓમાં આરટીઓ ખાતે અરજદારો ડ્રાઈવિંગ ટેસ્ટ આપવા માટે પહોંચ્યા હતાં. અમદાવાદ RTO દ્વારા દરરોજ લેવામાં આવતી અરજીઓમાં વધારો કરવામાં આવ્યો છે. જેમાં પહેલા ૩૫૦ જેટલી અરજીઓ લેવામાં આવતી હતી, જેમાં



૧૦૦ અરજીનો ઉમેરો કરી પેન્ડીગ કામને સરભર કરી દેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, સુરત આરટીઓમાં આજે ૫૦થી વધુ લોકોએ ટેસ્ટિંગ ટ્રેક ફરી શરૂ થતા ટેસ્ટ આપ્યો હતો.

ગુજરાતભરની RTO કચેરીમાં ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક માટેનું સર્વર છેલ્લા ૧૨ દિવસથી બંધ હતું. જે ૨૮ માર્ચથી ફરીથી કાર્યરત થતા ડ્રાઈવિંગ ટેસ્ટ માટે આવતા અરજદારોની મુશ્કેલીનો અંત આવ્યો છે. ફરી ડ્રાઈવિંગ ટેસ્ટ શરૂ થતાં અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ સહિતના જિલ્લાઓમાં આરટીઓ ખાતે અરજદારો ડ્રાઈવિંગ ટેસ્ટ આપવા માટે પહોંચ્યા હતાં. અમદાવાદ ઈ દ્વારા દરરોજ લેવામાં આવતી અરજીઓમાં વધારો કરવામાં આવ્યો છે. જેમાં પહેલા ૩૫૦ જેટલી અરજીઓ લેવામાં આવતી હતી, જેમાં ૧૦૦ અરજીનો ઉમેરો કરી પેન્ડીગ કામને સરભર કરી દેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, સુરત આરટીઓમાં ૫૦થી વધુ લોકોએ ટેસ્ટિંગ ટ્રેક ફરી શરૂ થતા ટેસ્ટ આપ્યો હતો.

# તળાવમાં ડૂબી જતાં બે પિતરાઈ ભાઈઓના મોત

## તળાવમાંથી ભેસો કાઢવા ગયા અને પાણીમાં ગરકાવ થઈ ગયા

સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર જિલ્લાના લીબડી તાલુકાના બળોલ ગામના તળાવમાં ડૂબી જતાં બે પિતરાઇ ભાઈઓના મોત થયા હોવાની ઘટના સામે આવી છે. મળતી માહિતી મુજબ સગીરવયના બંને પિતરાઇ ભાઈઓ તળાવમાંથી ભેસો કાઢવા ગયા હતા જે ઉંડા પાણીમાં ગરકાવ થઈ જતાં બંનેના મોત થયા હતા.

આ ઘટનાની જાણ થતાં પોલીસે તાકીદે ઘટના સ્થળે દોડી જઈ ફાયર વિભાગની મદદથી બંનેના મૃતદેહો બહાર કાઢીને પી.એમ. અર્થે હોસ્પિટલ ખાતે મોકલી આપી આગળની તપાસ હાથ ધરી છે.

# વડોદરા : ભાજપના નેતાએ નવી પાર્ટી ભાજપ (S) બનાવવાની કરી જાહેરાત

## કોંગ્રેસી નેતાઓની ભરતીથી પાયાના કાર્યકરોમાં નારાજગી

ભાજપના નેતા અરવિંદ સિંધાએ ભાજપ(S) એટલે કે, શ્યામા પ્રસાદ મુખર્જી ટીમ બનાવવાની જાહેરાત કરી છે. ટૂંક સમયમાં ચૂંટણીપંચમાંથી મંજૂરી મેળવી આવનારી ચૂંટણીઓમાં ભાજપમાં કોંગ્રેસમાંથી આવેલા અસંતુષ્ટ થયેલ ઉમેદવાર, નેતા અને કાર્યકરોને ચૂંટણીનાં ઉમેદવારો જાહેર કરીને ચૂંટણી લડાવવાની વાત તેઓએ કરી છે અને ચૂંટણી પંચ પાસે ભાજપ(S) નું ચૂંટણી ચિન્હ 'હાથમાં કમળ' મેળવવામાં આવશે.

અરવિંદ સિંધાએ જણાવ્યું હતું કે, આઝાદી પછીની વડાપ્રધાન જવાહરલાલ નહેરુની સરકારના ઉદ્યોગમંત્રી શ્યામા પ્રસાદ મુખર્જીએ હિન્દુ વિચારધારાને લઈને ભારતીય જનસંઘની સ્થાપના, વર્ષ ૧૯૫૧માં કરી હતી.

જેને લઈને આજે અમે ભાજપ(S) ની સ્થાપના કરી રહ્યા છે. ભારતીય જનતા પાર્ટી (S) ઉભી કરવાનું કારણ એ છે કે, અત્યારે ભાજપમાં કોંગ્રેસી નેતા અને કાર્યકરોની ભરતી થવાથી ભાજપના મૂળ પાયાના કાર્યકરોમાં નારાજગી જોવા મળી છે અને ઠેર-ઠેર વિરોધ કરવામાં આવી રહ્યો છે. જેથી ભાજપની છબી ખરડાઈ રહી છે. તેથી, હાલની લોકસભાની ચૂંટણીમાં મતદારો ગૂંચવાઈ ગયા છે.

# બનાવટી પાસપોર્ટ બનાવીને ગેરકાયદે રહેતા બાંગ્લાદેશીની કરાઈ ધરપકડ

અમદાવાદ

ગેરકાયદે ભારતમાં ઘુસીને બનાવટી પાસ્પોર્ટ બનાવીને ગેરકાયદે રહેતા બાંગ્લાદેશીની ક્રાઈમ બ્રાંચે ધરપકડ કરી છે. તેની પાસેતી પોલીસે ચૂંટણી કાર્ડ, આધાર કાર્ડની ઝેરોક્ષ મળી આવી હતી. તપાસમાં આરોપી ૨૦૦૧ થી ભારતમાં ગેરકાયદે રહેતો હોવાની ચોંકાવનારી માહિતી બહાર આવી હતી.

આ કેસની વિગત મુજબ પોલીસને માહિતી મલી હતી કે મોહંમદ લાબુ સરદાર નામનો શખ્સ ચંડોળા તળાવના છાપરા ખાતે ગેરકાયદે રહે છે અને બાંગ્લાદેશી પાસપોર્ટ ધરાવે છે. તે સિવાય તેણે ખોટા દસ્તાવેજોને આધારે ભારતીય પાસપોર્ટ મેળવેલો છે. ઉપરાંત તે ગેરકાયદે બાંગ્લાદેશી નાગરિકોને અહીં લાવે છે. જેને આધારે પોલીસે પાસપોર્ટ ઓફિસ, બેન્કો તથા સીમકાર્ડ કંપનીઓમાંથી આ અંગેની માહિતિ મેળવી હતી. જેમાં પાસપોર્ટ ઓફિસમાંથી ભારતીય પાસપોર્ટની નકલ, ચૂંટણી કાર્ડ, જન્મતારીખના દાખલાની નકલ તેમજ બેન્કોના એકાઉન્ટ સ્ટેટમેન્ટ અને સીમકાર્ડ કંપનીમાંથી આધારકાર્ડની ઝેરોક્ષ મેળવી હતી. જેની ખરાઈ કર્યા બાદ આરોપીની શોધ હાથ ધરી હતી.

તપાસને અંતે ક્રાઈમ બ્રાંચે આ કેસમાં મુળ બાંગ્લાદેશના નોડાઈલ જીલ્લાના પાચુડીયાના રહેવાસી તથા અમદાવાદમાં ચંડોળા તળાવના છાપરા આયશા બીબીની ચાલી સામે રહેતા મોહંમદ લાભુ મોહંમદખલીલ સરદાર (૪૨)ની ધરપકડ કરી હતી. વધુ તપાસમાં આરોપી ૨૦૦૧થી ભારતમાં ગેરકાયદે રહેતો હોવાનું બહાર આવ્યું હતું.

# ૩ દિવસથી અમદાવાદની આ ડેરી-હોટલ પર ITના દરોડા યથાવત

## ૨૫ બેંક એકાઉન્ટ, ૨૦ લોકર સીઝ : ૫૦૦ કરોડના શંકાસ્પદ વ્યવહાર ઝડપાયા

અમદાવાદ

અમદાવાદમા IT વિભાગનું સર્ચ ત્રીજા દિવસે પણ યથાવત્ રહ્યુ છે. ગોપાલ ડેરી અને રિવર વ્યૂ હોટલમાં ITનું સર્ચ ઓપરેશન ચાલી રહ્યુ છે. સુત્રોનું માનીએ તો ITના દરોડામાં ૫૦૦ કરોડના શંકાસ્પદ વ્યવહાર ઝડપાયા છે. આઈટીના અધિકારીઓએ રિવર વ્યૂ હોટલના સંચાલકોના ઘર-ઓફિસમાંથી દસ્તાવેજો જપ્ત કર્યા છે. અત્યાર સુધી દોઢ કરોડની રોકડ રકમ ઝડપાઈ છે. જ્યારે IT વિભાગે ૨૫ બેંક ખાતા અને ૨૦ લોકર સિઝ કર્યા છે.

અમદાવાદમાં આયકર વિભાગના દરોડા ત્રીજા દિવસે પણ યથાવત છે. ગોપાલ ડેરી અને આશ્રમ રોડ પરની રિવર વ્યૂ હોટલ પર તપાસ ચાલી રહી છે. ૨૦થી વધુ જગ્યા ઉપર ઈન્કમટેક્સ વિભાગે કાર્યવાહી કરી છે. જેમાં ૭૫થી વધુ અધિકારીઓ તપાસમાં જોડાયા છે. દરોડામાં કરોડો રૂપિયાના બિન હિસાબી વ્યવહારો પકડાયા છે. ગોપાલ ડેરીના બિન હિસાબી વ્યવહારો તપાસવા ટેકનીશિયનો અને નિષ્ણાંતોની મદદ લેવાઈ છે.

# વડોદરામાં પાણીગેટ વિસ્તારમાં ચા પીતા યુવક બન્યો હાર્ટએટેકનો શિકાર



વડોદરા,

વડોદરાના પાણીગેટ વિસ્તારમાં ચા પીતા એક યુવકને હાર્ટએટેક આવ્યો. યુવકની હાર્ટએટેકથી મોત થતા પરિવારમાં શોકનો માહોલ જોવા મળ્યો. પાણીગેટ વિસ્તારમાં રહેતો યુવકનું હાર્ટએટેકના કારણે મોત થયું. અનિલ ચૌહાણ નામનો યુવક ચા પીતો હતો ત્યારે અચાનક છાતીમાં દુ:ખાવો ઉપડ્યો અને તબીબી સારવાર મળે તે પહેલા જ મૃત્યુ પામ્યો.

રાજયભરમાં છેલ્લા કેટલાક સમયથી ફરી હાર્ટએટેકનાકિસ્સાઓમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. છેલ્લા ૧૫ દિવસથી ફરી યુવાનો હાર્ટએટેકના કારણે મૃત્યુ પામતા હોવાની ઘટનાઓ સામે આવી રહી છે. એક જિમ ટ્રેનર જેના નખમાં પણ રોગ નહોતો તેનું હાર્ટએટેકના કારણે મોત થયું. જ્યારે અગાઉ

# મોરબીમાં ઓનર કિલીંગ : માતા-પિતા અને મોટી પુત્રીએ મળીને નાની પુત્રીની કરી હત્યા

**પરિવારે પોતાનું સત્ય બહાર ન આવે તે માટે સગીરાનું મોત હાર્ટ એટેકને કારણે થયુ હોવાની વાત ઉપજાવી નાંખી હતી**

મોરબી,

વાંકાનેરના દિઘડીયામાં ઓનર કિલિંગની ઘટના સામે આવી છે. પ્રેમી સાથે વાત કરવાનીના પાડવા છતા સગીરાએ સબંધ ચાલુ રાખ્યો હતો. જેના કારણે માતા, પિતા અને પુત્રીએ ભેગા મળીને સગીરાની હત્યા નિપજાવી નાંખી હતી. દિઘડીયામાં ઘરના જ હત્યારા બન્યા છે. પિતા મહેશ ગોંડલિયા, માતા સુરેખા ગોંડલિયા અને બહેન હિરલ વિરુદ્ધ રિંકલ ગોંડલિયાની હત્યાનો ગુનો નોંધાયો છે. આ સમગ્ર મામલે વાંકાનેર તાલુકા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પરિવારે પોતાનું સત્ય બહાર ન આવે તે માટે સગીરાનું મોત હાર્ટ એટેકને કારણે થયુ હોવાની વાત ઉપજાવી નાંખી હતી. જોકે, આ કેસમાં તપાસ કરાતા આખું સત્ય બહાર આવ્યુ છે. આ સમગ્ર મામલે વાંકાનેર તાલુકા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે મળતી પ્રાથમિક વિગત પ્રમાણે, વાંકાનેરના દિઘડીયામાં ચકચાર મચાવતી ઘટના સામે આવી છે. આ ગામની એક સગીર દીકરી રિંકલ ગોંડલિયાનું તેના માતા, પિતા અને બહેને જ મળીને હત્યા કરી નાંખી છે. આ સગીરાનો એક યુવક સાથે સંબંધ હતો. પરિવારે આ સગીરાને અનેકવાર તેની સાથે બોલવાની ના પાડી હતી. પરંતુ સગીરાએ તેમનું ન માનતા પરિવારે તેની હત્યા કરી નાંખી છે.

# અમદાવાદના બોપલમાં ફાયરિંગ મુદ્દે બે આરોપીઓની ધરપકડ

અમદાવાદ,

અમદાવાદના ઘુમા ગામ પાસે ગતરાતે ૩ વાગ્યે મેરી ગોલ્ડ રોડ ૧૦ શખ્સોએ બાનમાં લઈ રીતસરનો આતંક મચાવ્યો હતો. બિલ્ડર ઉપેન્દ્રસિંહ ચાવડાની ગાડીને આંતરી હુમલો કર્યો હતો. આથી સ્વ-બચાવમાં ઉપેન્દ્રસિંહે ૨ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું.

ફાયરિંગ અને નાસભાગનો વીડિયો સામે આવ્યો છે. જેમાં ફિલ્મને ટક્કર મારે તેવાં દ્રશ્યો કેદ થયાં છે.રાજેન્દ્રસિંહ સોલંકી અને બોપલના અનિલસિંહ પરમારની બોપલ પોલીસે ધરપકડ કરી છે.તો અન્ય ૮ આરોપીઓ ફરાર છે.કેમ આ બબાલ થઈ તેને લઈ પોલીસે ઉંડાણપૂર્વક તપાસ હાથધરી છે.

હુમલાખોરોએ બિલ્ડરની ગાડી પર પણ હુમલો કરી નુકશાન પહોંચાડયું હતું. બિલ્ડરે સ્વબચાવમાં પોતાની લાયસન્સવાળી બંદૂકથી ફાયરિંગ કર્યુ હોવાનો ખુલાસો થયો છે. પોલીસે બંન્ને પક્ષોની ફરિયાદ પરથી આગળની તપાસ હાથધરી છે.વિજયસિંહ ભુવા નામના મહંતને મળવા નહી આવવાનું કહી આ હુમલો કરવામાં આવ્યો હતો.

# સાબરકાંઠામાં શોભનાબેનની હાજરીમાં ભીખાજી ઠાકોરના સમર્થકોએ કર્યો વિરોધ

હિંમતનગર,

સાબરકાંઠા લોકસભા બેઠક પર મહિલાને ટીકીટ આપતાની સાથે જ ભીખાજીનાં સમર્થકો દ્વારા રાજીનામાં આપી દીધા હતા. ત્યારે હજુ પણ આ વિવાદ શાંત થવાનું નામ લેતો નથી. આજે કાર્યકરો દ્વારા ભાજપ કાર્યાલય પર વિરોધ પ્રદર્શન કરતા પોલીસ બોલાવવાની ફરજ પડી હતી.

સાબરકાંઠા લોકસભા બેઠક પર છેલ્લા ૩ દિવસથી વિરોધ યથાવત છે. ત્યારે અરવલ્લી ભાજપ કાર્યાલય ખાતે ભીખાજીનાં સમર્થકો ફરી મેદાને ઉતર્યા છે. કાર્યાલયમાં ઉમેદવારોએ શોભનાબેન બારૈયાની હાજરીમાં વિરોધ કર્યો હતો. સાબરકાંઠા બેઠક પર ભીખાજી ઠાકોરે ટિકિટ આપવાની સમર્થકોની ઉગ્ર માંગ છે. ભાજપ કાર્યાલય પર વિરોધને લઈ કાર્યાલયનાં દરવાજા બંધ કરાવવાની ફરજ પડી હતી. ત્યારે વિરોધ કરી રહેલા કાર્યકરોને અટકાવવા પોલીસ બોલાવવી પડી હતી.

આ બાબતે ભીખાજી ઠાકોરનાં સમર્થકે જણાવ્યું હતું કે, આયાતી ઉમેદવાર જે આવ્યા છે. તેનો અમે સખ્ત વિરોધ કરીએ છીએ. તેમજ અમે ભીખાજીનાં વિરોધમાં આવ્યા છીએ. અને ભીખાજીને ટીકીટ મળવી જોઈએ તેવી અમારી માંગ છે.

ભારતીય જનતા પાર્ટીએ પહેલા ભારતીય જનતા પાર્ટીને ટિકીટ આપી હતી. જે બાદ ખીભાજી દ્વારા પ્રચાર શરુ કર્યા બાદ ટિકીટ પાછી ખેંચી છે.

# ઓસ્ટ્રેલિયાથી અમદાવાદની ઓફિસમાં મૃતદેહ પહોંચી ગયો

અમદાવાદ,

અમદાવાદ એરપોર્ટ ઓથોરિટીની ગંભીર બેદરકારીઓ અવારનવાર સામે આવતી રહે છે. જેના કારણે અનેકો લોકોને ગંભીર પરિણામનો સામનો કરવો પડે છે. ત્યારે આવમાં વધુ એકવાર એરપોર્ટ ઓથોરિટીની ગંભીર બેદરકારી સામે આવી છે. જણાવીએ કે એક ભારતીયનું ઓસ્ટ્રેલિયામાં મોત થયું હતું જે બાદ તેઓનો મૃતદેહ ભારત લાવવામાં આવ્યો હતો. ઓસ્ટ્રેલિયાથી એર ઈન્ડિયાનો ફલાઈટમાં મૃતદેહને અમદાવાદ એરપોર્ટ પર મોકલવામાં આવ્યો હતો. જે બાદ એરપોર્ટ ઓથોરિટી દ્વારા આ મૃતદેહને એરપોર્ટ પર સગાસંબંધીની જગ્યાએ કોઇ ત્રીજી વ્યક્તિને સોંપી દેવામાં આવ્યો હતો. જ્યારે પરિવારજનો મૃતદેહ લેવા માટે અમદાવાદ એરપોર્ટ પહોંચ્યા તો તેઓને જાણવા મળ્યું કે સગાસંબંધીની સહી વિના જ અન્ય જગ્યાએ પાર્સલ કરવામાં આવ્યો છે.

આપને જણાવી દઈએ કે, ઓસ્ટ્રેલિયામાં રહેતા અને મૂળ સુરેન્દ્રનગરના જીલ ખોખરાનું મોત થયું હતું. જે બાદ તેઓનો મૃતદેહ ને એર ઈન્ડિયા ફલાઈટમાં ઓસ્ટ્રેલિયાથી અમદાવાદ લાવવામાં આવ્યો હતો.

# ગાંધીનગર મનપા કોંગ્રેસ મુક્ત : ફક્ત બે જ કોર્પોરેટરો હતા બંનેના રાજીનામા

ગાંધીનગર,

લોકસભા ચૂંટણી પહેલા સંગઠન ક્ષેત્રે કોંગ્રેસને એક બાદ એક નુકસાન થઈ રહ્યુ છે. કોંગ્રેસના બે કોર્પોરેટરે રાજીનામુ આપતા ગાંધીનગર મહાપાલિકા કોંગ્રેસ મુક્ત બની છે. કોંગ્રેસના અંકિત બારોટ અને ગજેન્દ્રસિંહ વાઘેલા ભાજપમાં જોડાશે. ગાંધીનગર કોર્પોરેટરમાં કોંગ્રેસના ફક્ત ૨ કોર્પોરેટર હતા. કોંગ્રેસના બન્ને કોર્પોરેટરના રાજીનામાથી મહાપાલિકા કોંગ્રેસમુક્ત બની છે. ગાંધીનગર લોકસભા બેઠક પરથી કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને ભાજપે રીપીટ કર્યા છે. ત્યારે તેમને ૧૦ લાખ કરતા વધુ લીડથી જીતાડવા માટે સંગઠન દ્વારા મતદારો સુધી પહોચી રહ્યા છે. ત્યારે ગાંધીનગર મહાનગરપાલિકામાં પણ બીજેપી મજબુત બની રહી છે. મનપાની વાત કરીએ તો ગાંધીનગર મનપાની કુલ




૪૪ બેઠકોમાંથી ૪૧ ભાજપ પાસે છે. અને કોંગ્રેસ પાસે બે બેઠકો હતી. પરંતુ કોંગ્રેસના બે કોર્પોરેટર અંકિત બારોટ અને ગજેન્દ્રસિંહ વાઘેલાએ પણ કોંગ્રેસમાંથી રાજીનામું આપી દેતા મનપા કોંગ્રેસ મુક્ત બની છે.

# જામનગરમાં રોકાણકાર કંપનીના સંચાલકો દ્વારા કરોડોનું કૌભાંડ

## જામનગર સહિતના સંખ્યાબંધ લોકોની રકમ રોકાણના બહાને મેળવી લઈ ચાર ભાગીદારો છુ મંતર થઈ ગયાની પોલીસ ફરિયાદ

જામનગર : જામનગરમાં પંડિત નહેરૂ માર્ગ પર એક બિલ્ડિંગમાં આવેલી ખાનગી રોકણકાર કંપનીના સંચાલકોએ જામનગર સહિતના સંખ્યાબંધ લોકોની કરોડોની રકમ રોકાણના અને માસિક ઊંચુ વળતર આપવાના બહાને મેળવી લીધા પછી રકમ પરત આપ્યા વિના તમામ સંચાલકો ભાગી છૂટ્યા હતા, અને કંપનીને ઓફિસને તાળા લાગી ગયા છે. જેથી રોકાણકારોએ ખાનગી કંપનીના ચાર ભાગીદારો સામે પોલીસમાં છેતરપિંડીનો ગુનો નોંધવામાં આવ્યો છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં પંડિત નહેરુ માર્ગ પર ન્યુ એટલાન્ટિક બિલ્ડિંગમાં ક્રેડિટબુલ્સ નામની કંપની આવેલી છે, જે ખાનગી પેઢીમાં જામનગર સહિતના જુદા જુદા લોકોને માસિક ઊંચા વળતરના બહાને જુદી જુદી સ્કીમમાં નાણાનું રોકાણ કરાવી માસિક વળતર આપવાની લાલચ આપી હતી. અને છેલ્લા બે વર્ષના સમયગાળા દરમિયાન સંખ્યાબંધ લોકો ના નાણા નું રોકાણ કરાવ્યું હતું, જે રકમ કરોડોમાં થવા જાય છે.


શરૂઆતમાં કેટલાક લોકોને દર મહિને તેઓના ખાતામાં વળતરની મોટી રકમ જમાવી કરાવી દેવાની લાલચ આપી હતી, ત્યારબાદ કંપનીના સંચાલકો છેલ્લા બે વર્ષના સમયગાળા દરમિયાન અનેક લોકોના નાણાંનું રોકાણ કરાવ્યા પછી પેઢીને તાળા મારી બારોબાર રફુચક્કર થઈ ગયા હતા, અને પેઢીના જુદા જુદા ચાર ભાગીદારોના મોબાઈલ ફોન પણ સ્વીચ ઓફ થઈ ગયા હતા.

છેલ્લા કેટલાક સમયથી રોકાણકારો કે જેઓનું વોટસએપ ગ્રુપ બનાવ્યું હતું, તેના માધ્યમથી એકબીજાના સંપર્કમાં આવ્યા હતા, અને કંપનીની ઓફિસ તથા અન્ય સ્થળો પર શોધવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ કોઈ પત્તો નહીં સાંપડતા આખરે મામલો જામનગરના જિલ્લા પોલીસવડા સમક્ષ લઈ જવામાં આવ્યો હતો, અને એસ.પી. પ્રેમસુખ ડેલુની સૂચનાથી ચિટિંગ કરનારા ખાનગી પેઢીના ચાર સંચાલકો સામે ગુનો નોંધવા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

રોકાણકારો પૈકીના જામનગરના એક વેપારી કેયુરભાઈ વિજયભાઈ સુરેલીયાએ પોતાની રૂપિયા પાંચ લાખની રકમ રોકાણના બહાને મેળવી લઈ છેતરપિંડી કરવા અંગે ક્રેડિટ બુલ્સ કંપનીના સી.ઇ.ઓ. અને ફાઉન્ડર જામનગરમાં પટેલ કોલોની શેરી નંબર ૧૧ માં રહેતા ધવલ દિનેશભાઈ સોલાણી ક્રેડિટબુલ્સ કંપનીના પાર્ટનર મુંબઈના ફર્જાના ઈરફાન અહેમદ શેખ, ક્રેડિટ બુલ્સ કંપનીના રિઝનલ હેડ જામનગરમાં સમર્પણ સર્કલ પાસે રહેતા પંકજ પ્રવીણભાઈ વડગામા, અને ક્રેડિત બુલ્સ કંપનીના હ્યુમન રિસોરસિંગ રિઝનલ જામનગરમાં પટેલ કોલોનીમાં રહેતા યશ દિનેશભાઈ સોલાણી સામે ફરિયાદ નોંધાવતા સીટી બી. ડિવિઝનના પી.એસ.આઇ જે.પી. સોઢા એ આઈપીસી કલમ ૪૩૦ અને ૧૨૦-બી મુજબ ગુનો નોંધ્યો છે, અને તમામ ચારેય આરોપીઓની શોધખોળ હાથ થઈ છે.

જામનગરના પટેલ કોલોની વિસ્તારમાં રહેતા બે સોલાણી બંધુઓ સહિતના ચાર ભાગીદારોનું આ કારસ્તાન હોવાનું જાણવા મળી રહ્યું છે, અને જામનગરના અથવા તો આસપાસના વિસ્તારના ૧૦૦ થી ૧૨૫ જેટલા રોકાણકારોની અંદાજે ૧૦૦ કરોડથી વધુની રકમ ચાંઉ કરીને ભાગી છુટ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. હાલમાં ૧૦ જેટલા રોકાણકારો સામે આવ્યા છે, જે તમામના પોલીસ દ્વારા નિવેદનો નોંધવામાં આવી રહ્યા છે.

# ખંભાળિયાના છેતરપિંડી પ્રકરણમાં બાર વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો



ખંભાળિયા : ખંભાળિયા તાલુકાના વાડીનાર ગામે આવેલી એક ખાનગી કંપનીમાં મોકલવામાં આવેલા રૂપિયા સવા સાત લાખની કિંમતના ફરનેસ ઓઈલને લઈ જઈ અને છેતરપિંડી આચરવા બદલ નોંધાયેલા ગુનામાં છેલ્લા ૧૨ વર્ષથી નાસતા ફરતા આરોપી એવા યુ.પી.ના એક શખ્સને ખંભાળિયા પોલીસે વલસાડ જિલ્લાના વાપી વિસ્તારમાંથી ઝડપી લીધો હતો.

આ સમગ્ર પ્રકરણની વિગત મુજબ ખંભાળિયા તાલુકાના વાડીનાર ગામે આવેલી એસ્સાર કંપનીમાં કામ કરતા એક કોન્ટ્રાક્ટર દ્વારા જી.જે. ૧૦ એક્સ. ૮૩૫૭ નંબરના એક ટેન્કર મારફતે મોકલવામાં આવેલા ૧૫,૪૯૦ ટન ફરનેસ ઓઈલ પૈકી રૂપિયા ૭,૨૩,૨૮૨ ની કિંમતનો ૭૯૮૦ ટન ફરનેસ ઓઈલનો જથ્થો ઓછો પહોંચાડતા આ અંગે તારીખ ૪-૧૧-૨૦૧૨ ના રોજ બે શખ્સો સામે આઈપીસી કલમ ૪૦૬, ૪૨૦ તથા ૧૧૪ મુજબ ગુનો નોંધાયો હતો.

આ પ્રકરણમાં અગાઉ ઉત્તર પ્રદેશ વિસ્તારમાં રહેતા અજયકુમાર કૈલાશનાથ યાદવ નામના શખ્સની તારીખ ૨૫-૬-૨૦૨૧ ના રોજ અટકાયત કરવામાં આવી હતી પરંતુ આ પ્રકરણમાં અન્ય એક આરોપી ઉત્તરપ્રદેશ રાજયના જોનપુર જિલ્લાના નાવદા ખાતે રહેતા સંતોષ ઉર્ફે મોનુ ફતેબહાદુર યાદવ નામનો શખ્સ ફરાર થઈ જતા પોલીસને હાથ લાગ્યો ન હતો. આ સમગ્ર પ્રકરણ અંગે ખંભાળિયાના પી.આઈ. બી.જે સરવૈયા તથા તેમની ટીમ દ્વારા સર્વેલન્સ સ્ટાફને સાથે રાખીને વર્કઆઉટ બાદ ૩૨ વર્ષીય ઉપરોક્ત શખ્સને વલસાડ જિલ્લાના વાપી ટાઉન પોલીસની મદદથી ઝડપી લેવામાં સફળતા મળી હતી. આ સમગ્ર કાર્યવાહી અહીંના પી.આઈ. બી. જે. સરવૈયા, હેમતભાઈ નંદાણીયા, ખીમાભાઈ કરમુર, જેઠાભાઈ પરમાર, દિવ્યરાજસિંહ જાડેજા, વિરેન્દ્રસિંહ જાડેજા, યોગરાજસિંહ ઝાલા તથા કાનાભાઈ લુણા દ્વારા કરવામાં આવી હતી.

# RTE અંતર્ગત પ્રવેશ મેળવવા માટે ઓનલાઈન અરજીનો સમયગાળો ૩૦ માર્ચ સુધી લંબાવવાયો

જામનગર : RTE ACT-૨૦૦૯ની કલમ ૧૨.૧ (સી) હેઠળ નબળા અને વંચિત જૂથનાં બાળકોને બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫નાં જુન માસથી શરૂ થતા નવા સત્ર અન્વયે ધોરણ-૧માં વિનામુલ્યે પ્રવેશ ફાળવવાની કાર્યવાહી અંતર્ગત https://rte.orpgujarat.com/ પર ઓનલાઈન અરજી કરવા અર્થે નિયામક, પ્રાથમિક શિક્ષણની કચેરી દ્વારા તા. ૦૫-૦૩-૨૦૨૪નાં રોજ જાહેરાત પ્રસિદ્ધ કરી તા. ૧૪-૦૩-૨૦૨૪ થી તા. ૨૬-૦૩-૨૦૨૪ સુધીમાં ઓનલાઈન અરજી કરવા અર્થે ૧૩ દિવસનો સમય આપવામાં આવેલ.

પરંતુ આ સમયગાળા દરમિયાન જાહેર રજાઓનાં કારણે અરજદારઓને આવકનો દાખલા, જાતિનાં દાખલા વગેરે જેવા આનુસાંગિક આધારો મેળવવામાં વિલંબ થતો હોવાના કારણે વિવિધ માધ્યમો થકી જિલ્લા કક્ષાએ તથા રાજ્ય કક્ષાએ RTE હેઠળ પ્રવેશ મેળવવા અર્થે અરજી કરવાની સમયમર્યાદા વધારી આપવા અર્થે રજુઆતો મળેલ. જે ધ્યાને લઈ ઈ્ઈ હેઠળ પ્રવેશ મેળવવા માટે ઓનલાઈન અરજી કરવાનો સમયગાળો તા. ૩૦-૦૩-૨૦૨૪, રાત્રીનાં ૧૨.૦૦ વાગ્યા સુધી લંબાવવામાં આવે છે. આથી, તા. ૨૭-૦૩-૨૦૨૪ થી ૩૦-૦૩-૨૦૨૪ દરમિયાન પ્રવેશ મેળવવા ઈચ્છુક અરજદારઓ ઓનલાઈન વેબપોર્ટલ https://te.orpgujarat.com/ પર જઈ અરજી કરી શકાશે. તેમ સંયુક્ત શિક્ષણ નિયામક ગાંધીનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જામનગરમાં યોજાનાર ગુજકેટની પરીક્ષા માટે તંત્ર સાબદુ

જામનગર : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તા.૩૧/૦૩/૨૦૨૪ના રોજ ગુજકેટ-૨૦૨૪ ની પરીક્ષા યોજાશે. આ પરીક્ષા દરમિયાન ચોરીના દુષણના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓને નિયમોનુસાર પરીક્ષા આપવામાં અડચણ થવાની સંભાવના રહે છે. પ્રશ્નપત્રો કે તેના તૈયાર ઉતરો કોપીયર મશીન દ્વારા સત્વરે તૈયાર થઈ પરીક્ષા ખંડમાં પહોંચવાથી તેમજ મોબાઈલ ફોનથી પરીક્ષાર્થીને મદદ કરવાના બનાવોના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓ નિયમ અનુસાર પરીક્ષા આપતા હોય તેવા વિદ્યાર્થીઓને માનસિક પરિતાપ થવાની સંભાવના રહેલી છે.

ઉક્ત તમામ બાબતોને ધ્યાનમાં રાખતા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ બી.એન.ખેર, જામનગર દ્વારા તેમને મળેલી સત્તાની રૂએ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જેમાં જાહેરાત કરાઈ છે કે, સમગ્ર જામનગર જિલ્લામાં ઉક્ત પરીક્ષા માટે નકકી કરાયેલા પરિશિષ્ટ મુજબના પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૧૦૦ મીટરના વિસ્તારની હદમાં કોપીયર મશીન દ્વારા કોપીનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ તથા અંગત ઉપયોગ માટે વપરાશ કરતા કોપીયર મશીન ધારકોએ અત્રે જણાવેલા પરિશિષ્ટ મુજબના પરીક્ષા કેન્દ્રોની આસપાસ આગામી તા.૩૧ માર્ચ દરમિયાન સવારના ૦૯:૩૦ કલાકથી સાંજના ૦૫:૦૦ કલાક સુધી તેઓના કોપીયર મશીનો દ્વારા પરીક્ષા વિષયક પત્રો કે દસ્તાવેજી કાગળોની નકલો કાઢવી નહીં.

આ ઉપરાંત અત્રે પરિશિષ્ટમાં જણાવેલા મુજબના પરીક્ષા કેન્દ્રોમાં કોઈપણ વ્યક્તિએ મોબાઈલ, ઈલેક્ટ્રોનિક સાધનો, કેલ્ક્યુલેટર, ઈલેક્ટ્રોનિક વોચ કે અન્ય અનાધિકૃત સાહિત્ય વગેરે સાથે પ્રવેશ કરવા પર અને પરીક્ષા કેન્દ્રોની આસપાસ લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. આ પ્રતિબંધાત્મક હુકમો સરકારી, અર્ધસરકારી કે જાહેર સાહસો સિવાયના સાહસોને લાગુ પડશે નહિ. આ હુકમનો ભંગ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ તળે શિક્ષાપાત્ર થશે. જામનગર જિલ્લામાં પરીક્ષા માટે જાહેર કરાયેલા પરીક્ષા કેન્દ્રોની યાદીમાં સજુબા સરકારી ગર્લ્સ હાઈસ્કૂલ યુનિટ-૧, સજુબા સરકારી ગર્લ્સ હાઈસ્કૂલ યુનિટ-૨, ડી.એસ.ગોજીયા વિદ્યાલય, એ.બી.વિરાણી કધયા વિદ્યાલય, જી.એસ.મહેતા કન્યા વિદ્યાલય, ડી.સી.સી. હાઈસ્કૂલ, નેશનલ હાઈસ્કૂલ, ભવન્સ એ.કે.દોશી વિદ્યાલય, એલ.જી.હરિયા સ્કૂલ યુનિટ-૧, એલ.જી.હરિયા સ્કૂલ યુનિટ-૨, જે.કે.સોની કન્યા વિદ્યાલય, પ્રણામી હાઈસ્કૂલ અને આર.આર.શાહ હાઈસ્કૂલનો સમાવેશ થાય છે.

# જામનગરમાં આવતીકાલે યોજાનાર CETની પરીક્ષા કેન્દ્રોના વિસ્તારમાં પ્રતિબંધાત્મક હુકમ જાહેર

જામનગર : આવતીકાલ તા.૩૦/૦૩/૨૦૨૪, શનિવારના રોજ સમગ્ર ગુજરાતમાં CETની પરીક્ષા યોજાનાર છે. પરીક્ષા દરમિયાન તેજસ્વી વિદ્યાર્થીઓને નિયમોનુસાર પરીક્ષા આપવામાં અડચણ થવાની સંભાવના રહે છે.

પરીક્ષાઓ દરમિયાન પ્રશ્નપત્રો અને તૈયાર ઉત્તરોની કોપી ઝેરોક્સ/કોપીયર મશીન દ્વારા મેળવીને અને પરીક્ષાખંડમાં મોબાઈલ ફોનથી પરીક્ષાર્થીઓને મદદ થતી હોવાથી તેજસ્વી વિધાર્થીઓને અન્યાય થતો અટકાવવા માટે જામનગર જિલ્લાના નિયત કરાયેલા પરીશિષ્ટ મુજબના પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૧૦૦ મીટર વિસ્તારની હદમાં આવેલા કોપીયર મશીન દ્વારા કોપીનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ, અંગત વપરાશકર્તાઓએ તા.૩૦/૦૩/૨૦૨૪ને શનિવારના રોજ સવારના ૯:૩૦ કલાકથી બપોરના ૨:૦૦કલાક સુધી કોપીયર મશીનો દ્વારા પરીક્ષા વિષયક પત્રો, દસ્તાવેજી કાગળોની નકલો કાઢવા પર તેમજ પરીક્ષા કેન્દ્રોમાં કોઈપણ વ્યક્તિ મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણો તેમજ અનધિકૃત સાહિત્ય સાથે પ્રવેશ કરવા પર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ બી. એન. ખેર દ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામામાં પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. આ હુકમનો ભંગ કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે. હુકમ સરકારી, અર્ધસરકારી અને જાહેર સાહસો સિવાયના કોપીયર મશીન વપરાશકર્તાઓને લાગુ પડશે નહીં.

# જામનગરમાં ઓશવાળ શિક્ષણ શાળાના ગ્રાઉન્ડમાં એડમીશન ઓપનના પાટિયા લાગતાં આવેદન



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં ઓશવાળ શિક્ષણ રાહત સંઘ દ્વારા સંચાલિત શાળાની કમ્પાઉન્ડ વોલ ઉપર એડમિશન ઓપનનું બોર્ડ લાગ્યા બાદ લોકોએ ૭૩ જ્ઞાતિજનોની સહી સહિતનું આવેદન કલેકટર તથા જિલ્લા શિક્ષણાધિકારીને આપ્યું છે.

ઓશવાળ સમાજના લોકો દ્વારા શિક્ષણ અને વહિવટી તંત્રને કલર ફોટોઝ સાથે અપાયેલા આવેદનમાં જણાવાયું છે કે, જામનગરમાં ઈન્દિરા માર્ગ પર આવેલી ઓશવાળ ઈંગ્લીશ એકેડમી ચાલી રહી છે. જેમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહયા છે. આ શાળાવાળી જગ્યાના ગ્રાઉન્ડની દિવાલ ઉપર હાલ ચોકકસ નામ સાથેનું બોર્ડ એડમીશન ઓપન લાગેલું છે. જેમાં કેમ્બ્રીજ યુનિવર્સિટી, સીબીએસઈ તથા જીએસઈબી તેમજ જુદા જુદા ૩ શિક્ષણ બોર્ડના કોર્સનો ઉલ્લેખ કરાયો છે. એક જ બિલ્ડીંગમાં ૩ અલગ અલગ બોર્ડનો તેઓની શાળા શરૂ કરવા મંજૂરી આપે નહીં તેથી આ અંગે તાત્કાલિક તપાસ કરાવવા અને મંજૂરી વગર કોઈ એડમિશન પ્રક્રિયા થતી હોય તો ફલિત કરવા જવાબદારો સામે ધોરણસરની કાર્યવાહી કરવા આવેદનમાં જણાવાયું છે.

આ સ્થળે ચાલતી શાળાના બિલ્ડીંગની જગ્યાના માલિકી અધિકાર અને મીલકત અન્ય કોઈ વ્યકિત કે સંસ્થાને ભાડે આપવા જરૂરી સતા અને અધિકારના મુદાની પણ નોંધ લેવા અંગે માંગ કરવામાં આવી છે. આ રજૂઆત વખતે સુભાષ ગડા, વિજય ગડા, ભાવેશ હરિયા તથા પંકજ માલદે, હિતેશ ચંદરિયા અને અજય દોઢિયા વગેરે હાજર રહયા હતા.

# જામનગરમાં મુખ્યમંત્રી જ્ઞાન સાધનાની પરીક્ષા કેન્દ્રોના વિસ્તારમાં પ્રતિબંધાત્મક હુકમ જાહેર

જામનગર : આવતીકાલ તા.૩૦/૦૩/૨૦૨૪, શનિવારના રોજ સમગ્ર ગુજરાતમાં મુખ્યમંત્રી જ્ઞાન સાધનાની પરીક્ષાઓ યોજાનાર છે. પરીક્ષા દરમિયાન તેજસ્વી વિદ્યાર્થીઓને નિયમોનુસાર પરીક્ષા આપવામાં અડચણ થવાની સંભાવના રહે છે.

પરીક્ષાઓ દરમિયાન પ્રશ્નપત્રો અને તૈયાર ઉત્તરોની કોપી ઝેરોક્સ/કોપીયર મશીન દ્વારા મેળવીને અને પરીક્ષાખંડમાં મોબાઈલ ફોનથી પરીક્ષાર્થીઓને મદદ થતી હોવાથી તેજસ્વી વિદ્યાર્થીઓને અન્યાય થતો અટકાવવા માટે જામનગર જિલ્લાના નિયત કરાયેલા પરીશિષ્ટ મુજબના પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૧૦૦ મીટર વિસ્તારની હદમાં આવેલા કોપીયર મશીન દ્વારા કોપીનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ, અંગત વપરાશ કર્તાઓએ તા.૩૦/૦૩/૨૦૨૪ને શનિવારના રોજ બપોરનાના ૨:૦૦ કલાકથી સાંજના ૬:૦૦કલાક સુધી કોપીયર મશીનો દ્વારા પરીક્ષા વિષયક પત્રો, દસ્તાવેજી કાગળોની નકલો કાઢવા પર તેમજ પરીક્ષા કેન્દ્રોમાં કોઈપણ વ્યક્તિ મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણો તેમજ અનધિકૃત સાહિત્ય સાથે પ્રવેશ કરવા પર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ બી. એન. ખેર દ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામામાં પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. આ હુકમનો ભંગ કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે. હુકમ સરકારી, અર્ધસરકારી અને જાહેર સાહસો સિવાયના કોપીયર મશીન વપરાશકર્તાઓને લાગુ પડશે નહીં.

# જામનગરના બે પૂર્વ રણજી ક્રિકેટરના નામની ટૂર્નામેન્ટ યોજી અપાશે અંજલિ

જામનગર : જામનગરના બે દિવંગત પૂર્વ રણજી ખેલાડીઓના માનમાં જામનગર ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિએશન દ્વારા ક્રિકેટ બંગલા ખાતે વનડે સિઝન બોલ ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો આરંભ રવિવાર, તા. ૭મી એપ્રિલના રોજ કરવામાં આવશે.

એક સમયે કપિલ દેવની બરાબરીના ગણાતા સૌરાષ્ટ્રના ફાસ્ટ બોલર રાજેન્દ્રસિંહ જાડેજાનું ૨૦૨૧માં નિધન થયું હતું. આ જ રીતે ક્રિકેટર સલીમ દુરાન સાથે નાનપણથી ખેલતા રહેલા પૂર્વ રણજી ટ્રોફિ પ્લેયર અને સલીમ દુરાનીના જીગરજાન મિત્ર એવા વામનભાઈ જાનીનું ગત્ વર્ષ્રો અવસાન થયા બાદ બન્ને ક્રિકેટરોને શ્રધ્ધાંજલિ આપવા અને તેઓના માનમાં જામનગર ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિએશન દ્વારા રાજેન્દ્રસિંહ જાડેજા (ઓપન સિનિયર) અને વામનભાઈ જાની કપ (અંડર ૧૪) વન ડે ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વનડેના આંતરરાષ્ટ્રીય નિયમ મુજબ ૪૦–૪૦ ઓવરના મેચ રમાડવામાં આવશે. જે માહિતી સંસ્થાના પ્રમુખ અજયભાઈ સ્વાદિયા, ઉપપ્રમુખ વિનુભાઈ ધ્રુવ, પૂર્વ રણજી ખેલાડી કશયપ મહેતા (કેસી), ભરતભાઈ મથ્થરએ આપી હતી. આ ટૂર્નામેન્ટનું ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૩૦ માર્ચ છે. ડ્રો. તા. ૩૧ના રોજ થશે તેમજ તા. ૭ એપ્રિલથી ટૂર્નામેન્ટનો પ્રારંભ થશે.

# ધ્રોળના રહેણાંક મકાનમાંથી ૩૫ બોટલ દારૂ ઝડપાયો

જામનગર : જામનગર જિલ્લાના ધ્રોળ ખાતે ગાયત્રીનગરમાં રહેતો એક શખ્સ દારૂનું વેચાણ કરી રહયો હોય તેવી બાતીમના આધારે પોલીસે તેના રહેણાંક મકાનમાં દરોડો પાડયો હતો. જયાં મકાનમાંથી ૩૫ બોટલ ઈંગ્લીશ દારૂ મળી આવ્યો હતો. જેથી મુદ્દામાલ સાથે આરોપીની ધરપકડ કરી હતી. જ્યારે દારૂ સપ્લાય કરનાર એક શખ્સને ફરાર જાહેર કરવામાં આવ્યો છે.

ધ્રોળ ખાતે ગાયત્રીનગરમાં રહેતો તેમજ ડ્રાઈવીંગનો ધંધો કરતો છગન ઉર્ફે ભૂરો વિહાભાઈ બાંભવા નામનો યુવાન દારૂનું વેચાણ કરી રહયો છે તેવી બાતમીના આધારે પોલીસે તેમના રહેણાંક મકાનમાં દરોડો પાડયો હતો. જ્યાં સ્થળ પરથી રૂા. ૧૭,૫૦૦ની કિંમતની ૩૫ બોટલ ઈંગ્લીશ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. આથી પોલીસે મુદ્દામાલ સાથે આરોપી છગન ઉર્ફે ભૂરા બાંભવાની ધરપકડ કરી છે. જ્યારે દારૂનો જથ્થો સપ્લાય કરનાર વાંકાનેરનો રહેવાસી કિશન નામના શખ્સને ફરારી જાહેર કરી તેની શોધખોળ હાથ ધરી છે.

# ભાટિયામાં આવતીકાલથી શ્રીમદ ભાગવત સપ્તાહ

ભાટિયા : ભાટિયાના કાશી વિશ્વનાથ ઉત્સવ સમિતિ તથા કૃષ્ણનગર વિસ્તારના રહેવાસીઓ દ્વારા તા. ૩૦ થી ૫ એપ્રિલ સુધી કાશી વિશ્વનાથ મંદિર પટાંગણમાં શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ પારાયણ ભાટિયા ગામના યુવાન શાસ્ત્રી સંદીપભાઈ આરંભડિયાના સુમધૂર કંઠે રસપાન કરાવવામાં આવશે.

કથાશ્રવણ દરરોજ સવારે ૯ થી ૧૨ અને બપોરે ૩ થી ૬ દરમ્યાન સંગીતમય સુરાવલીમાં કરાવવામાં આવશે. તો ભાટિયા તથા આજુબાજુના ગ્રામજનોને લાભ લેવા આયોજકો દ્વારા અનુરોધ કરાયો છે.



ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર



ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ- 2024

આટલું કરીએ

1. GUJCET-2024ની પરીક્ષાનું Admission Card (Hall Ticket) ડાઉનલોડ કરી તેમાં દર્શાવેલ પરીક્ષાનું સ્થળ (Examination Building) જાણીને તે સ્થળ ક્યાં છે તેની જાણકારી મેળવી લઈએ.
2. Admission Card (Hall Ticket)માં દર્શાવેલ પરીક્ષા સ્થળ અને તમારા નિવાસસ્થાન વચ્ચેનું અંતર અને મુસાફરી માટેના સમયની ગણતરી કરી પરીક્ષા સમય પહેલાં પહોંચવાનું સુનિશ્ચિત કરીએ.
3. Admission Card (Hall Ticket)માં "Important Information for GUJCET (Time Schedule)" ધ્યાને લઈ જે તે વિષય માટે પરીક્ષા શરૂ થવાના અડધો કલાક પહેલાં પરીક્ષાખંડમાં પ્રવેશ મેળવી લેવાનો રહેશે.
4. Admission Card (Hall Ticket)માં આપના ગ્રુપ મુજબના વિષયોની પરીક્ષાનો સમય ધ્યાનમાં રાખશો.
5. પરીક્ષાસ્થળમાં પ્રવેશ માટે Admission Card (Hall Ticket)ની સાથે આધાર કાર્ડ/ડ્રાઈવિંગ લાઈસન્સ/ ધોરણ-12ની મુખ્ય પરીક્ષાનું Admission Card (Hall Ticket) ઓળખના પૂરાવા તરીકે લઈ જવાના રહેશે.
6. OMR Sheet (ઉત્તરપત્રિકા)માં પ્રત્યુત્તર માટેની નિયત જગ્યામાં ફક્ત કાળી શાહીવાળી બૉલપેન વડે ● (વર્તુળ) કરવું.
7. પ્રશ્નપુસ્તિકામાં રફકામ માટે નિયત જગ્યા આપવામાં આવેલ હોય છે, તે જ જગ્યામાં રફકામ કરવું.
8. ગણતરી કરવા માટે સાદું ગણનયંત્ર (સાદું કેલક્યુલેટર) વાપરી શકાશે.
9. જે તે વિષયની પ્રશ્નપુસ્તિકાના મુખ્ય પેજ ઉપર છાપવામાં આવેલ "મહત્વની સૂચનાઓ" ધીરજથી અવશ્ય વાંચીને તે મુજબ અનુસરવું.
10. OMR ઉત્તરપત્રિકાની પાછળના ભાગે પ્રત્યુત્તર આપવા માટેની સૂચનાઓ ધ્યાનથી વાંચીને વિકલ્પ આપવાની સાચી રીત મુજબ કોઈ એક જ વર્તુળમાં કાળી શાહીવાળી બૉલપેનથી વર્તુળ ઘાટું (●) કરવાની પદ્ધતિ અનુસરીએ.



આટલું ન કરીએ

1. પરીક્ષા સ્થળ ખાતે કોઈપણ પ્રકારનું સાહિત્ય, ઇલેક્ટ્રોનિક ગેજેટ, સાયન્ટિફિક કેલ્ક્યુલેટર, સ્માર્ટ વૉચ, મોબાઈલ ફોન વગેરે જેવા ઉપકરણો ન લઈ જઈએ.
2. ઉતાવળમાં ભૂલથી પણ મોબાઈલ ફોન સાથે રહી જાય નહિ તેની ચકાસણી પરીક્ષા સ્થળમાં પ્રવેશતાં પહેલાં કરી લઈએ.
3. OMR ઉત્તરપત્રિકામાં જવાબ માટે વર્તુળ કરવા માટે કાળી શાહીવાળી બૉલપેન સિવાય અન્ય કોઈ પેન કે પેન્સિલનો ઉપયોગ ન કરીએ.

સફળતાની શુભકામનાઓ


સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## ઉનાળાનો આરંભ અને ઋતુ પરિવર્તનનો પડકાર

ઉનાળાનો આરંભ થઈ ચૂક્યો છે. વહેલી સવાર અને સાંજ ખુશનુમા લાગે છે.પણ બપોર નો સમય ગરમાં ગરમ લાગે છે.

બીજી બાજુ હજી હિમાલય વિસ્તારમાં બરફ પડી રહ્યો છે.કોઈ જગ્યાએ વરસાદ પડે છે.જ્યારે ગુજરાતમાં ગરમી ધીમે ધીમે આક્રી બની રહી છે.

વાતાવરણના ફેરફારો અચાનક થાય છે અચાનક વાદળા બંધાય છે.અને માવઠું થાય તેવી શક્યતા ઊભી થાય છે.આ બધું શા માટે થાય છે આની પાછળ ઋતુ પરિવર્તન જવાબદાર હોવાનું માનવામાં આવે છે પરંતુ ભારતમાં આ વર્ષે અલ નીનો ની ઇફેક્ટ એટલે કે અસર થવાની છે. ભારતમાં માર્ચથી મેના સમયમાં મહત્તમને લઘુતમ તાપમાન સામાન્ય કરતાં વધુ રહેવાની સંભાવના છે જેની અસર ગત સપ્તાહે આપણને જોવા મળી છે આ સમયમાં એટલે હવે પછીના અઠવાડિયાઓમાં ગરમીનું પ્રમાણ વધવાનું છે અને તે ગરમી એક હીટ વેવના રૂપમાં આવશે.

જ્યારે બીજી બાજુ અત્યારે ઉત્તર ભારત હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં બરફ ની વર્ષા થઈ રહી છે અમુક જગ્યાએ તો વરસાદ પડી રહ્યો છે સામાન્ય જનજીવન થપ થઈ ગયું છે હિમાચલ પ્રદેશમાં ને કારણે ૬૫૦ થી વધુ રસ્તાઓ બંધ થઈ ગયા છે તો સામી બાજુ અત્યારે દક્ષિણ ભારતના તેલંગાણામાં મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી સુધી પહોંચ્યું છે માર્ચ મેમાં હીટ વેવના દિવસોની સંખ્યા વધવાની આગાહી કરવામાં આવી છે આને કારણે ગરમ ગરમ વાયરા કે જેને લુ કહેવામાં આવે છે તેને કારણે જનજીવન પ્રભાવિત થશે ઉત્તર પશ્ચિમ અને ઉત્તર પૂર્વ મધ્ય અને દેશના કેટલાક વિસ્તારો સિવાય મોટાભાગના ભારતમાં તાપમાન સામાન્ય કરતાં વધુ રહેશે દેશના કેટલાક ભાગો ખાસ કરીને રાજસ્થાન ગુજરાત મહારાષ્ટ્ર ઉત્તર પ્રદેશ બિહાર ઝારખંડ પશ્ચિમ બંગાળ સહિતના રાજ્યોમાં ગરમીના દિવસો એટલે કે હિટ વેવ વાળા દિવસોની સંખ્યા વધી જવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે માર્ચ મહિનામાં ઉત્તર અને મધ્ય ભારતમાં હિટ વેવ ની શક્યતા છે મે મહિના પછી સ્થિતિ સામાન્ય બનવાની સંભાવના છે હવામાન વિભાગના વડાએ કહ્યું કે ફેબ્રુઆરીમાં સરેરાશ લઘુતમ તાપમાન ૧૪.૬૧□ નોંધાયું છે જે વર્ષના ૨૦૧૯ પછી ફેબ્રુઆરીમાં બીજું સૌથી નીચું તાપમાન હતું

હાલ સમયમાં એટલે કે ફેબ્રુઆરી ના અંતમાં

ઉત્તર ભારતમાં હિમાચલ પ્રદેશ જમ્મુ કાશ્મીર અને ઉત્તરાખંડના વિસ્તારોમાં વરસાદ ચાલુ હતો. મેદાની વિસ્તારોમાં વરસાદ પડી રહ્યો છે વરસાદ અને હિમવર્ષા ને કારણે હિમાચલના મોટાભાગના વિસ્તારોમાં વીજળી અને પાણીની સુવિધા પહોંચી શકે નથી હિમાચલમાં ઘણા જિલ્લાઓમાં ભૂસ્ખલનની ઘટનાઓ બની છે જેથી નદીના પ્રવાહમાં અવરોધ ઊભા થયા છે રાજ્યમાં ચાલતી હીમ વર્ષા અને વરસાદના કારણે પાંચ રાષ્ટ્રીય હાઇવે સહિત ૬૫૦ થી વધુ રસ્તા બંધ થઈ ગયા હતા. અને સેકડો પ્રવાસીઓ પરેશાન થયા છે સ્થાનિક તંત્ર એ લોકોને સીમલાના પર્વતી વિસ્તારમાં પ્રવાસ નહીં કરવાની સલાહ આપી છે આમ વાતાવરણમાં ભારે મોટા પરિવર્તનો આવી રહ્યા છે આ તમામ પરિવર્તનો ની પાછળ મહાસાગરોના તાપમાનમાં થતા ફેરફારો કારણભૂત છે સમુદ્રના ગરમ અને ઠંડા પાણીના પ્રવાહોને કારણે હવામાન પ્રભાવિત થાય છે આ પ્રવાહોને કારણે અલ નીનો નામની ઇફેક્ટ ઉત્પન્ન થાય છે જેને કારણે વાતાવરણ ની અંદર અસામાન્ય કહી શકાય તેવા ફેરફારો થઈ રહ્યા છે.



## ફ્રાઈડે ફોટો સ્ટોરી

- જયદીપ એ. દવે.

### બુધેલ પાસે ઊંટનું માલિકને " ગાર્ડ ઓફ ઓનર...!!!

કહેવાય છે કે બાળકો નો વિકાસ માત્ર શાળા પૂરતો જ મર્યાદિત નથી. પ્રાણીઓ સાથે નો બાળકો નો સંપર્ક બાળક નો ભાવનાત્મક, જ્ઞાનાત્મક અને સંવેદના નો વિકાસ કરે છે. દરમ્યાન માં બુધેલ પાસે ડેરો નાખી ને રહેતા ઊંટ પાલકો પૈકી એક મારવાડી નો તરુણ હજુ ઘોડે ચડવા ની ( પરણવા ની ) ની ઉંમર ના હોય ઊંટ સવારી નો આસ્વાદ માણવા નીકળ્યો ત્યારે રસ્તા માં પોતાના મૂળ માલિક ને જોઈ ગેલ માં આવી ગયેલા ઊંટે એક પગ ઊંચો કરતા જાણે તે તેના માલિક ને ગાર્ડ ઓફ ઓનર આપતો હોય એવું રમુજી દ્રશ્ય સર્જાયું હતું.

# કેનેડામાં વરસાદી પાણી પર પણ લાગી શકે છે ટેક્સ?




### રેઈન ટેક્સ જે લોકોને પરેશાન કરી રહ્યો છે?

**વિશેષ**

નાગરિકો તેઓ જે વસ્તુઓ ખરીદે છે અથવા વાપરે છે તેના પર સતત કર ચૂકવે છે. આમાં નાનાથી મોટા ઉત્પાદનો અને જાહેર સંપત્તિનો પણ સમાવેશ થાય છે હોસ્પિટલો અને રસ્તાઓ પણ આ ટેક્સથી બને છે. પરંતુક્યારેય વરસાદ કર વિશે સાંભળ્યું છે? આવો જ ટેક્સ કેનેડાના ટોરોન્ટોમાં લાગુ થવા જઈ રહ્યો છે. ત્યાંની સરકારી વેબસાઈટ પર આની જાહેરાત કરવામાં આવી છે.ટોરોન્ટો સહિત લગભગ તમામ કેનેડામાં સ્ટોર્મવોટર મેનેજમેન્ટ એક મોટી સમસ્યા છે. છેલ્લા વરસાદમાં દેશની રાજધાની ઓટાવાના રસ્તાઓ પાણીથી ભરાઈ ગયા હતા. લોકોને અગત્યના કામ માટે મુસાફરી કરવી પણ મુશ્કેલ બની ગઈ હતી. આવી સમસ્યાઓ કેનેડામાં વારંવાર જોવા મળે છે. તેને સંભાળવા માટે ત્યાં સ્ટ્રોમ ડ્રેનેજ બનાવવામાં આવી છે. આ એક ખાસ પ્રકારની સિસ્ટમ છે, જેના દ્વારા વધારાનું પાણી, જે જમીન કે વૃક્ષો અને છોડ દ્વારા શોષાય નથી, તે બહાર આવે છે. આ પદ્ધતિ તમામ દેશોમાં અપનાવવામાં આવે છે.

વાસ્તવમાં, રસ્તાઓ, ફૂટપાથ, કાર પાર્કિંગ, મકાનો વગેરે જેવા પાકા વિસ્તારો પર કોંક્રીટના કારણે પાણી તેટલી ઝડપથી સુકાઈ જતું નથી. આ ઓવરફ્લો થાય છે અને રસ્તાઓ પર વહેવા લાગે છે અથવા ગટરોને અવરોધે છે.

કેનેડામાં આ સમસ્યા વધારે છે કારણ કે ત્યાં માત્ર વરસાદ જ નથી પણ ભારે હિમવર્ષા પણ થાય છે. આ બરફ પણ વહેણ પેદા કરે છે. અમે તમને અહીં જણાવી દઈએ કે જ્યારે જમીન શોષી શકે છે તેના કરતા વધુ વરસાદ પડે છે ત્યારે પાણીનો પ્રવાહ દેખાય છે. આનાથી ટોરોન્ટોમાં પૂરની સ્થિતિ જ નથી, પરંતુ જેમ જેમ પાણી નાળાઓ દ્વારા ઘરોમાં પહોંચવાનું શરૂ થાય છે તેમ તેમ પીવાના પાણીની ગુણવત્તા પણ બગડવા લાગે છે.

વહેણને નિયંત્રિત કરવા માટે, ટોરોન્ટો વહીવટીતંત્રે વરસાદી પાણીનો ચાર્જ અને પાણી સેવા ચાર્જ પરામર્શ માટે બોલાવ્યા. વહીવટીતંત્ર તેને તમામ મિલકતો પર લાદી શકે છે, જેમાં રહેણાંક ઈમારતો સિવાય, ઓફિસો, રેસ્ટોરન્ટ્સ જેવી રચનાઓ પણ સામેલ હશે. આ બાબતને લઈને હોબાળો મચી ગયો છે. અત્યારે પણ ટોરોન્ટોના લોકો પાણી પર ટેક્સ ભરે છે. આમાં વરસાદી પાણીના વ્યવસ્થાપનનો ખર્ચ પણ સામેલ છે. હવે નવો ટેક્સ લાદવામાં આવતાં ખાસ કરીને એવી જગ્યાઓ પર રહેતા લોકો પર ભારે ટેક્સ લાદવામાં આવશે જ્યાં પાણીનો પ્રવાહ વધુ હોય. એટલે કે જ્યાં ગીચ વસ્તી છે ત્યાં ઈમારતોને કારણે પાણી સુકાશે નહીં.

અલગ-અલગ વિસ્તારોમાં ટેક્સ અલગ-અલગ હશે. ઉદાહરણ તરીકે, જ્યાં ગાઢ વસાહત છે, ત્યાં કુલ સખત સપાટી જોવા મળશે. આમાં માત્ર ઘર જ નહીં, પણ ડ્રાઈવ વે, પાર્કિંગની જગ્યા અને કોંક્રિટની બનેલી અન્ય વસ્તુઓનો પણ સમાવેશ થાય છે. જે જગ્યાઓ ઓછી ઈમારતો છે, ત્યાં ઓછી દોડધામ થશે, જેનાથી ટેક્સમાં પણ ઘટાડો થશે.

કેનેડામાં વ્યક્તિગત કર કોઈપણ રીતે ખૂબ ઊંચા ગણવામાં આવે છે. ફાઈનાન્શિયલ પોસ્ટના એક રિપોર્ટ અનુસાર, આ દેશ વિશ્વમાં સૌથી વધુ વ્યક્તિગત ટેક્સ ધરાવતા દેશોની શ્રેણીમાં આવે છે, જો કે તેનાથી ઉપર ઘણા દેશો છે. બીજું કારણ એ છે કે હાલમાં રેઈન ટેક્સમાં ઘણી બાબતો સ્પષ્ટ નથી. જેમ કે, જેઓ ભાડાના મકાનમાં રહે છે અથવા જેઓ બેઘર છે તેમનું શું થશે. આ દિવસોમાં, કેનેડા તેની વિદેશ નીતિને લઈને ઘણી વખત મુશ્કેલીમાં છે. આવી સ્થિતિમાં લોકો ચોક્કસપણે ગુસ્સે છે. આ વિચિત્ર ટેક્સને કારણે ગુસ્સો વધુ ભડકી ગયો. સોશિયલ મીડિયા પર લોકો પોતાની નારાજગી દર્શાવી રહ્યા છે. વર્ષ ૨૦૧૭માં પણ કેનેડા સરકારે આ ટેક્સ અંગે વાત કરી હતી. ટોરોન્ટોના મેયર જહોન ટોરીની કમિટીએ પણ આ અંગે મતદાન કર્યું હતું, પરંતુ રેઈન ટેક્સની તરફેણમાં બહુ ઓછું મતદાન થવાને કારણે ટેક્સ લાદી શકાયો ન હતો.

### હુબેઈમાં વર્ષ ૨૦૦૯ દરમિયાન સિગારેટ ન પીવા પર ટેક્સ હતો!!

સ્વીડનમાં બાળકોના નામ માટે સ્વીડિશ ટેક્સ એજન્સીની મંજૂરી લેવી પડે છે. જો આ જન્મના ૫ વર્ષની અંદર કરવામાં ન આવે તો, ભારે દંડ લાદવામાં આવે છે. આ નિયમ લોકોને શાહી નામનો ઉપયોગ કરતા રોકવા માટે બનાવવામાં આવ્યો હતો, જે હજુ પણ અમલમાં છે.

ડેનમાર્ક અને ન્યુઝીલેન્ડમાં ઘણી વખત ગાયોના દફન પર ટેક્સ લગાવવાની વાત થઈ હતી. આ દરખાસ્તનો લગભગ અમલ થવાનો હતો, પરંતુ પશુપાલકોના રોષને કારણે તેને પાછો ખેંચવો પડ્યો હતો. વાસ્તવમાં, ઘણા સંશોધકોનું માનવું છે કે ગાયના બર્પ્સમાં રહેલો મિથેન ગેસ પ્રદૂષણમાં વધારો કરી રહ્યો છે. હવે ટેક્સને બદલે સરકાર એવો ઘાસચારો તૈયાર કરાવી રહી છે, જે ઓછા મિથેનનું ઉત્પાદન કરે છે.

ચીનના હુબેઈમાં વર્ષ ૨૦૦૯ દરમિયાન સિગારેટ ન પીવા પર ટેક્સ ભરવાનો નિયમ હતો. આ મંદી પછીનો સમયગાળો હતો, જ્યાંથી તેને દૂર કરવા માટે ઘણી પદ્ધતિઓ અપનાવવામાં આવી હતી. આ પણ તેમાંથી એક હતું.

# વિશ્વનો દરેક માનવી સુખી થવા જીવનભર સતત દોડતો રહે છે

**કઈ રીતે સુખી થવાય તેના રસ્તા માણસ શોધે છે પરંતુ દરેક વ્યક્તિ ધારેલું સુખ નથી મેળવી શકતી કોઈ સંપૂર્ણ સુખી નથી હોતું અમાપ સંપત્તિ હોવા છતાં માણસ કેમ ખુશ નથી ? સુખમાં અંતરાય થાય એવા ઘણા દોષ આપણામાં રહેલા છે જેમાં લોભ, અહમ, લાલચ અને અસંતોષ મુખ્ય છે અસંતોષી વ્યક્તિ કદી સુખી ન થાય**



**આસપાસ ચોપાસ** — સુરેશ ભટ્ટ

અતિ પ્રાચીન સમયમાં મહર્ષિ પતંજલિએ માનવીને સુખી થવાનો જે સહજ અને સીધો માર્ગ બતાવ્યો છે તે આજની તારીખે પણ લોકો અપનાવીને સુખી થઈ શકે તેમ છે તેના યોગ સૂત્ર નામના ગ્રંથમાં આ વસ્તુ આપેલી છે અષ્ટાંગ યોગ અપનાવી માનવી સુખી થઈ શકે છે યોગના આઠ સોપાન છે.જેમાં યમ, નિયમ, આસન અને પ્રાણાયમ અતિ મહત્વના છે.હવે પ્રત્યાહાર વિશે જાણીને સમજવા પ્રયત્ન કરીશું. યમ-નિયમથી પાપનો પ્રવાહ અટકે છે. આચરણની શુદ્ધિ થાય છે. જીવન સંસ્કારી બને છે અને ભટકતા મનને શાંતિ મળે છે.

આસનથી શરીરની અસ્થિરતા ઘટે છે. અને તે મનની ચંચળતાને ઘટાડવામાં પણ ઉપયોગી બને છે, જેથી સહનશીલતા આવે છે. પ્રાણાયામથી નાડીઓ શુદ્ધ થાય છે. પ્રાણશક્તિ વધતાં શરીર સ્ફૂર્તિમય બને છે. રોગ દૂર રહે છે. પણ પ્રાણશક્તિમાં સતત વધારો કરી ભટકતાં મનને કાબૂમાં કરી ચિત્તની વૃત્તિઓનો સંપૂર્ણ નિરોધ કરી શકાય તેમ છે તેનાથી મન શાંત અને સ્થિર બને છે

સાધક જયારે પ્રાણાયમથી પ્રત્યાહારમાં આવે ત્યારે આ વિકાસ શરૂ થાય છે, પછી તે ધારણા, ધ્યાન અને સમાધિ સુધી પહોંચી શકે છે. માટે પ્રત્યાહાર એ અષ્ટાંગ યોગનાં આંઠમાનું એવું પગથિયું છે જે અંતરંગ યોગનું પ્રવેશદ્વાર છે. સ્વ: એટલે પોતાના. વિષય એટલે શબ્દાદિ પાંચ વિષયો. તેનો અસંમ્પ્રયોગે એટલે કે આસક્તિનો અભાવ થતાં કે આસક્તિ ના રહેતાં ચિત્તસ્થ એટલે ચિત્તનાં સ્વરુપાનુકાર એટલે સ્વરૂપનું અનુસરણ, ઈવ એટલે અવ્યય, ઈન્દ્રિયાણામ એટલે ઇન્દ્રિયોની પ્રત્યાહાર એટલે પાછું ખેંચવું.

એટલે કે પોતાના વિષયમાં આસક્તિ ન રહેતાં ઈન્દ્રિયોની ચિત્તને અનુસરવા જેવી સ્થિતિ જે ઉદભવ થાય છે તેને પ્રત્યાહાર સમજવો.

બીજી રીતે કહીએ તો ઈન્દ્રિયો પોતપોતાના વિષયમાંથી પાછી ખેંચીને ચિત્તસ્વરૂપ આકાર ધારણ કરે છે તે પ્રત્યાહાર એટલે કે.... બાહ્ય વિષયો (આસક્તિઓ) માંથી વિમુખ થઈને મન અને ઈન્દ્રિયોને અંતર્મુખી કરવી તે પ્રત્યાહાર છે. જ્યારે બધી જ આસક્તિઓમાંથી ઈન્દ્રિયો પાછી વળી જાય છે એટલે કે વિષયો સાથેનો સંપર્ક તુટી જાય છે ત્યારે ચિત્ત સ્થિર થઈ જાય છે અને ધ્યાનની ક્રિયા સુધી પહોંચવા સંકલ્પ શક્તિ ઉત્પન્ન થાય છે. મન પણ સ્થિર થાય છે અને શૂન્ય વિચાર બને છે.

તેનાથી (પ્રત્યાહારથી) ઈન્દ્રિયો પર સાચો સંયમ સિદ્ધ થાય છે. પ્રાણાયમ, જપ વિગેરેના અભ્યાસથી સાધકની વૃત્તિ અંદર વળવા માંડે છે. તથા વૃત્તિને અંદર વાળવાનો વિશેષ અભ્યાસ કરતાં કરતાં પ્રત્યાહાર વિકસે છે. અને પછી ધીરે ધીરે અંદરના આનંદ અને શાંતિનો અનુભવ થતાં થતાં સૌપ્રથમ હું આત્મા છું. આ શરીર, મન અને જ્ઞાનેન્દ્રિયો તથા કર્મેન્દ્રિયોનો અધિષ્ઠાતા છું. તથા એમની પ્રવૃત્તિ, નિવૃત્તિ મારા સંકલ્પોને આધીન છે. એ પ્રમાણે જ્ઞાતા બને છે. અહીં પહોંચીને સાધક ઈન્દ્રિયો પર સંયમની પરમ સીમાનો અનુભવ કરે છે.

માનીના મનના આકર્ષિત કરવા માટે અનેક પ્રકારના પ્રલોભનો હાજર છે મનોરંજનમાં પણ આ તત્વો માનવીના મનનું હરણ કરે છે અને તેને દૂષિત કરે છે

શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આદિ આસક્તિઓ વ્યક્તિને આત્મકલ્યાણના રસ્તાથી દૂર રાખે છે. એક એક ઈન્દ્રિયોની આસક્તિ મનને વિચલિત કરી વ્યક્તિને ભોગવિલાસમાં જ રાખે છે. ઈશ્વરમાં લીન નથી થવા દેતી. માટે અભ્યાસ અને ઈન્દ્રિયો પર ધીરે ધીરે વિજય પ્રાપ્ત કરવાથી બાહ્ય જગતથી વૈરાગ્ય થતાં સતત અભ્યાસથી અને જાગૃતિથી ઈન્દ્રિયોનો જય થાય છે. ત્યારે તેને જિતેન્દ્રિય કહે છે. ત્યારે તે પરમ આનંદને પામી શકે છે. ને આખો સંસાર (જગત) મિથ્યા ને માયારૂપ લાગે છે. માનવીના અમુક કર્મો એવા છે જે તાત્કાલિક પર અ ફળ આપતા નથી પરંતુ તે જમા થાય છે અને તેનો સમય આવે ત્યારે તેનું ફળ પ્રગટ થાય છે જેને સંચિત કર્મ કહેવામાં આવે છે

સંચિત કર્મોના સમુહના ફળથી જ જન્મ, મરણ, આયુષ્ય અને ભોગ હોય છે. પુણ્યકર્મોના કારણે સુખમય અને પાપકર્મોના કારણે દુઃખમય હોય છે. પરંતુ યોગી માટે તો સાંસારીક સુખ પણ દુઃખમય હોય છે. તેને તો આ શબ્દ, રસ, રૂપ, સ્પર્શ, ગંધ આદિ વાસનારુપી વિષયસુખ પણ મોહવશ છે. જ્યારે આ સુખોના પરિણામ પર વિચાર કરવામાં આવે તો નિશ્ચિત રૂપે જણાશે કે સમસ્ત સાંસારિક સુખ પણ દુઃખમય જ હોય છે. કારણ કે આ સુખ પ્રાણીઓને પીડા આપ્યા વગર નથી ભોગવી શકાતા, તથા આ સુખોમાં પણ સુક્ષ્મ પરિણામ કષ્ટ અને સંસ્કાર રૂપે જે દુઃખમિશ્રિત છે તેને સામાન્ય લોકો નથી અનુભવી શકતા.ઈન્દ્રિયો પણ ટેવને આધીન છે. ઈન્દ્રિયો પણ તેમ જ વર્તે છે. અને એમ કરતાં ચિત્તની વૃત્તિઓને અનુસરે છે. સમય જતાં તે આસક્તિ બને છે. આવી ઈન્દ્રિયોના વિષયો પ્રત્યેની આસક્તિ છોડવા, ગુલામી છોડવાં તે આ પ્રત્યાહાર છે. ગીતામાં પણ કહ્યું છે કે મનને કાબૂમાં રાખવું ખુબ કઠીન છે. પણ અભ્યાસ અને વૈરાગ્યથી તેને કાબુમાં લાવી શકાય છે.

સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે, મનને ઈન્દ્રિય રૂપી દારુ, દ્વેષ રૂપી વીંછી અને અહંકારરૂપી ભૂત છે. કહેવાય છે કે જ્ઞાન એ જ શક્તિ છે. અને એ ખરું છે. જ્યાં સુધી તમે એ જાણો નહિ કે મન શું શું કરે છે ત્યાં સુધી તમે તેને કાબૂમાં લઈ શકો નહીં. માટે જે પ્રમાણે ઈન્દ્રિયો મનને ઘેરે તેવી વૃત્તિઓ જાગશે, તેને જ્ઞાતા દ્રષ્ટા ભાવે જાગૃતિ રાખી સાક્ષીભાવે જોવા સતત પ્રયત્ન કરવો. અને પછી તે તે વૃત્તિઓને આધીન ન થતાં તેમાંથી ધીમે ધીમે પ્રયત્નપૂર્વક બહાર નીકળવું તે છે પ્રત્યાહાર જ્ઞાન. ધીરેધીરે સતત પુરુષાર્થથી જીવે તેનાં શુભ-અશુભ બન્ને વૃત્તિઓ (ભાવો)માંથી પણ બહાર નીકળવાનું છે.

વર્તમાન સમયમાં માનની પાસે સમય ઓછો છે શક્તિ ઓછી છે આવા સંજોગોમાં માનવી જો માત્ર પોતાના મનને સ્થિર રાખીને મેડીટેસન કરે સૂર્ય નમસ્કાર કરે તો પણ તેના સુખના સપના ચોક્કસ આકાર થઈ શકે

# ૨૩૮ વખત ચૂંટણી લડ્યા દરેક વખતે હાર્યા પરંતુ ખુશ છે

## કે. પદ્મરાજનનું નામ લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સમાં સામેલ

નવીદિલ્હી,
દેશમાં લોકસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે. તમિલનાડુના પદ્મરાજન પણ ચૂંટણી લડવાના છે. પદ્મરાજને તેમના જીવનમાં સ્થાનિક ચૂંટણીથી લઈને રાષ્ટ્રપતિ પદ સુધી ૨૩૮ વખત ચૂંટણી લડી હતી, પરંતુ દરેક વખતે તેમને હારનો સામનો કરવો પડ્યો હતો.

પદ્મરાજનને ઈલેક્શન કિંગ અને વર્લ્ડ સૌથી મોટા ઈલેક્શન લુઝરનું બિરુદ છે. ૬૫ વર્ષના પદ્મરાજન ટાયરની દુકાનના માલિક છે. તેમણે ૧૯૮૮માં તમિલનાડુમાં તેમના હોમ ટાઉન મેટ્ટુરથી ચૂંટણી લડવાની શરૂઆત કરી હતી. તેઓ પીવી નરસિમ્હા રાવ, અટલ બિહારી વાજપેયી જેવા મોટા નેતાઓ સામે ચૂંટણી લડી ચૂક્યા છે. આ વખતે તેઓ તમિલનાડુના ધર્મપુરીથી ચૂંટણી લડી રહ્યા છે.

પદ્મરાજન કહે છે કે જ્યારે તેમણે પ્રથમ વખત ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવી ત્યારે લોકો તેમના પર હસતા હતા. પરંતુ ચૂંટણીમાં ભાગ લઈને હું સાબિત કરવા માગતો હતો કે સામાન્ય માણસ પણ ચૂંટણી લડી શકે છે. તેમણે કહ્યું કે દરેક વ્યક્તિ ચૂંટણીમાં જીતવા માગે છે, પરંતુ હું હારવામાં ખુશી અનુભવું છું.

# નવા ફાઈટર જેટ Tejas MK-1Aની પ્રથમ ઉડાન સફળ

## અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ છે વિમાન



નવીદિલ્હી,
Tejas MK-1A ફાઇટર જેટની પ્રથમ ઉડાન ૨૮ માર્ચ ૨૦૨૪માં બેંગલુરૂ સ્થિત હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડની ફેસિલિટીમાં સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. આ ઉડાન ૧૮ મિનિટની હતી.

કેટલાક સમય પહેલા જ આ વિમાનમાં ડિઝિટલ ફ્લાઇ બાય વાયર ફ્લાઇટ કંટ્રોલ કોમ્પ્યુટરને લગાવવામાં આવી હતી. DFCCનો સામાન્ય ભાષામાં અર્થ થાય છે કે ફાઇટર જેટથી મેન્યુઅલ ફ્લાઇટ કંટ્રોલ્સ હટાવીને તેની જગ્યાએ ઇલેક્ટ્રોનિક ઇન્ટરફેસ લગાવવું. ઘણી વસ્તુ કોમ્પ્યુટરના હાથમાં જતી રહે છે, બીજી તરફ વિમાનને પાયલોટ અનુસાર સંતુલિત અને નિયંત્રિત રાખે છે.

આ સિસ્ટમને કારણે રડાર, એલિવેટર, એલિરોન, ફ્લેપ્સ અને એન્જિનના નિયંત્રણ ઇલેક્ટ્રોનિકલી હોય છે. ફ્લાઇ બાય વાયર કુલ મળીને ફાઇટર જેટને એક આત્મ સંતુલન આપે છે. સ્ટેબલાઇઝ કરે છે, આ વિમાનને વધુ સુરક્ષિત બનાવે છે.

વિમાન તેજસ એમકે-૧એમાં ઉન્નત મિશન કોમ્પ્યુટર, ઉચ્ચ પ્રદર્શન ક્ષમતા ધરાવતું ડિઝિટલ ફ્લાઇટ કંટ્રોલ કોમ્પ્યુટર (DFCC MK-1A), સ્માર્ટ મલ્ટી-ફંકશન ડિસપ્લે (SMFD), એડવાન્સ્ડ ઈલેક્ટ્રોનિકલી સ્કેન્ડ એરે (AESA) રડાર, એડવાન્સ્ડ સેલ્ફ-પ્રોટેક્શન જૈમર, ઈલેક્ટ્રોનિક વારફેયર સૂટ વગેરે સુવિધાઓ છે.

આ ફાઇટર જેટ એમ તો તેજસ-૧ની જેવો જ છે પણ તેમાં કેટલીક વસ્તુઓ બદલાઇ જાય છે જેમાં અત્યાધુનિક ઈલેક્ટ્રોનિક વારફેયર સૂઇટ, ઉત્તમ એઇએસએ રડાર, સેલ્ફ પ્રોટેક્શન જૈમર, રડાર વૉર્નિંગ રિસીવર લાગેલુ છે. આ સિવાય તેમાં બહારથી ECM પોડ પણ લગાવી શકો છો.

# અદાણી પોર્ટે શાપૂરજી પલોનજી ગ્રૂપ પાસેથી ગોપાલપુર પોર્ટ રૂ. ૩૩૫૦ કરોડમાં ખરીદ્યું

અમદાવાદ,
ગૌતમ અદાણીનો પોર્ટ બિઝનેસ મોટો થઈ ગયો છે. અદાણી પોર્ટમાં વધુ એક નવું નામ ઉમેરાયું છે. ગૌતમ અદાણીની કંપનીએ ઓડિશાનું ગોપાલપુર પોર્ટ ખરીદ્યું છે. અદાણી પોર્ટે શાપૂરજી પલોનજી ગ્રૂપ પાસેથી ગોપાલપુર પોર્ટ રૂ. ૩૩૫૦ કરોડમાં ખરીદ્યું છે. એસપી ગ્રૂપે ગોપાલપુર પોર્ટને અદાણી પોર્ટ્સ અને SEZ લિમિટેડને રૂ. ૩,૩૫૦ કરોડમાં વેચવાની જાહેરાત કરી હતી.૨૦૧૭માં, SP ગ્રૂપે ગોપાલપુર પોર્ટ હસ્તગત કર્યું હતું,



હવે કંપનીએ તેને અદાણીને વેચી દીધું છે. ગોપાલપુર પોર્ટ હાલમાં ૨૦ MTPA હેન્ડલ કરવા સક્ષમ છે. ગ્રીનફીલ્ડ એલએનજી રિગેસિફિકેશન ટર્મિનલ સ્થાપવા બંદરે તાજેતરમાં પેટ્રોનેટ એલએનજી સાથે જોડાણ કર્યું છે. ગોપાલપુર પોર્ટનું વેચાણ છેલ્લા કેટલાક મહિનામાં SP ગ્રૂપનું બીજું પોર્ટ ડિસઈન્વેસ્ટમેન્ટ છે. આ સોદા અંગે શાપૂરજી પલોનજી ગ્રૂપના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ગોપાલપુર પોર્ટ અને ધરમતર પોર્ટનું આયોજિત ડિસઈન્વેસ્ટમેન્ટ નોંધપાત્ર એન્ટરપ્રાઇઝ મૂલ્ય પર કરવામાં આવ્યું છે. ગોપાલપુર પોર્ટ વેચ્યા બાદ હવે SP ગ્રૂપ પાસે માત્ર ગુજરાતનું છારા પોર્ટ બચશે. કંપની દેવું ઘટાડીને તેની બેલેન્સ શીટને મજબૂત કરવા માગે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં કંપનીએ ૧૧૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ વેચી છે. ઓડિશાનું ગોપાલપુર બંદર વ્યૂહાત્મક રીતે મહત્ત્વનું કહેવાય છે. તે ભારતના પૂર્વ કિનારે આવેલું મહત્વનું બંદર છે. અદાણી ગ્રૂપ પહેલેથી જ પશ્ચિમ કિનારે મજબૂત હાજરી ધરાવે છે. હવે આ ડીલ બાદ અદાણી પાસે પૂર્વ કિનારે ૬ બંદરો હશે. પૂર્વ કિનારે પહેલાથી જ ૫ બંદરો સાથે અદાણી ગ્રૂપ લગભગ ૨૪૭ મિલિયન ટનની ક્ષમતા ધરાવે છે. SP પોર્ટ્સ મેન્ટેનન્સ, જે ગોપાલપુર પોર્ટમાં ૫૬ ટકા હિસ્સો ધરાવે છે.

# હું આ નિર્ણયથી સંપૂર્ણપણે ખુશ નથી : જેનિફર મિસ્ત્રી બંસીવાલ



મુંબઈ,
તારક મહેતા કા ઉલ્ટા ચશ્મામાં 'રોશન સોઢી'નું પાત્ર ભજવનાર અભિનેત્રી જેનિફર મિસ્ત્રી બંસીવાલે ગયા વર્ષે શોના નિર્માતા અસિત મોદીની સાથે નીલા ટેલિફિલ્મ્સના સોહિલ રામાણી અને જતીન રામાણી સામે જાતીય સતામણીનો કેસ નોંધાવ્યો હતો. હવે સ્થાનિક ફરિયાદ સમિતિએ જાતીય સતામણીના આ કેસમાં જેનિફર મિસ્ત્રી બંસીવાલની તરફેણમાં ચુકાદો આપ્યો છે. આ કમિટીના આદેશ અનુસાર નિર્માતા અસિત મોદીએ જેનિફરને તેની બાકી રકમ સાથે ૫ લાખ રૂપિયાનું વળતર ચૂકવવું પડશે. વાતચીતમાં જેનિફરે કહ્યું કે તે આ નિર્ણયથી સંપૂર્ણપણે ખુશ નથી અને તેણે હવે હાઈકોર્ટમાં જવાનું નક્કી કર્યું છે.

મેં શરૂઆતમાં પોલીસ સ્ટેશનમાં આ કેસ નોંધાવ્યો હતો. હું ન્યાય મેળવવા માટે મારાથી બનતો પ્રયાસ કરી રહ્યો હતો. હું પોલીસ સ્ટેશન ગયો છું અને કલાકો સુધી રાહ જોઉં છું. પણ મારી અપેક્ષાઓ પૂરી ન થઈ. જ્યારે મારા વકીલે જોયું કે પોલીસ મારી તરફેણમાં કોઈ કાર્યવાહી કરી રહી નથી, ત્યારે તેમણે મને સલાહ આપી કે મારે મહારાષ્ટ્ર સરકારને અપીલ કરવી જોઈએ. મેં તેમની વિનંતીને સ્વીકારી અને સરકારને મારી અપીલ પછી, સ્થાનિક ફરિયાદ સમિતિએ તરત જ તેના પર કાર્યવાહી કરી અને તેનો ચુકાદો પણ આપ્યો. આ સમિતિએ અસિત કુમાર મોદીને મહિલાઓની જાતીય સતામણી (નિવારણ, નિષેધ અને નિવારણ) અધિનિયમ ૨૦૧૩ હેઠળ દોષિત ઠેરવ્યા હતા.

# સ્લો ઓવર રેટની ભૂલ : શુભમન ગિલને રૂા. ૧૦ લાખથી વધુનો દંડ

ચેન્નાઇ,
ઇન્ડિયન પ્રીમિયર લીગની મેચ દરમિયાન ધીમી ઓવર રેટ માટે બુધવારે ટીમ પર ૧૨ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. આઇપીએલના એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ગિલને રૂ. ૧૨ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો કારણ કે આઇપીએલની આચાર સંહિતા હેઠળ સીઝનમાં આ તેની ટીમનો પ્રથમ ગુનો છે.

ગિલની આગેવાનીમાં ગુજરાત ટાઈટન્સે આઈપીએલની ૨૦૨૪ની પહેલી હારનો સામનો ચેન્નાઈ સુપર કિંગ્સ વિરુદ્ધ કર્યો છે. ગત્ત ચેમ્પિયન ચેન્નાઈએ ગુજરાતને ૬૩ રનથી હાર આપી છે. આઈપીએલમાં ગુજરાત ટાઈટન્સના કેપ્ટન તરીકે ગિલે પહેલી જ મેચમાં મુંબઈ સામે જીત પણ મેળવી હતી. આ મેચ ૬ રનથી જીતી હતી.

ગુજરાત ટાઈટન્સે ૨૦મી ઓવરમાં બોલિંગની સમયસર શરુઆત કરી ન હતી. આ કારણે તેને દંડ ફટકારવામાં આવ્યો છે.તેમજ છેલ્લી ઓવર દરમિયાન ૩૦ ગજની બહાર માત્ર ૪ ખેલાડીઓ રાખ્યા હતા. એક જીત અને એક હાર સાથે ગુજરાત પોઈન્ટ ટેબલમાં છઠ્ઠા સ્થાને છે.

ગુજરાત ટાઈટન્સના કેપ્ટન શુભમન ગિલને ૧૨ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. સીએસકે વિરુદ્ધ તેમણે સ્લો ઓવર રેટની ભૂલ કરી હતી.

# કોલેસ્ટ્રોલ ઘટાડવાની દવા ખાવાથી જાપાનમાં બેના મોત

## દવા બનાવતી કંપનીએ ત્રણ સપ્લીમેન્ટ દવાઓ બજારમાંથી પાછી ખેંચી લીધી

જાપાન,
જાપાનમાં કોલેસ્ટ્રોલ ઘટાડવાની દવા ખાવાથી બે લોકોના મોત થયા છે અને ૧૦૦થી વધુ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ ઘટના બાદ દવા બનાવતી કંપની સામે અનેક સવાલો ઉભા થયા છે. મામલાએ મહત્વ મેળવ્યા પછી, દવા બનાવતી કંપની કોબાયાશી ફાર્માસ્યુટિકલએ કહ્યું કે માહિતી મળ્યા પછી, અમે ત્રણ પૂરક દવાઓ, બેની કોજી કોલેસ્ટે હેલ્પ અને અન્ય બે દવાઓને બજારમાંથી પાછી ખેંચી લીધી છે. આ દવાઓની તપાસ કરવામાં આવી રહી છે. આ દવાઓમાં બેની કોજી (લાલ ખમીર ચોખા) નામનું ઘટક ઉમેરવામાં આવે છે, જે ઉચ્ચ કોલેસ્ટ્રોલ ઘટાડવા માટે સ્ટેટીન્સના વિકલ્પ તરીકે જોવામાં આવે છે. પરંતુ નિષ્ણાતો તેમાં રસાયણોની હાજરીને કારણે અંગને નુકસાન થવાના ભય વિશે પણ ચેતવણી આપે છે.જાપાનના સ્વાસ્થ્ય મંત્રી નૂનુને કહ્યું કે કોબાયાશી ફાર્માસ્યુટિકલે આ મામલે જલદી રિપોર્ટ સોંપવો જોઈએ. આ સિવાય મંત્રીએ સ્થાનિક સંસ્થાઓને આ દવાઓથી થતા નુકસાન વિશે સમગ્ર દેશમાંથી માહિતી એકત્ર કરવા સૂચના આપી હતી.

આ સિવાય સરકારે અસરગ્રસ્ત લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. મંત્રીએ વધુમાં કહ્યું કે અધિકારીઓ કંપની સાથે વાત કરશે અને આ મામલે જે જરૂરી પગલાં લેશે તે લેશે.

# હોસ્પિટલમાં ખબર પુછવા ગયા બાદ ઋષભ પંત વચ્ચેના સંબંધો વધુ ગાઢ બન્યા હતાં : ઉર્વશી



મુંબઇ,
છેલ્લા કેટલાક સમયથી એવી ચર્ચા ચાલી રહી છે કે બોલીવુડ અભિનેત્રી ઉર્વશી રૌતેલા ક્રિકેટર ઋષભ પંતને ડેટ કરી રહી છે. જો કે, બંનેએ તેમના સંબંધોને લઈને ક્યારેય કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી. પરંતુ તાજેતરમાં એક ઈન્ટરવ્યુ દરમિયાન તેણે પોતાની ફિલ્મ સિવાય પોતાના અંગત જીવન વિશે પણ જણાવ્યું હતું. પરંતુ વર્ષ ૨૦૨૨માં જ્યારે રિષભ પંતનો કાર અકસ્માત થયો ત્યારે ઉર્વશી રૌતેલા અને તેની માતા ક્રિકેટરની ખબર પૂછવા હોસ્પિટલ પહોંચ્યા હતા. જે બાદ અભિનેત્રી અને ઋષભ પંત વચ્ચેના સંબંધો વધુ ગાઢ બન્યા હતા. તાજેતરમાં એક ઈન્ટરવ્યુ દરમિયાન તેણે પોતાની ફિલ્મ સિવાય પોતાના અંગત જીવન વિશે પણ જણાવ્યું હતું. ઉર્વશી રૌતેલાને પૂછવામાં આવ્યું કે તે ઋષભ પંત સાથે ક્યારે લગ્ન કરશે. આના પર અભિનેત્રી થોડીવાર મૌન રહી અને કહ્યું - 'નો કમેન્ટ્સ.'

અભિનેત્રીના આ જવાબથી સ્પષ્ટ છે કે ઉર્વશીએ પોતાની અંગત જિંદગીને સિક્રેટ રાખવાનું નક્કી કર્યું છે. તમને જણાવી દઈએ કે હાલમાં ઉર્વશી રૌતેલા ફિલ્મ જેએનયુ જહાંગીર નેશનલ યુનિવર્સિટીને લઈને ચર્ચામાં છે.

# દક્ષિણના લોકપ્રિય કોમેડી-એક્ટર શેશુનું નિધન : ધનુષની ફિલ્મ દ્વારા ડેબ્યુ કર્યું હતું

ચેન્નાઇ,
સાઉથ ઈન્ડસ્ટ્રીમાંથી એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. સમાચાર છે કે દક્ષિણના લોકપ્રિય કોમેડી-એક્ટર શેશુનું નિધન થયું છે. અભિનેતાએ ચેન્નાઈની એક ખાનગી હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા. અભિનેતાના ૬૦ વર્ષની વયે અચાનક નિધનના સમાચારથી સમગ્ર સાઉથ ઈન્ડસ્ટ્રી શોકમાં ડૂબી ગઈ છે. ઉલ્લેખનીય છે કે શેશુની તબિયત ઘણા દિવસોથી બગડી હતી અને ચેન્નઈની એક ખાનગી હોસ્પિટલમાં તેની સારવાર ચાલી રહી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ૧૫ માર્ચે શેશુને હાર્ટ એટેક આવ્યો હતો, જેના કારણે તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તેમની સારવાર ચાલી રહી હતી.જો કે તે બીમારીમાંથી સાજા થવામાં નિષ્ફળ રહ્યા અને ૨૬ માર્ચે તેમણે દુનિયાને અલવિદા કહ્યું. તેમના નિધનના સમાચાર પછી, ફેંસ અને સિનેમા જગતના તેમના સહ કલાકારો સોશિયલ મીડિયા પર શોક વ્યક્ત કરી રહ્યા છે.

શેશુના નિધનના સમાચારની પુષ્ટિ લોકપ્રિય અભિનેતા અને શેશુના નજીકના મિત્ર રેડિન કિંગ્સલે દ્વારા કરવામાં આવી છે. રેડિન કિંગ્સલેએ સોશિયલ મીડિયા પર શેશુના મૃત્યુની પુષ્ટિ કરી છે. તેણે અભિનેતાની તસવીર શેર કરી અને કેપ્શનમાં લખ્યું,આરઆઈપી રેડિન કિંગ્સલે ઉપરાંત ઘણા ફેંસ અને સેલેબ્સ સતત સોશિયલ મીડિયા દ્વારા શેશુના નિધન પર શોક વ્યક્ત કરતા અને તેમની આત્માની શાંતિ માટે પ્રાર્થના કરતા જોવા મળે છે. ઉલ્લેખનીય છે કે શેશુએ વર્ષ ૨૦૦૨માં લોકપ્રિય અભિનેતા ધનુષની ફિલ્મ 'થુલ્લુવધો ઈલામાઈ' દ્વારા ડેબ્યૂ કર્યું હતું.

# ઈતિહાસમાં પહેલીવાર સાઉદીની મહિલા સ્પર્ધક 'મિસ યુનિવર્સ' માં ભાગ લેશે

મુંબઇ,
ઈતિહાસમાં પહેલીવાર એવું થશે જ્યારે કોઇ એક ઈસ્લામિક દેશ મિસ યુનિવર્સની સ્પર્ધામાં ભાગ લેશે. ખરેખર અમે વાત કરી રહ્યા છીએ સાઉદી અરબની જે પહેલીવાર તેના દેશની મહિલા ઉમેદવારને મિસ યુનિવર્સની સ્પર્ધામાં ભાગ લેવા માટે મંચ પર મોકલશે. આ મામલે માહિતી ખુદ રુમી અલકાહતાનીએ આપી છે જે મિસ યુનિવર્સ ૨૦૨૪ની સ્પર્ધામાં સાઉદી અરબનું પ્રતિનિધિત્વ કરશે. ઉલ્લેખનીય છે કે ઈતિહાસમાં આવું પહેલીવાર થશે જ્યારે મિસ યુનિવર્સના મંચ પર એક ઈસ્લામિક દેશ સાઉદી અરબનો ઝંડો જોવા મળશે. રુમી અલકાહતાની ૨૭ વર્ષીય મોડલ છે જે સાઉદી અરબમાં રહી ચૂકી છે. આટલું જ નહીં મિસ અરબ વર્લ્ડ પીસ ૨૦૨૪ અને મિસ વૂમન (સાઉદી અરબ) પણ રુમી અલકાહાતાની જીતી ચૂકી છે.

આ મામલે સોશિયલ મીડિયા પર રુમી અલકાહતાનીએ કહ્યું કે મિસ યુનિવર્સ ૨૦૨૪માં ભાગ લેવાથી હું ખુદને સન્માનિત મહેસૂસ કરી રહી છું. આટલું જ નહીં પણ તેમણે પોતાના અનેક ફોટોસ પણ ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યા હતા જેમાં તે અતિ સુંદર લાગી રહી છે.



# રાજયના મુખ્ય નિર્વાચન અધિકારીની અધ્યક્ષતામાં રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજાઈ





દ્વારકા : આગામી લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે અમદાવાદ ખાતે મુખ્ય નિર્વાચન અધિકારી પી.ભારતીની અધ્યક્ષતામાં રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ચૂંટણી સમય દરમિયાન રાજકીય પક્ષો અને ચૂંટણી લડતા ઉમેદવારોએ ધ્યાનમાં રાખવાના વિવિધ વિષયો અંગે ચર્ચા કરી જરૂરી બાબતો અંગે રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને અવગત કરવામાં આવ્યા હતા.

તાજેતરમાં જ ભારતના ચૂંટણી પંચ દ્વારા આગામી લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ની ઘોષણા કરવામાં આવી હતી. જે અંતર્ગત આગામી ૧૨મી એપ્રિલ, ૨૦૨૪ના રોજ ત્રીજા તબક્કામાં ગુજરાતની લોકસભા બેઠકો માટે તેમજ વિધાનસભાની ૦૫ બેઠકો માટે પેટાચૂંટણી માટેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવનાર છે ત્યારે મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી દ્વારા રાજકીય પક્ષના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજવામાં આવી હતી. લોકસભા ચૂંટણીની જાહેરાતની સાથે જ ભારતના ચૂંટણી પંચની સુચના અનુસાર રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે યોજાયેલી આ બેઠકમાં મુક્ત, ન્યાયી અને પારદર્શી ચૂંટણીઓ યોજવા આવશ્યક બાબતો અંગે દિશાનિર્દેશ આપવામાં આવ્યા હતા.

અધિક મુખ્ય નિર્વાચન અધિકારી કુલદીપ આર્યએ ચૂંટણી સમયગાળા દરમિયાન આદર્શ આચારસંહિતાના અમલીકરણ, ખર્ચ નિરિક્ષણ, ઉમેદવારી પત્રો અને ચૂંટણી પ્રચાર સહિતની બાબતો તથા વિવિધ પરવાનગીઓ માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા તૈયાર કરવામાં આવેલી IT ઍપ્લિકેશન્સ અંગે બેઠકમાં ઉપસ્થિત રાજકીય પક્ષના પ્રતિનિધિઓને માહિતીગાર કર્યા હતા.

સંયુક્ત મુખ્ય નિર્વાચન અધિકારી એ. બી. પટેલ દ્વારા ક્રિમીનલ એન્ટીસિડન્ટ્સ દ્વારા જાહેર કરવાની માહિતી અંગેના વિવિધ ફોર્મેટ બાબતે, મતદાર યાદી, મતદાન મથકો અને પોલીંગ સ્ટાફ, EVM, હોમ વોટીંગ અને પોસ્ટલ બેલેટ અંગે વિગતવાર જાણકારી આપી હતી. જ્યારે સંયુક્ત મુખ્ય નિર્વાચન અધિકારી પી. ડી. પલસાણા દ્વારા વિવિધ માધ્યમોમાં પ્રચાર-પ્રસાર માટે રાજકીય જાહેરાતોના પૂર્વ-પ્રમાણિકરણ અને પેઈડ ન્યૂઝ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના આદેશ અને ભારતના ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલી સૂચનાઓ અંગે વિસ્તૃત માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

બેઠકમાં ઉપસ્થિત રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ દ્વારા ચૂંટણી પ્રક્રિયા સંદર્ભે વિવિધ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા, જેના સંબંધિત અધિકારીઓ દ્વારા યોગ્ય પ્રત્યુત્તર આપવામાં આવ્યા હતા. આ બેઠકમાં અમદાવાદ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પ્રવીણા ડી.કે. તથા અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય નિર્વાચન અધિકારીએ બેઠકમાં ઉપસ્થિત રાજકીય પક્ષોના તમામ પ્રતિનિધિઓને ભારતના ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલા દિશાનિર્દેશોનું પાલન કરીને શાંતિપૂર્ણ વાતાવરણમાં ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય તે માટે ચૂંટણી તંત્રને સહકાર આપવા અપીલ કરી હતી.

# લાલપુરના કાનાલુસ ગામે દેશી બંધુક સાથે જામનગરનો શખ્સ ઝડપાયો

જામનગર : જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના કાનાલુસ ગામમાં પતરા કોલોની વિસ્તારમાંથી ગેરકાયદે હથિયાર લઈને નીકળેલા જામનગરના એક શખ્સને એસ.ઓ.જી. શાખાની ટુકડીએ ઝડપી પાડ્યો છે અને તેની પાસેથી દેશી હાથ બનાવટની બંદુક કબજે કરી છે,

આ દરોડાની વિગત એવી છે કે જામનગરમાં ન્યુ ડેન્ટલ કોલેજ વિસ્તારમાં રહેતો શાહરુખખાન ઉર્ફે અમીરખાન પઠાણ નામનો શખ્સ લાલપુર તાલુકાના કાનાલુસમાં આવેલી લેબર કોલોની વિસ્તારમાં ગેરકાયદે હથિયાર લઈને નીકળ્યો છે તેવી ચોક્કસ બાતમીના આધારે એસ.ઓ.જી.ની ટુકડીએ દરોડો પાડી શાહરુખખાન પઠાણને ઝડપી પાડ્યો હતો અને તેના કબજામાંથી રૂપિયા ૫૦૦૦ની કિંમતની દેશી હાથ બનાવટની રિવોલ્વર કબજે કરી લીધી હતી. પોલીસની પૂછપરછ દરમ્યાન તેને ઉપરોક્ત હથિયાર જામનગરમાં કાલાવડ નાકા બહાર રહેતા અસગરખાન કાસમખાન પઠાણે સપ્લાય કર્યું હોવાનું કબુલતાં તેને ફરારી જાહેર કરાયો છે અને શોધ ખોળ હાથ ધરી છે.

# ખોડલધામ ટ્રસ્ટના ભૂમિસેવકો માટે આજે સાંજે બેઠક

જામનગર : શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા નિર્માણ પામનાર શ્રી ખોડલધામ કેન્સર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટરના ભૂમિદાન માટે ભૂમિ સેવકો દાતાઓ સુધી પહોંચીને ખોડલધામ એપ્લિકેશન મારફતે ઓનલાઈન દાન મેળવી રહ્યા છે. ત્યારે ભૂમિ સેવકોને ખોડલધામ એપ્લિકેશન અંગેની તાલીમ આપવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ભૂમિ સેવકોને ખોડલધામ એપ્લિકેશન મારફતે કંઈ રીતે ભૂમિદાન લઈ શકાશે તે અંગેના તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ શ્રી નરેશભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને કરાવામાં આવશે. જેમાં જામનગર જિલ્લાના ભૂમિ સેવકો, તમામ કાર્યકર્તાઓ, હોદ્દેદારો (ભાઈઓ તથા બહેનો) ઉપસ્થિત રહશે.તમામ ભૂમિ સેવકોને ખોડલધામ એપ્લિકેશન મારફતે ભૂમિદાન એકત્ર કરવા અંગેની જરૂરી તાલીમ આપવામાં આવશે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં લાઉડ સ્પીકર વગાડવાની પરવાનગી આપવા સબબ

દ્વારકા : લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત ૧૨ જામનગર સંસદીય સમાવિટ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ૮૧-ખંભાળીયા મતદાર વિભાગ તથા ૮૨-દ્વારકા મતદાર વિભાગમાં ઉમેદવારોને લાઉડ સ્પીકર વગાડવાની પરવાનગીઓ મેળવવામાં સુગમતા રહે તેમજ આચાર સંહિતાનું યોગ્ય રીતે પાલન થાય તે હેતુથી ચૂંટણીના હેતુ માટે તેમજ તે સિવાયના અન્ય તમામ હેતુઓ માટે માંગવામાં આવતી લાઉડ સ્પીકર વગાડવાની પરવાનગી આપવાના અધિકારો ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થવા સુધી સભા, લાઉડ સ્પીકર વગાડવા અંગેના નિયમો - ૧૯૬૦ના નિયમ ૧ અને ૭ હેઠળ દેવભૂમિ દ્વારકા જિલ્લાના એકથી વધુ વિધાનસભા મતદાર વિસ્તાર માટે ચૂંટણી પ્રચારમાં ફરતા વાહનમાં લાઉડ સ્પીકર વગાડવાની મંજૂરી અને ફકત ચૂંટણી સરઘસમાં લાઉડ સ્પીકર વગાડવાની મંજૂરી માટે મામલતદાર-૨ કલેકટર કચેરી દેવભૂમિ દ્વારકાની પરવાનગી લેવાની રહેશે. ૮૧-ખંભાળીયા વિધાનસભા મતદાર વિભાગના સમગ્ર વિસ્તાર માટે ચૂંટણી પ્રચારમાં ફરતા વાહનમાં લાઉડ સ્પીકર વગાડવાની મંજૂરી અને ફકત ચૂંટણી સરઘસમાં લાઉડ સ્પીકર વગાડવાની મંજૂરી મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, ખંભાળીયા અને ૮૨-દ્વારકા વિધાનસભા મતદાર વિભાગના સમગ્ર વિસ?તાર માટે ચૂંટણી પ્રચારમાં ફરતા વાહનમાં લાઉડ સ્પીકર વગાડવાની મંજૂરી અને ફકત ચૂંટણી સરઘસમાં લાઉડ સ્પીકર વગાડવાની મંજૂરી મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, દ્વારકાની પરવાનગી લેવાની રહેશે. સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકા મુજબ લાઉડ સ્પીકર વગાડવાની મંજુરી કોઈપણ સંજોગોમાં રાત્રિના ૧૦:૦૦ કલાકથી સવારના ૦૬:૦૦ કલાક સુધી આપી શકાશે નહીં તેમ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકાએ આદેશ બહાર પાડી જણાવેલ છે.

# જામનગરમાં ઉછીના પૈસા આપવાની ના પાડતા યુવાનના ભાંગી નાખ્યા

જામનગર : જામનગરમાં મયુરનાગર- વામ્બે આવાસ માં રહેતા અને કડિયા કામ કરતા જેન્તીભાઈ હીરાભાઈ પરમાર નામના ૩૫ વર્ષના યુવાને પોતાના પગમાં લાકડાનો ધોકો ફટકારી ફેક્ચર સહિતની ઈજા પહોંચાડવા અંગે તે જ વિસ્તારમાં રહેતા દીપક હરીશભાઈ વાઘેલા સામે ફરિયાદ નોંધાવી છે, જ્યારે ઈજાગ્રસ્ત યુવાનને જામનગરની જી.જી. હોસ્પિટલમાં સારવાર લેવી પડી છે.

ફરિયાદી પાસે ગઈકાલે આરોપી ઉછીતા પૈસાની માંગણી કરવા માટે આવ્યો હતો. જેને પૈસા આપવાની ના પાડતાં આરોપી ઉસકેરાઈ ગયો હતો, અને પગમાં ધોકો ફટકારી પગ ભાંગી નાખ્યો હોવાનું પોલીસ ફરિયાદમાં જાહેર કરાયું છે. જે આરોપીને પોલીસ શોધી રહી છે.

# જામનગરમાં લોકસભા સામાન્ય ચૂંટણી અનુસંધાને ફલાઈંગ સ્કવોડ અને સ્ટેટિક સર્વેલન્સ ટીમોમાં ફેરફાર

જામનગર : લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અનુસંધાને ૧૨-જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ જામનગર જિલ્લાના તમામ ૫ (પાંચ) વિધાનસભા મતદાર વિભાગો માટે ચૂંટણી વિષયક કામગીરી સોપવામાં આવેલ હોય અને તે પૈકી જે અધિકારીઓ/કર્મચારીઓને ચૂંટણીની કામગીરી મુક્ત અને ન્યાયી રીતે કરી શકાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર સંપૂર્ણપણે નિયંત્રણ રાખી શકાય તે માટે સરકારના ગૃહ વિભાગના વંચાણે લીધેલ-(૨) જાહેરનામા મુજબ ફોજદારી કાર્યરીતિ ૧૯૭૩ની કલમ-૨૧ હેઠળ ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના તથા આ અધિનિયમની કલમ-૪૪, ૧૦૩,૧૦૪,૧૨૯ અને ૧૪૪ના અધિકારો મળવાપાત્ર થાય છે.

આ અધિકારો ભોગવવા માટેનો વિસ્તાર અને સમયગાળો નિશ્ચિત કરવા માટે જિલ્લા મેજીસ્ટ્રેટને અધિકૃત કરવામાં આવેલ છે. હાલ ભારતના ચૂંટણી પંચની સુચના અનુસાર રાજકીય પક્ષો/ ઉમેદવારો તરફથી કરવામાં આવતા ખર્ચ ઉપર દેખરેખ અને નિયંત્રણ જળવાઈ રહે તે માટે ફલાઈંગ સ્કવોડ અને સ્ટેટિક સર્વેલન્સ ટીમોમાં ફેરફાર કરવામાં આવેલ છે અને તેમને ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના અધિકારો આપેલ છે.

હાલ આ ટીમોમાં ફેરફાર કરવામાં આવેલ છે. જેમાં તાલુકા પંચાયત લાલપુરના વિસ્તરણ અધિકારી એન. પી. વિસાણીને કમી કરતા તેમને આપેલ અધિકાર પરત ખેંચવામાં આવેલ છે. તેમની જગ્યાએ તાલુકા પંચાયત જામજોધપુરના વિસ્તરણ અધિકારી શૈલેશ પી. પરમારને ફલાઈંગ સ્કવોડમાં નિયુકત કરવામાં આવેલ છે. તેમને તે વિસ્તારના કાર્યક્ષેત્રમાં ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધીના સમય માટે ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટના અધિકાર ભોગવવા અધિકૃત કરવામાં આવે છે.

# ભાણવડના માનપર ખાતે સામાજિક વનીકરણ વિભાગ દ્વારા કિસાન શિબિર યોજાઈ ગઈ




દ્વારકા : વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાની ઉપસ્થિતિમાં ભાણવડ તાલુકાના માનપર ખાતે સામાજિક વનીકરણ વિભાગ દેવભૂમિ દ્વારકા દ્વારા ખેડૂતલક્ષી વિવિધ યોજના હેઠળ કિસાન શિબિર યોજાઈ હતી. આ શિબિરમાં નિષ્ણાંતો, સફળ ખેડૂતો તથા કૃષિ વૈજ્ઞાનિક દ્વારા પ્રાકૃતિક ખેતી તથા વન વિભાગની ખેડૂતલક્ષી વિવિધ યોજનાકિય જાણકારી આપવામાં આવી હતી.

આ તકે ઉપસ્થિત રહેલા પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, રાજ્ય અને કેન્દ્ર સરકાર પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપે છે, નાગરિકો સ્વસ્થ, નિરોગી અને તંદુરસ્ત રહે તે સરકારની પ્રાથમિકતા છે. દરેક ખેડૂતે પોતાના ખેતરમાં પ્રાકૃતિક ખેતીનો પ્રયોગ કરવો જોઈએ. દરેક ગામમાં વધુને વધુ વૃક્ષોનું ઉછેર થાય અને પર્યાવરણની જાળવણી થાય તેવી અપીલ પણ મંત્રીશ્રીએ કરી હતી. આ ઉપરાંત મંત્રીશ્રી એગ્રો ફોરેસ્ટ્રીનો અમલ કરવા તથા તેની યોજનાઓ વિશે વાત કરી ખેડૂતો માટેની વન વિભાગની યોજનાઓનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. અગ્રણી પાલભાઈ કરમુરએ જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશ સતત પ્રગતિ કરી રહ્યો છે. રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં તમામ વિભાગોમાં વિકાસ થઈ રહ્યો છે. ત્યારે માર્ગ અને મકાન પંચાયત વિભાગ દ્વારા કાર્યરત રસ્તાના કામનું ભૂમિ પૂજન થયું છે. રસ્તો બન્યા બાદ નાગરિકોને આ રસ્તો ખુબ ઉપયોગી બનશે. તથા સામાજિક વનીકરણ વિભાગ દ્વારા કિસાન શિબિર દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી વિશે જાણકારી મળી છે. નાયબ વન સંરક્ષક અરુણ કુમારે વન વિભાગની ખેડૂતલક્ષી યોજનાઓની વિસ્તૃત જાણકારી આપી યોજનાઓનો લાભ લેવા ખેડૂતોને અપીલ કરી હતી. સફળ ખેડૂત નવીનભાઈ નકુમે જંગલ મોડેલ ફાર્મ વિશે પોતાના સ્વ અનુભવ તથા ખેતીમાં કરેલા પ્રયોગોની ગાથા રજૂ કરી હતી. આ ઉપરાંત પ્રાકૃતિક ખેતીના સફળતાના સાક્ષી એવા રોહિતભાઈએ પ્રાકૃતિક ખેતી વિશે વિસ્તારથી જાણકારી આપી હતી. કૃષિ વૈજ્ઞાનિક ડો. કે. પી. બારૈયાએ પ્રાકૃતિક કૃષિ વિશે ખેડૂતોને જીણવટ ભર્યું માર્ગદર્શન આપવાની સાથે તેનું પ્રેઝન્ટેશન પણ કર્યું હતું. કાર્યક્રમનું સ્વાગત પ્રવચન મદદની સંરક્ષક કે. કે. પીંડારીયાએ તથા આભાર વિધિ આરએફઓ બી.જે.ડોડીયાએ કરી હતી. કાર્યક્રમનું સંચાલન સહદેવસિંહ જેઠવા કર્યું હતું. કાર્યક્રમમાં અધિકારીઓ, અગ્રણીઓ, ખેડૂતો સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# દિવ્યાંગોને ચૂંટણીલક્ષી સેવાઓ સરળતાથી ઉપલબ્ધ કરાવતી સક્ષમ એપ્લિકેશન

## દેવભૂમિ દ્વારકા જિલ્લાના ૭૨૫૭ દિવ્યાંગ મતદારોને મતદાર નોંધણી, મતદાન મથક શોધ, આગોતરા વ્હીલચેરના રજિસ્ટ્રેશન સહિતની સુવિધાઓ મળશે

દ્વારકા : ભારતનું ચૂંટણી પંચ દિવ્યાંગ લોકો માટે મતદાર ઓળખ અને નોંધણી પ્રક્રિયાને સરળ બને તે માટે પ્રતિબદ્ધતાપૂર્વક કામ કરી રહ્યું છે. ચૂંટણી પંચની નવી પહેલ અંતર્ગત દિવ્યાંગોને ચૂંટણીલક્ષી સેવાઓ સરળતાથી ઉપલબ્ધ કરાવવા માટે સક્ષમ એપ્લિકેશન બનાવવામાં આવી છે.

સક્ષમ એપ્લિકેશન ઉપયોગમાં સરળ અને અનેકવિધ સુવિધાઓ પ્રદાન કરે છે. સક્ષમ એપ દિવ્યાંગોને મતદાન માટે નોંધણી કરાવવાનું, તેમનું મતદાન મથક શોધવાનું અને તેમનો મત આપવાનું સરળ બનાવવામાં મદદરૂપ થાય છે.

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર જી. ટી. પંડ્યાના માર્ગદર્શન હેઠળ દિવ્યાંગ મતદારોને તેમની મતદાનની પવિત્ર ફરજ અદા કરવા માટે વિવિધ આવશ્યક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૮૧-ખંભાળિયા વિધાનસભા મત વિભાગમાં પુરુષ-૨૦૬૫ અને સ્ત્રી-૧૨૬૮ એમ કુલ ૩૩૩૩ તથા ૮૨-દ્વારકા વિધાનસભા મતવિભાગમાં પુરુષ-૨૩૧૩ અને સ્ત્રી-૧૬૧૧ એમ કુલ ૩૯૨૪ દિવ્યાંગ મતદારો છે. આમ, જિલ્લામાં કુલ ૪૩૭૮ - પુરુષ અને ૨૮૭૯ - સ્ત્રી એમ કુલ ૭૨૫૭ દિવ્યાંગ મતદારો નોંધાયેલા છે. આ મતદારો માટે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખાસ ૨(બે) દિવ્યાંગ સંચાલિત મતદાન મથકો પણ બનાવવામાં આવશે. દિવ્યાંગ મતદારો મતદાન મથકે સ્વયંસેવકોની સુવિધા સહિત એડવાન્સમાં વ્હીલચેરની જરૂરિયાત પણ રજિસ્ટર કરાવી શકશે.

આ એપ્લિકેશનમાં પ્રથમ વખત મતદાન કરનાર દિવ્યાંગએ તેમના રાજ્ય, જિલ્લા અને વિધાનસભા મતવિસ્તાર સાથે તેમનું નામ, સરનામું અને મોબાઈલ નંબર ફીડ કરવાનો રહેશે. જ્યારે નોંધાયેલા મતદારોએ તેમનો નંબર એપ્લિકેશનમાં નોંધાવવાનો રહેશે. નોંધણી બાદ બૂથ-સ્તરનો અધિકારી અન્ય ઔપચારિકતાઓ પૂર્ણ કરવા માટે ઘરે તેમની મુલાકાત લેશે. તે પછી, મતદાર આઈ.ડી. કાર્ડ તેમના સરનામાં પર મોકલવામાં આવશે, એટલું જ નહીં આ એપ દ્વારા દિવ્યાંગોને મતદાનના દિવસે વ્હીલચેર માટે આગોતરા નોંધણીની સુવિધા પણ આપવામાં આવી છે. દ્રષ્ટિની ક્ષતિ ધરાવતા દિવ્યાંગો માટે અવાજ સહાય, સાંભળવાની ક્ષતિ ધરાવતા દિવ્યાંગોને ટેક્સ્ટ-ટુ-સ્પીચની સુવિધા, મતદાન મથકોની માહિતી ઉપલબ્ધ કરાવવામાં મદદરૂપ થાય છે. આ એપમાં મતદાન મથક પર ઉપલબ્ધ સુવિધાઓ અને મતદાન અધિકારીઓની સંપર્ક વિગતો આપવામાં આવે છે. સાથે જ એપ પર ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લેતી વખતે દિવ્યાંગોને આવતી કોઈપણ સમસ્યા અંગે ફરિયાદ નોંધાવી શકાશે.

# દરેડમાં પરણિતાને મારકુટ-ત્રાસ અંગે સાસરિયાઓ સામે ફરિયાદ

જામનગર : જામનગર નજીક દરેડમાં રહેતી એક પરણીતાને તેમના સાસરીયાઓએ મારકુટ કરી ત્રાસ ગુજારી ઘરમાંથી હાંકી કાઢતાં તેણીએ મહિલા પોલીસ મથકનો સંપર્ક સાધ્યો છે, અને પોલીસે તમામ છ સાસરીયાઓ સામે ગુનો નોધ્યો છે.

જામનગર નજીક દરેડમાં માધવ ટાઉનશિપમાં રહેતી માનસી બેન વિશાલભાઈ કામળિયા નામની ૨૧ વર્ષની પરણીતાએ જામનગરના મહિલા પોલીસ મથકનો સંપર્ક સાધ્યો હતો, અને પોતાના પતિ સહિતના સાસરીયાઓ લગ્નજીવન દરમિયાન નાની-નાની બાબતોમાં વાંક કાઢી ગાળો આપી પોતાને મારકુટ કરતા હોવાની ફરિયાદ કરી હતી. જે ફરિયાદના અનુસંધાને મહિલા પોલીસ સ્ટેશન ના પી. એસ. આઈ. એન. એમ. ઝાલાએ માનસી બેનના પતિ વિશાલ ભરતભાઈ કામળિયાઝ સસરા ભરત ગોવિંદભાઈ કામળિયા, સાસુ સરોજબેન ભરતભાઈ કામળિયા, દિયર હિરેનભાઈ ભરતભાઈ કામળિયા, મામાજી સસરા સાગરભાઈ બટુકભાઈ લાડવા, અને નાનાજી સસરા બટુકભાઈ લાડવા સામે સ્ત્રી અત્યાચાર ધારા હેઠળ ગુનો નોંધ્યો છે, અને વધુ તપાસ હાથ કરી છે.

# ખંભાળીયાની દ્વારકાધીશજી હવેલીમાં ફુલમંડળી



ખંભાળીયા : ખંભાળીયાની ન્યુ રામનાથ સોસાયટી ખાતે આવેલ શ્રી દ્વારકાધીશજીની હવેલીમાં ફુલડોલ ઉત્સવ પછીના દિવસે દ્વિતીયા પાટોત્સવ પ્રસંગે ફુલમંડળીના દર્શન મધ્યાહન સમયે યોજાયા હતા. જેનો બહોળી સંખ્યામાં વૈષ્ણવોએ લાભ લીધેલ. પૃષ્ટિમાર્ગમાં વસંત પંચમીથી ફાગણ સુદ પુનમ સુધી (૪૦ દિવસ) પ્રભુ રંગેથી રમ્યા બાદ ઠાકોરજીને ફુલમંડળી ધરાવવામાં આવે છે. ફાગણમાં ભગવાને પોતાના ભગવાન તરીકેનું મહાત્મ્ય ભુલીને તેમના ભકતો સાથે તેમની લાગણી મુજબ હોળી રમે છે અને હોળીની પ્રવૃતિઓ દ્વારા ભકતોને સખ્ય—મધુર્ય રસનું દાન કર્યુ છે. જે પ્રભુએ હોળીની રમતમાં પોતાનું મહાત્મ્ય ભુલીને ભકતોને સુખ આપ્યું હતું તે આજે ફરી ભગવાન ભગવાન બનીને બિરાજે છે આ હોળીની રમત દ્વારા ભગવાને તમામ વ્રજભકતોની મનોકામનાઓ પૂર્ણ કરી હતી. વ્રજભકતોની પૂર્ણ ભકિત સાથે હોળીની રમતના ઉમંગ બાદ ભગવાન ભકતોના હૃદયમાં બિરાજમાન થયા. એટલા માટે શ્રી સ્વામીનીજીએ આ દ્વિતીયા પાટોત્સવ ઉજવ્યો હતો.

# જામ્યુકો સંચાલિત સેલ્ટર હોમમાં આશ્રિત ગરીબ બાળકો પણ ધૂળેટીના રંગે રંગાયા



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર મહાનગરપાલિકા સંચાલિત બેડી વિસ્તારમાં આવેલા સેલ્ટર હોમ તેમજ હાપા વિસ્તારમાં આવેલા સેલ્ટર હોમમાં આશ્રિત પરિવારો કે જે પરિવારના નાના બાળકો ધુળેટી નો આનંદ લઈ શકે, તે માટે જામનગર મહાનગરપાલિકા દ્વારા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. મ્યુનિ. કમિશનર ડી.એન. મોદી તેમજ આસી. કમિશનર ભાવેશ જાની ના પ્રયાસો થી મહાનગરપાલિકાના યુસીડી વિભાગના અશોક જોષી સહિતની ટીમ દ્વારા તમામ બાળકોને બંને સેલ્ટર હોમમાં હોળી ધુળેટી રમવા માટેના કલર સહિતની વ્યવસ્થા કરી આપવામાં આવી હતી, અને નાના બાળકોના જીવનમાં રંગ ભરવાનો વિનમ્ર પ્રયાસ થયો હતો. જેથી ગરીબ બાળકો અને તેના પરિવારજનો એ ખુશી વ્યક્ત કરી હતી. જેઓને માટે અલ્પાહાર ની વ્યવસ્થા પણ વિશેષથી કરવામાં આવી હતી.

# ગુજરાત સુપર લીગ ગુજરાત ફૂટબોલમાં ક્રાંતિકારી પરિવર્તન લાવશે



જામનગર : ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન (જી.એસ.એફ.એ.) પ્રમુખ પરિમલ નથવણીના માર્ગદર્શનમાં ગુજરાત સુપર લિગ ગુજરાતની પ્રથમ ફ્રેન્ચાઈઝી આધારિત ફૂટબોલ લીગ તરીકે ઈતિહાસ સર્જી દેશે. રાજ્યમાં ફૂટબોલ રમતની પ્રગતિ યાત્રામાં ગુજરાત સુપર લીગ (જી.એસ.એલ.) એક મહત્વપૂર્ણ પડાવ છે. ઑલ ઈન્ડિયા ફૂટબૉલ ફેડરેશને પણ તેને મંજૂરી આપી દીધી છે.

આ સુપર લીગમાં છ ટીમો એક બીજા સાથે પંદર મેચોમાં ગળાકાપ સ્પર્ધા કરશે; અને ફાઈનલમાં પહોંચવા એડીચોટીનું જોર લગાવશે. આ લીગનો ઉદ્દેશ્ય ગુજરાતમાં ફૂટબોલનું સ્તર તો ઉપર લાવશે જ, સાથે સાથે સ્થાનિક પ્રતિભાશાળી ખેલાડીઓને રાષ્ટ્રીય સ્તરે ઝળકવા માટે પ્લેટફોર્મ પૂરું પાડશે. આ લીગમાં ટીમ ઓનર તરીકે (૧) લોયલ ઈક્વિપમેન્ટ લિમિટેડના શ્રી અલ્પેશ પટેલ (૨) કે ઍન્ડ ડી કોમ્યુનિકેશનના કમલેશ ગોહિલ, (૩) રત્નમણી મેટલ્સ ઍન્ડ ટ્યુબ્સ લિમિટેડના શ્રી પ્રશાંત સંઘવી, (૪) વીવા સ્ટીલ પ્રાઈવેટ લિમિટેડના સાહિલ પટેલ, (૫) ટૂવેલ્યુ ગ્રુપના મનીષ પટેલ અને સુહૃદ પટેલ તથા (૬) અક્ષિતા કોટન લિમિટેડના કુશલ એન. પટેલ એ તૈયારી દર્શાવી છે. લીગનો ઉદ્દેશ્ય ફૂટબોલ ખેલાડીઓને નાણાંકીય રીતે સહાયભૂત થવાનો પણ છે.

જી.એસ.એફ.એ. રિલાયન્સ કપ ઈન્ટર ડિસ્ટ્રિક્ટ સીનિયર મેન ફૂટબોલ ટુર્નામેન્ટ અને જી.એસ.એફ.એ. સીનિયર કલબ ચેમ્પિયનશીપ ટુર્નામેન્ટનમાં ઝળકેલા ખેલાડીઓમાંથી બન્ને ટુર્નામેન્ટોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હોય તેવા ૮૪ ખેલાડીઓ સહિત સબસ્ટિટ્યુટ ખેલાડીઓ આ છ ટીમો માટે પસંદ કરાશે. વધુમાં, છેલ્લે અરૂણાચલ પ્રદેશમાં રમાયેલી ૭૭ મી સંતોષ ટ્રોફીમાં જે બાર ટીમો રમી હતી તેમાંના ૩૬ ગુજરાત બહારના ખેલાડીઓનો પણ આ ટીમોમાં સમાવેશ થશે. આમ લીગમાં રાજ્યના તથા રાષ્ટ્રના પ્રતિભાવન ખેલાડીઓ જી.એસ.એફ.એ.ને વધુ ઊંડાણ અને વૈવિધ્ય પ્રદાન કરશે. આ સુપર લીગ માટે તમામ હેડ કોચ તરીકે એ.એફ.સી. 'એ' સર્ટિફિકેટ ધરાવતા ગુજરાતના કોચ રહેશે અને ટેકનીકલ સ્ટાફ પણ ગુજરાતમાંથી જ રહેશે. આમ, ગુજરાતની પ્રતિભાઓને ઉજાગર કરવાનો ઉદ્દેશ્ય આ સુપર લીગ પાછળ રહેલો છે.

સ્થાનિક ઉભરતા પ્રતિભાશાળી ખેલાડીઓને અનુભવી અને ઘડાયેલા ખેલાડીઓ સાથે રમવાની તક મળે તેવી રીતે ટીમો તૈયાર કરવામાં આવશે. જેની જાહેરાત એપ્રિલના પ્રથમ સપ્તાહમાં કરવામાં આવશે. ગુજરાત સુપર લીગની મેચો તા. ૦૧-૦૫-૨૦૨૪ થી તા. ૧૨-૦૫-૨૦૨૪ સુધી ફીફા પ્રમાણિત ટ્રાન્સસ્ટેડિયા, અમદાવાદમાં રમાડવામાં આવશે, જ્યાં ખેલાડીઓ તેમજ દર્શકો બન્ને રમતનો આનંદ માણી શકે તેમ છે. ગુજરાત સુપર લીગ આ પહેલ સાથે રાજ્યમાં ફૂટબોલને પુનઃપરિભાષિત કરશે અને નવી પેઢીના રમતવીરોને ભવ્ય ભાવિ તરફ ધપવાની પ્રેરણા આપશે.

# માસુમ બાળકીએ કર્યું રોઝુ



ઈસ્લામ ધર્મના પવિત્ર રમઝાન માસમાં સીલ્વર સોસાયટી-જામનગરમાં રહેતી નિહા નઈમ સોલંકી (ઉ.વ.૬)એ રોઝુ રાખી અલ્લાહની બંદગી કરી હતી.

## અવસાન નોંધ

**જામનગર :** મૂળ કોયલી હાલ જામનગર ચા.મ.મોઢ બ્રાહ્મણ જ્યોત્સનાબેન મગનલાલ પંડ્યા (ઉ.વ.૮૬) તે સ્વ.મગનલાલ ઉમિયાશંકર પંડ્યાના પત્ની, વિમલ પંડ્યા તથા ઊર્મિશ પંડ્યા (સલાયા નગરપાલિકા)ના માતુશ્રી, હેમલ, સાગર, કૌશલ , હર્ષના દાદીમા અને પરેશભાઈ પંડ્યા (રાણાવાવ) મનોજભાઈ પંડ્યા (રાજકોટ)ના ભાભુ તથા મુકુન્દરાય જોશી (ફોરેસ્ટ)ના બહેનનું તારીખ ૨૯.૩.૨૦૨૪ ના રોજ અવસાન થયું છે. સદગતની પ્રાર્થનાસભા તા.૧.૦૪.૨૦૨૪ને સોમવારના રોજ ૪.૦૦ થી ૪.૩૦ પાબારી હોલ, તળાવની પાળ, જામનગર ખાતે રાખેલ છે.

# રાજકીય દબાણને કારણે ન્યાયતંત્ર જોખમમાં : ૬૦૦ વકીલોનો સીજેઆઈને પત્ર

નવીદિલ્હી,
૬૦૦ વકીલોએ સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડને પત્ર લખીને ચિંતા વ્યક્ત કરી છે કે રાજકીય દબાણને કારણે ન્યાયતંત્ર જોખમમાં છે. રાજકીય દબાણથી ન્યાયતંત્રનું રક્ષણ કરવાનું શીર્ષક ધરાવતા આ પત્ર પર વરિષ્ઠ વકીલો હરીશ સાલ્વે, મનન કુમાર મિશ્રા, આદિશ અગ્રવાલ, ચેતન મિત્તલ, પિંકી આનંદ અને સ્વરૂપમા ચતુર્વેદી સહિતના અગ્રણી વકીલોએ હસ્તાક્ષર કર્યા હતા.

તેઓએ ન્યાયતંત્રની અખંડિતતાને નબળી પાડવાનો હેતુ ધરાવતા અમુક હિત જૂથો સામે પગલાં લેવાની માંગ કરી છે. તેમણે કહ્યું કે ખાસ કરીને રાજકીય વ્યક્તિઓ અને ભ્રષ્ટાચારના આરોપો સાથે સંકળાયેલા કેસોમાં ન્યાયતંત્રના ચુકાદાને પ્રભાવિત કરવા દબાણની રણનીતિનો ઉપયોગ કરવામાં આવે છે. આવી ક્રિયાઓ લોકશાહી માળખા માટે નોંધપાત્ર જોખમ ઊભું કરે છે અને ન્યાયિક પ્રણાલીમાં લોકોના વિશ્વાસને નબળો પાડે છે. ઓલ મણિપુર બાર એસોસિએશને ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા ડીવાય ચંદ્રચુડને પત્ર લખીને કહ્યું છે કે ન્યાયતંત્ર પર થતા હુમલાઓ સામે પગલાં લેવાની જરૂર છે.અદાલતો કાયદાના શાસન વિનાના દેશોના સ્તર સુધી મર્યાદિત છે. આ માત્ર ટીકાઓ નથી, તે ન્યાયિક પ્રણાલી પર સીધા પ્રહારો છે. પત્રમાં, તેમણે સુપ્રીમ કોર્ટને ન્યાયતંત્રની અખંડિતતા જાળવવા માટે આ હુમલાઓ સામે રક્ષણાત્મક પગલાં લેવાની વિનંતી કરી. અદાલતી પ્રક્રિયાઓ અને લોકોના ભરોસાને ઠેસ પહોંચાડવા માટે ન્યાયતંત્ર પર પાયાવિહોણા આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. એવું લખવામાં આવ્યું છે કે કેટલાક લોકોનો ઉદ્દેશ્ય કોર્ટમાં લોકોના વિશ્વાસને બદનામ કરવાનો અને નબળો પાડવાનો છે.

વકીલોના મતે, જૂથ ન્યાયિક પરિણામોને પ્રભાવિત કરવા માટે દબાણની યુક્તિઓ અપનાવી રહ્યું છે, ખાસ કરીને રાજકીય વ્યક્તિઓ અને ભ્રષ્ટાચારના આરોપો સાથે સંકળાયેલા કેસોમાં તેઓ દલીલ કરે છે કે આ ક્રિયાઓ લોકશાહી માળખાં અને ન્યાયિક પ્રક્રિયાઓમાં મૂકવામાં આવેલા વિશ્વાસ માટે નોંધપાત્ર ખતરો છે. વકીલોએ ન્યાયતંત્રના કહેવાતા 'સુવર્ણ યુગ' વિશે ખોટી વાર્તાઓના પ્રચાર સહિત, વર્તમાન કાર્યવાહીને બદનામ કરવા અને અદાલતોમાં લોકોના વિશ્વાસને નબળો પાડવા સહિત અનેક સંબંધિત પદ્ધતિઓ પર પ્રકાશ પાડ્યો.

## વકિલોની રજુઆતમાં મોદીએ પણ સુર પૂરાવ્યો



સુપ્રીમ કોર્ટના ઘણા નિર્ણયો લાંબા સમયથી ચર્ચામાં છે. કેટલાક નિર્ણયો શાસક પક્ષને પસંદ આવ્યા છે તો કેટલાક નિર્ણયો વિપક્ષને પસંદ આવ્યા છે. દરમિયાન, તાજેતરમાં સુપ્રીમ કોર્ટ અને દેશના ૬૦૦ થી વધુ વરિષ્ઠ વકીલોએ ભારતના મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડને પત્ર લખીને કહ્યું છે કે ન્યાયતંત્ર જોખમમાં છે અને તેને રાજકીય અને વ્યવસાયિક દબાણથી બચાવવાની જરૂર છે. હવે આ મામલે પીએમ મોદી પણ કૂદી પડ્યા છે. આ પત્રને સમર્થન આપતાં પીએમએ કોંગ્રેસ પર આરોપ લગાવ્યો છે કે બીજાને ડરાવવા એ કોંગ્રેસની જૂની સંસ્કૃતિ છે.

વાસ્તવમાં, આ પત્ર શેર કરતી વખતે, પીએમ મોદીએ સોશિયલ મીડિયા પર લખ્યું હતું કે બીજાને ડરાવવા એ કોંગ્રેસની જૂની સંસ્કૃતિ છે. લગભગ ૫૦ વર્ષ પહેલા તેમણે વધુ સારી ન્યાયતંત્રની વાત કરી હતી. તેઓ નિર્લજ્જતાથી તેમના સ્વાર્થ માટે અન્ય લોકો પાસેથી પ્રતિબદ્ધતા શોધે છે પરંતુ રાષ્ટ્ર પ્રત્યેની કોઈપણ પ્રતિબદ્ધતાને ટાળે છે. કોઈ આશ્ચર્ય નથી કે ૧૪૦ કરોડ ભારતીયો તેમને નકારી રહ્યા છે. આ સમગ્ર મામલો એવો છે કે દેશના પૂર્વ સોલિસિટર જનરલ હરીશ સાલ્વે સહિત ૬૦૦થી વધુ વરિષ્ઠ વકીલોએ ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા ડીવાય ચંદ્રચુડને પત્ર લખ્યો છે. હરીશ સાલ્વે ઉપરાંત ચેતન મિત્તલ, પિંકી આનંદ, હિતેશ જૈન, મનન કુમાર મિશ્રા, આદિશ અગ્રવાલ, ઉજ્જવલા પવાર, ઉદય હોલ્લા અને સ્વરૂપમા ચતુર્વેદી પણ છે. પત્રમાં ન્યાયતંત્ર પર અમુક જૂથોના દબાણ અને ન્યાયતંત્રની અખંડિતતાને નબળી પાડવાના પ્રયાસો પર પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.

## ઈમરાનની પાર્ટીને રેલી કરવાની પરવાનગી મળી, ઈસ્લામાબાદમાં છઠ્ઠી એપ્રિલે સભા

ઈસ્લામાબાદ,
ઈસ્લામાબાદ હાઈકોર્ટે પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ દ્વારા ઈસ્લામાબાદમાં રેલીનું આયોજન કરવા માટે જેલમાં બંધ પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની અરજી સ્વીકારી લીધી છે. કોર્ટે અધિકારીઓને કાયદા મુજબ પાર્ટીને રેલીનું આયોજન કરવાની મંજૂરી આપવાનો આદેશ પણ આપ્યો હતો.

ઈસ્લામાબાદ હાઈકોર્ટે પીટીઆઈ દ્વારા રેલી યોજવાના મામલાની સુનાવણી કરી. પાર્ટી આ રેલી ૨૩ અથવા ૩૦ માર્ચે આયોજિત કરવા માંગતી હતી, પરંતુ બાદમાં તેઓએ ૬ એપ્રિલે તેનું આયોજન કરવાનું નક્કી કર્યું. જિલ્લા વહીવટીતંત્રે પરવાનગી આપવાનો ઈનકાર કર્યા બાદ પક્ષે કોર્ટનો સંપર્ક કર્યો હતો. ચીફ જસ્ટિસ આમિર ફારુકે આ કેસની સુનાવણી કરી હતી. તેમણે કહ્યું, "કોઈને મળવાનો અધિકાર છીનવી ન શકાય. શરતો નક્કી કરવામાં કોઈ સમસ્યા નથી, પરંતુ તેને નિયમો અને શરતોની વિરુદ્ધ લાગુ ન કરવી જોઈએ." પીટીઆઈના વકીલ શેર અફઝલ મારવતે કહ્યું કે તેમની પાર્ટી ૬ એપ્રિલે એક જાહેર રેલીનું આયોજન કરવા માંગે છે. તેના પર જસ્ટિસ ફારુકે પાર્ટીને રેલી દરમિયાન કોઈ હંગામો ન થાય તેની ખાતરી કરવા કહ્યું.

# કૃષિ સંસ્થાએ પાકિસ્તાન પર સંરક્ષિત બાસમતી ચોખાની જાતોની ચોરી કરવાનો મુક્યો આરોપ

## પાકિસ્તાનની નાપાક હરકત, બાસમતી ચોખા પર છેડાયો વિવાદ

નવીદિલ્હી,
ભારત અને પાકિસ્તાનનું નામ આવતાની સાથે જ મોટાભાગના લોકોના મનમાં પહેલો વિચાર આવે છે તે છે યુદ્ધ. પછી તે કાશ્મીરના સરહદી મેદાન પર હોય કે પછી ક્રિકેટના મેદાન પર, ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધના અન્ય ઘણા મોરચા છે. હાપ તમે સાચું સાંભળી રહ્યા છો, કાશ્મીર, ક્રિકેટથી લઈને બાસમતી ચોખા સુધીની દરેક બાબત પર ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધનું વાતાવરણ છે. જેનું અંતિમ ધ્યેય સુગંધ અને સ્વાદના વૈશ્વિક વ્યવસાયમાં પ્રભુત્વ સ્થાપિત કરવાનું છે.



ડાંગરને તેના ગુણધર્મના આધારે ઘણી શ્રેણીઓમાં વિભાજિત કરી શકાય છે, જેમાં સામાન્ય ડાંગર, બાસમતી ડાંગર અને સુગંધિત ડાંગરને પણ અલગ-અલગ શ્રેણીમાં રાખવામાં આવ્યા છે, આમાં બાસમતી ડાંગર પણ સુગંધિત ડાંગર છે, પરંતુ બાસમતી અને સુગંધિત ડાંગરની અલગ જ ઓળખ છે.ચોક્કસ પ્રદેશમાં ઉગાડવામાં આવતા સુગંધિત ડાંગરને બાસમતી ડાંગર તરીકે ઓળખવામાં આવે છે. સરળ શબ્દોમાં કહીએ તો, હિમાલયની તળેટીના અમુક વિસ્તારોમાં ઉગાડવામાં આવતા સુગંધિત ચોખાને બાસમતી ડાંગર તરીકે ઓળખવામાં આવે છે, જ્યારે દેશના અન્ય વિસ્તારોમાં ઉગાડવામાં આવતા સુગંધિત ચોખાને અન્ય નામોથી ઓળખવામાં આવે છે. વાત એ છે કે દરેક સુગંધિત ડાંગર કે ચોખા બાસમતી ન હોઈ શકે અને બાસમતી તેની સુગંધ અને સ્વાદને કારણે દુનિયામાં રાજા છે.

## નિજ્જર હત્યા કેસઃ ટ્રૂડો હવે ભારત સાથે મળીને તપાસ કરવા માગે છે

ટોરેન્ટો,
ટૂડોને જ્યારે કેનેડિયન નાગરિક હરદીપસિંહ નિજ્જરની હત્યાની તપાસમાં ભારતના સહયોગ અંગે પૂછાયું તો તેમને કહ્યું કે કેનેડાની ધરતી પર કેનેડિયન નાગરિકની હત્યા અંગે અમે ખૂબ ગંભીરતાથી લઈ રહ્યા છીએ.

તેમણે ઉમેર્યું, "ભારતીય એજન્ટો સંડોવાયેલા હોવાના વિશ્વસનીય આરોપો છે. આ એવી બાબત છે જેને અમે હળવાશથી લીધી નથી. વિદેશી સરકારોના ગેરકાયદેસર પગલાંથી તમામ કેનેડિયનોને બચાવવાની અમારી જવાબદારી છે." ટૂડોએ કહ્યું કે કેનેડાની સરકાર ખાતરી કરી રહી છે કે આ મામલાની યોગ્ય તપાસ થાય. કેનેડિયન પીએમે કહ્યું, "આ મામલાની સપાટી પર પહોંચવા માટે અમે ભારત સરકાર સાથે રચનાત્મક રીતે કામ કરવા આતુર છીએ. અમે સમજવાનો પ્રયાસ કરી રહ્યા છીએ કે આ કેવી રીતે થયું? અમે ખાતરી કરવા માંગીએ છીએ કે "કેનેડિયન નાગરિકો ફરી ક્યારેય સંવેદનશીલ ન રહે. વિદેશી અથવા આંતરરાષ્ટ્રીય શક્તિ દ્વારા દખલગીરી કરવી." ઉલ્લેખનીય છે કે કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટૂડોએ આરોપ મુક્યો હતો કે નિજ્જરની હત્યામાં ભારત સરકારનો હાથ હતો. જો કે ભારતે આ આરોપોને ફગાવી દીધા હતા.

# ચીને પાકિસ્તાનને રોકડું પરખાવ્યું, સુરક્ષામાં તમે નિષ્ફળ હવે અમે સેના તહેનાત કરીશું

ઈસ્લામાબાદ,
ચીન પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર એટલે કે સીપીઈસી પર વધી રહેલા હુમલાને પગલે પાકિસ્તાની સુરક્ષાની પોલ ખુલ્લી પડી ગઈ છે. ચીને પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફને સોય ઝાટકીને કહ્યું હતું કે સુરક્ષા પૂરી પાડવામાં પાકિસ્તાની સેના અને સુરક્ષા એજન્સીઓ નિષ્ફળ ગઈ છે. હવે સીપેકસ્થિત બલુચિસ્તાન અને ખૈબર પખ્તુનખ્વાહ રાજ્યોમાં ચીન પોતાની રેડ આર્મી તહેનાત કરશે. ચીનના રાજદૂત જિયાંગ જાયડોંગે શાહબાઝને રાષ્ટ્રપતિ શી જિનપિંગનો આ સંદેશો પહોંચતો કરી દીધો છે.



છેલ્લા ૭ દિવસમાં બલુચ હુમલામાં ગ્વાદર પોર્ટ પર ૩ ચીની અધિકારી ઘવાયા છે જ્યારે ખૈબરમાં કબાઈલી હુમલામાં ચીનના ૫ ઈજનેર માર્યા ગયા છે. પાકિસ્તાને પહેલાં પણ ચીની નાગરિકોને સુરક્ષા આપવાની ખાતરી આપ્યા છતાં હુમલા ન રોકાતાં ચીને નારાજગી દર્શાવી છે.

## અમેરિકાના ઈલિનોઈસમાં છરાબાજીઃ ૪ના મોત, ૭ ઘાયલ

ઈલિનોઈસ,
અમેરિકાના ઉત્તરી ઈલિનોઈસમાં છરી વડે હુમલાની ઘટનાથી લોકોમાં ભયનો માહોલ ફેલાયો છે. આ ભયાનક ઘટનામાં ચાર લોકોના મોત થયા હતા અને સાત અન્ય ઘાયલ થયા હતા. અધિકારીઓએ આ માહિતી આપી હતી. રોકફોર્ડ પોલીસ વડા કાર્લા રેડે જણાવ્યું હતું કે ૨૨ વર્ષીય શંકાસ્પદ પોલીસ કસ્ટડીમાં છે અને તેની પૂછપરછ કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે ઘાયલોમાં એક વ્યક્તિની હાલત ગંભીર છે.

તેમણે જણાવ્યું હતું કે, રોકફોર્ડ પોલીસને સ્થાનિક સમયાનુસાર બપોરે ૧.૧૪ કલાકે પહેલો કોલ આવ્યો હતો, ત્યારબાદ બીજા ઘણા ફોન આવ્યા હતા. પોલીસ વડાએ જણાવ્યું હતું કે હાલમાં આ ઘટનામાં અન્ય કોઈની સંડોવણી હોવાની શંકા નથી અને "આવો જઘન્ય અપરાધ કરવા પાછળના શંકાસ્પદના હેતુ વિશે અમને હજુ સુધી ખબર નથી." રોકફોર્ડ પોલીસે શરૂઆતમાં અહેવાલ આપ્યો હતો કે આ ઘટનામાં પાંચ લોકો ઘાયલ થયા છે, પરંતુ વિન્નેબેગો કાઉન્ટી શેરિફ ઓફિસના જનસંપર્ક અધિકારી કોરી હિલીયાર્ડે સાંજે કહ્યું કે કુલ સાત લોકો ઘાયલ થયા છે.

## ભાગેડુ નીરવ મોદીનો લંડન સ્થિત આલીશાન બંગલો વેચવા કોર્ટની મંજુરી

નવીદિલ્હી,
ભાગેડુ નીરવ મોદીને લંડન હાઈકોર્ટ તરફથી મોટો ઝટકો લાગ્યો છે. કોર્ટે પીએનબી કૌભાંડના આરોપી નીરવ મોદીનો લંડનમાં આવેલ આલીશાન બંગલો વેચવાની મંજૂરી આપી દીધી છે. નીરવ મોદીનો આ આલીશાન બંગલો સેન્ટ્રલ લંડનના મેરીલેબોનમાં આવેલો છે. નીરવ મોદી પોતાના પરિવાર સાથે આ બંગલામાં રહે છે. સુનાવણી દરમિયાન કોર્ટે કહ્યું કે આ બંગલો ૫.૨૫ મિલિયન બ્રિટિશ પાઉન્ડ એટલે કે લગભગ ૫૫ કરોડ



રૂપિયાથી ઓછી કિંમતમાં વેચી શકાય નહીં. જસ્ટિસ માસ્ટર જેમ્સ બ્રાઈટવેલે આ નિર્ણય આપ્યો હતો. તમને જણાવી દઈએ કે નીરવ મોદીનો આલીશાન બંગલો જેને લંડન હાઈકોર્ટે વેચવાનો આદેશ આપ્યો છે તે ૨૦૧૭માં એક ટ્રસ્ટને આપવામાં આવ્યો હતો.

તમને જણાવી દઈએ કે હરીશ સાલ્વે આ કેસમાં ઈડી વતી હાજર થયા હતા જ્યારે નીરવ મોદી ઓનલાઈન જોડાયો હતો કારણ કે નીરવ મોદી હાલમાં બ્રિટનની થેમસાઈડ જેલમાં બંધ છે. સિંગાપોરની એક કંપની ટ્રાઈડેન્ટ ટ્રસ્ટ પણ આ કેસમાં દાવેદાર છે. આ કંપનીએ ૧૦૩ મેરેથોન હાઉસ વેચવાની પણ માંગ કરી હતી. નીરવ મોદી પીએનબી કૌભાંડનો માસ્ટરમાઈન્ડ અને મની લોન્ડરિંગ કેસનો મુખ્ય આરોપી છે.

## મહુઆ મોઈત્રા ઈડી સમક્ષ હાજર થયા નહીં ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત હોવાનું કારણ આપીને ઈડી સમક્ષ હાજર થવા અસમર્થતા દર્શાવી

નવીદિલ્હી,
તૃણમૂલ કોંગ્રેસના નેતા અને પૂર્વ લોકસભા સાંસદ મહુઆ મોઈત્રાની મુશ્કેલીઓનો અંત નથી આવી રહ્યો. ઈડીએ મહુઆને સમન્સ મોકલીને પૂછપરછ માટે આજે દિલ્હી બોલાવ્યા હતા. ઈડીએ મહુઆ અને તેના મિત્ર દર્શન હિરાનંદાનીને બોલાવ્યા હતા. જો કે, મહુઆએ ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત હોવાનું કારણ આપીને આજે ઈડી સમક્ષ હાજર થવા અસમર્થતા દર્શાવી છે. તમને જણાવી દઈએ કે આ પહેલા પણ કેન્દ્રીય એજન્સીએ મહુઆને બે વખત પૂછપરછ માટે બોલાવી હતી પરંતુ તે ઓફિસિયલ કામને ટાંકીને હાજર ન થઈ અને નોટિસને મોકૂફ રાખવાની માંગ કરી હતી.

તમને જણાવી દઈએ કે ઈડી ફેમાની જોગવાઈઓ હેઠળ મહુઆ મોઈત્રાનું નિવેદન રેકોર્ડ કરવા માંગે છે. તૃણમૂલ નેતા વિરૂદ્ધ હ્રઈઈ ખાતાને લગતા વ્યવહારોની તપાસ કરવામાં આવી રહી છે. આ સિવાય વિદેશમાં પૈસા મોકલવાના અન્ય કેટલાક કેસોની પણ તપાસ કરવામાં આવી રહી છે.

# મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કોર્ટમાં કહ્યું, ૧૦૦ કરોડનું કૌભાંડ થયું તો પૈસા ક્યાં ગયા

નવીદિલ્હી,
દિલ્હી લિકર પોલિસી કેસમાં સીએમ અરવિંદ કેજરીવાલના ઈડી રિમાન્ડ આજે પૂરા થઈ રહ્યા છે. આવી સ્થિતિમાં ઈડીએ સીએમ કેજરીવાલને રાઉઝ એવન્યુ કોર્ટમાં રજૂ કર્યા છે. સીએમ કેજરીવાલ (અરવિંદ કેજરીવાલ) એ કોર્ટમાં તેમની હાજરી દરમિયાન તેમના વિચારો વ્યક્ત કર્યા. તેમણે કહ્યું કે હું ઈડીના અધિકારીઓ અને કર્મચારીઓનો આભાર માનું છું. સહકાર આપનારનો પણ હું આભાર માનું છું. તેમણે વધુમાં કહ્યું કે ૨૨



ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ ઈડીએ ઈસીઆઈઆર દાખલ કરી, મારી ધરપકડ કરવામાં આવી છે, મને કોઈપણ કોર્ટમાં દોષિત ઠેરવવામાં આવ્યો નથી. ઈડીએ અત્યાર સુધીમાં ૩૧ હજાર પેજના દસ્તાવેજો એકઠા કર્યા છે, માત્ર ૪ નિવેદનોમાં મારો ઉલ્લેખ છે. આવી સ્થિતિમાં મારો પ્રશ્ન એ છે કે શું આ નિવેદનો જ મારી ધરપકડ કરવા માટે પૂરતા છે? તેના પર કોર્ટે કેજરીવાલ (અરવિંદ કેજરીવાલ)ને પૂછ્યું કે તમે આ બધું લેખિતમાં કેમ નથી આપી રહ્યા. અરવિંદ કેજરીવાલે જવાબ આપ્યો કે હું કોર્ટમાં બોલવા માંગુ છું.

અરવિંદ કેજરીવાલે રાઘવ મગુંટાના નિવેદનનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે તેમની પાસે ૫ નિવેદનો છે, તેમણે જે કહ્યું તે કહે છે. જ્યારે તેના પિતા તેનું નિવેદન બદલે છે, ત્યારે તે રેકોર્ડ કરવામાં આવે છે. આ છ નિવેદનો જેમાં તે મારા વિશે બોલતો નથી તે રેકોર્ડ પર લાવવામાં આવ્યો નથી. કેજરીવાલે વધુમાં કહ્યું કે શરદ રેડ્ડી જેલમાંથી બહાર આવ્યા અને ભાજપને ૫૫ કરોડ રૂપિયા દાનમાં આપ્યા. મની ટ્રેઈલ સાબિત થાય છે, આવી સ્થિતિમાં, તેઓ બધા આપને કચડી નાખવા અને બીજી બાજુ છેડતી કરવા માંગે છે. શરદ રેડ્ડીએ ભાજપને ૫૫ કરોડ રૂપિયાનું દાન આપ્યું હતું.

## ઉત્તરાખંડમાં નાનકમત્તા ગુરુદ્વારા જત્થેદારની ત્રણ સેકન્ડમાં બે ગોળી મારી કરાઈ હત્યા


દેહરાદૂન,
ઉત્તરાખંડના મુખ્ય ધાર્મિક સ્થળ નાનકમત્તા ગુરુદ્વારાના મુખ્ય જથેદાર બાબા તરસેમ સિંહની ગુરુવારે સવારે હત્યા કરવામાં આવી હતી. ડેરાની અંદર બાઈક પર આવેલા બે બદમાશોએ તેમના પર ગોળીઓ ચલાવી હતી. તેમને ખાતિમા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા. આ ઘટનાની તપાસ માટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની રચના કરવામાં આવી છે. ગુરુવારે સવારે ૬:૧૫ વાગ્યે બે હુમલાખોરો ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને ઘટનાને અંજામ આપીને ભાગી ગયા હતા. બાબા તરસેમ સિંહ સમગ્ર રાજ્યમાં પ્રખ્યાત હતા. સત્તા અને વિપક્ષ બંનેમાં તેમની પહોંચ હતી.

ઘટનાના સીસીટીવી પણ સામે આવ્યા છે. આમાં તરસેમ સિંહ ખુરશી પર બેઠેલા જોવા મળે છે, પછી બે બદમાશો બાઈક પર આવે છે. તરસેમ સિંહ પાસે પહોંચતા જ તેમણે બાઈક રોકી અને રાઈફલ વડે તેની છાતીમાં ગોળી મારી દીધી. આ પછી તરસેમ સિંહ ખુરશી પરથી ઉભા થાય છે. જ્યારે તે હજી સંઘર્ષ કરી રહ્યા હતા ત્યારે હુમલાખોરોએ તેમની છાતીમાં બીજી ગોળી મારી હતી. અને ત્યાંથી ભાગી ગયા હતા.

# શું તેજોલિંગ મહાદેવ મંદિરને તોડીને તાજમહેલ બનાવવામાં આવ્યો હતો ? આગરા કોર્ટમાં પહોંચ્યો કેસ

આગ્રા,
ફરી એકવાર દાવો કરવામાં આવ્યો છે કે તાજમહેલને તેજોલિંગ મહાદેવ મંદિર કહેવામાં આવે છે. સિવિલ જજ જુનિયર ડિવિઝન શિખા સિંહની કોર્ટમાં તાજમહેલને તેજોલિંગ મહાદેવ મંદિર ગણાવતો કેસ દાખલ કરવામાં આવ્યો છે. ભગવાન તેજો મહાદેવ, યોગેશ્વર શ્રી કૃષ્ણ જન્મસ્થાન સેવા સંઘ ટ્રસ્ટ, પ્રાદેશિક શક્તિપીઠ વિકાસ ટ્રસ્ટ અને એડવોકેટ અજય પ્રતાપ સિંહ દાવોના વાદી છે. સંસ્કૃતિ મંત્રાલયના સચિવ, ભારતીય પુરાતત્વ સર્વેક્ષણના મહાનિર્દેશક અને અધિક્ષક પુરાતત્વવિદ્, ઉત્તર પ્રદેશ ટુરીઝમના મહાનિર્દેશકને પ્રતિવાદી તરીકે બનાવવામાં આવ્યા છે. આ કેસની આગામી સુનાવણી ૯ એપ્રિલના રોજ નક્કી કરવામાં આવી છે.

એડવોકેટ અજય પ્રતાપે જણાવ્યું છે કે દાવો ૧ જાન્યુઆરીએ દાખલ કરવામાં આવ્યો હતો. કોર્ટે કલમ ૮૦ (૧) (સિવિલ પ્રોસિજર કોડ) હેઠળ કાર્યવાહી પૂર્ણ કરવાનું કહ્યું હતું. કલમ ૮૦ (૧) હેઠળ પક્ષકારોને નોટિસ મોકલવામાં આવી હતી. બે મહિનાની સમયમર્યાદા પસાર થયા પછી દાવો દાખલ કરવામાં આવ્યો હતો. દાવો દાખલ કરતા પહેલા અમે ઘણા મહત્વના પુરાવા એકઠા કર્યા છે. અનેક આરટીઆઈનો આશરો લીધો છે. જ્યારે



દાવો દાખલ કરવામાં આવ્યો હતો

એડવોકેટ અજય પ્રતાપે જણાવ્યું કે વર્ષ ૨૦૨૩માં ભારતીય પુરાતત્વ સર્વેક્ષણથી માહિતીના અધિકાર હેઠળ માહિતી માંગવામાં આવી હતી.એએસઆઈએ કહ્યું કે આ માટે તમે તાજમહેલની વેબસાઈટ અને સંબંધિત પુસ્તકો વાંચી શકો છો. આ પછી તેણે બાબરનામા, હુમાયુનામા, રોયલ એશિયાટિક સોસાયટી ઓફ બંગાળ, બુલેટિન ઓફ એએસઆઈ એપિગ્રાફિકા ઈન્ડિકા, વિશ્વકર્મા પ્રકાશ, પુરાણો વાંચ્યા. તેના દ્વારા તે કહી શકે છે કે તાજમહેલનું અસ્તિત્વ શાહજહાં પહેલા છે. તે મૂળભૂત રીતે તેજો લિંગ હતું. એક મહાદેવનું મંદિર, જેને તેજો મહાદેવ કહેવામાં આવે છે, હવે આ સમગ્ર મામલે ૯મી એપ્રિલે સુનાવણી થશે.

## IPL : દિલ્હીને હરાવી રાજસ્થાન POINTS TABLEમાં ટોપ-૪માં

નવીદિલ્હી,
IPL 2024 માં ગુરુવારની સાંજે રાજસ્થાન રોયલ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં એક રોમાંચક મેચ રમાઈ હતી. જે મેચમાં રાજસ્થાનની ટીમે દિલ્હીને ૧૨ રને હરાવ્યું હતું. દિલ્હીની હાર અને રાજસ્થાનની જીત બાદ IPL Points Table માં કોઇ ખાસ ફેરફાર કરવામાં અસફળ રહી હતી. તે પોઈન્ટ્સ ટેબલ પર ચેન્નઈ સુપર કિંગ્સબાદ બીજા નંબરે પહોંચી ગઇ છે.

રાજસ્થાન રોયલ્સ અને ચેન્નઈ સુપર કિંગ્સબંને ટીમો બે-બે મેચ રમી ચુકી છે અને બંનેમાં તેઓ જીત હાંસિલ કરી ચુકી છે. પોઈન્ટ ટેબલમાં CSK અને ઈઈના ૪-૪ પોઈન્ટ્સ સમાન છે, પરંતુ સારા નેટ રન રેટ ને કારણે ચેન્નાઈ સુપર કિંગ્સ ટોપ પર છે. જ્યારે બીજા નંબર પર રાજસ્થાન રોયલ્સ ની ટીમ છે. દિલ્હી કેપિટલ્સની ટીમ હાર બાદ પોઈન્ટ્સ ટેબલ પર ૮ માં સ્થાને પહોંચી ગઇ છે. જ્યારે પોઈન્ટ્સ ટેબલ પર એક મેચ રમીને હાર મેળવ્યા બાદ લખનઉ સુપર જાયન્ટ્સ અંતિમ સ્થાન પર છે.ગુરુવારની મેચમાં રાજસ્થાન રોયલ્સ પાસે દિલ્હીની ટીમને મોટા અંતરથી હરાવીને પોઈન્ટ્સ ટેબલ પર ટોપ પર પહોંચવાની તક હતી, પરંતુ સંજુ સેમસન ની ટીમ તેમા અસફળ રહી. ટીમ નેટ રન રેટમાં સુધારો ન કરી શકે અને ટેબલ પર બીજા સ્થાને પહોંચી.

# જામ્યુકોને ચાલુ વર્ષમાં મિલકત વેરો તથા પાણી ચાર્જમાં રૂ.૧૦૧.૬૦ કરોડની આવક



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર મહાનગરપાલિકાએ અત્યાર સુધીના ઈતિહાસમાં વેરાની સૌથી વધુ આવક મેળવી છે ચાલુ વર્ષમાં ગઈકાલ સુધીમાં રૂપિયા ૧૦૧.૬૦ કરોડની આવક થવા પામી છે. તેમ મ્યુનિ. કમિશનર ડી એન મોદીએ જણાવ્યું હતું.

જામનગર મહાનગર પાલિકામાં કુલ ૩,૦૬,૦૦૦ મિલકતો નોંધાયેલી છે . તે પૈકી ગઈકાલ સુધીમા કુલ ૧,૦૫,૬૫૬ મિલકત ધારકોએ વેરો ભરપાઈ કર્યો છે. તા. ૧ એપ્રિલ ૨૦૨૩ થી તા. ૨૮ માર્ચ ૨૦૨૪ સુધીમાં કુલ રૂપિયા ૧૦૧.૬૦ કરોડની આવક થવા પામી છે. જ્યારે તારીખ ૧ ફેબ્રુઆરી થી ૨૮ માર્ચ એટલે કે ૫૭ દિવસમાં જ રૂપિયા ૪૫.૭૦ કરોડની આવક થવા પામી છે. જામનગર મહાનગરપાલિકા દ્વારા હાલ વ્યાજ માફી યોજના અમલમાં છે. અને અત્યાર સુધીમાં રૂપિયા ૧૧ કરોડ ૪૮ લાખની વ્યાજ માંફી આપવામાં આવી છે.

આજની સ્થિતિએ બાકી વસુલાત જોઈએ તો મુદ્દલ રૂપિયા ૩૦૬ કરોડ ૯૮ લાખ અને તેની ઉપર વ્યાજ ૨૦૭ કરોડ ૪૧ લાખ થવા જાય છે. જેમા મિલકત વેરાની રૂપિયા ૨૩૩ કરોડ ( કારપેટ બેઝ) અને વ્યાજના રૂ.૯૮.૫૬ કરોડ, તેમજ રેન્ટ બેઝ આધારિત મુદ્દલ રકમ રૂ.૧૫.૧૦ કરોડ અને વ્યાજ ૪૪. ૧૧ કરોડ, પાણી ચાર્જની શાખાની કાર્પેટ આધારિત મુદ્દલ રૂ.૪૨.૦૬ કરોડ અને વ્યાજ રૂ. ૩૪.૩૦ કરોડ તથા રેન્ટ બેઝ મુદ્દલ રૂ. ૪.૩૭ કરોડ અને વ્યાજ રૂ. ૧૭.૨૨ કરોડ., અને સ્લમ વિસ્તારના પાણી ચાર્જના ૧૨ કરોડ ૪૫ લાખ અને વ્યાજ રૂ. ૧૩ કરોડ ૨૨ લાખનો સમાવેશ થાય છે.

જામનગર મહાનગર પાલિકાની ૧૦૦ ટકા ટકા વ્યાજ માફી યોજનાની મુદત આગામી તારીખ ૩૧ માર્ચના પૂર્ણ થઈ રહી છે. ત્યારે છેલ્લા ત્રણ દિવસ બાકી હોય આ યોજનાનો લાભ લેવા પણ મ્યુનિસિપલ કમિશનર ડી એન મોદી અને આસિસ્ટન્ટ કમિશનર (ટેક્સ) જીગ્નેશ નિર્મળે કરદાતાઓને અનુરોધ કર્યો છે.

## દ્વારકા જગત મંદિર ચોકમાં જર્જરિત બિલ્ડીંગનું પોપડું પડતા મહિલા ઈજાગ્રસ્ત



તસવીરઃ રાકેશ સામાણી

દ્વારકા : દ્વારકામાં આવેલા જગત મંદિરના દરરોજ હજારોની સંખ્યામાં યાત્રિકો દર્શનાર્થે આવે છે. આથી મંદિર ચોકમાં કાયમ માટે યાત્રિકોની ભીડ રહેતી હોય છે. ગઈકાલે ગુરુવારે મોડી સાંજે મંદિર ચોક વિસ્તારમાં આવેલ એક જર્જરિત થઈ ગયેલી ઈમારતના રવેશનું સિમેન્ટનું પોપડુ નીચે ઊભેલી એક યાત્રિક મહિલાના માથે પડતા ગંભીર ઈજાઓ થવા પામી હતી. આથી તાકીદે ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ઘાયલ મહિલા યાત્રિકને દ્વારકાની સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી અને તેણીને સારવાર આપવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે કાયમ ભરચક્ક રહેતા મંદિર ચોકમાં આવેલી આ બિલ્ડીંગ વર્ષો જૂની હોવાથી અતિ જર્જરિત થઈ ગઈ છે. જેના કારણે કોઈપણ સમયે અતિ ગંભીર અકસ્માત થવાની સંભાવનાઓ કરાઈ રહી છે. જેના લીધે તંત્ર દ્વારા આ જર્જરીત ઈમારતને તોડી પાડવામાં આવે તેવી લોકમાંગણી ઉઠવા પામી છે.

## જામનગરમાં જુગારના ૩ દરોડામાં ૯ મહિલા સહિત ૧૫ પતાપ્રેમી ઝડપાયા

જામનગર : જામનગર શહેરમાં જુદા જુદા વિસ્તારોમાં ગઈકાલે પોલીસે એક રહેણાંક મકાન સહિત ત્રણ જગ્યાએ જુગાર અંગેના દરોડા પાડયા હતા. જેમાં નવ મહિલા સહિત ૧૫ શખ્સોને ઝડપી લીધા હતા અને તેઓ પાસેથી રૂા. ૫૦ હજારની રોકડ રકમ કબ્જે કરી હતી.

જામનગરમાં ગોકુલનગર રડાર રોડ પર આવેલા રામનગરની શેરી નંબર આઠમાં રહેતા માલદેભાઈ આલાભાઈ ચાવડા નામના શખ્સના મકાનમાં જુગાર રમાતો હોવાની બાતમી પોલીસને મળી હતી. જેથી સ્થળ પર જઈ દરોડો પાડતા ગંજીપાના વડે જુગાર રમી રહેલા માલદેભાઈ આલાભાઈ ચાવડા, રામભાઈ પોલાભાઈ વશરા, આશાબેન કેશુભાઈ મોઢવાડિયા, સતીબેન માલદેભાઈ ચાવડા, દક્ષાબા જબરસિંહ રાઠોડ અને શાંતાબેન પરષોતમભાઈ શેઠિયા સહિત ૬ શખ્સોની અટકાયત કરી તેઓ પાસેથી રોકડ રૂપિયા ૧૭,૬૩૦ કબ્જે કર્યા હતા.

આ ઉપરાંત જામનગરમાં યોગેશ્વરનગરની શેરી નંબર ૪માં માહિ ડેરી પાસે જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમી રહેલા નકુલભાઈ પરસોતમભાઈ રાઠોડ, જ્યોતિબેન રમેશભાઈ મેઢ, રેખાબેન જેન્તીભાઈ દાવડા, વર્ષાબેન ભરતભાઈ સોલંકી, હમીદાબેન અબ્દુલભાઈ જામ અને શોભનાબેન દિલીપભાઈ રોરિયા સહિત ૬ શખ્સોની અટકાયત કરી તેઓ પાસેથી રોકડ રૂા. ૧૨,૮૪૦ કબ્જે કર્યા હતા.

જ્યારે જામનગરમાં આંબેડકરનગર બ્રીજ નીચે વૂલન મીલ ફાટક પાસે જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમી રહેલ રમેશ કેશુભાઈ રાઠોડ, ધાનાભાઈ રામશીભાઈ માડમ અને મધુભાઈ રામાભાઈ સાગઠિયા સહિત ૩ શખ્સોની અટકાયત કરી તેઓ પાસેથી રોકડ રૂા. ૧૦,૦૨૦ કબ્જે કર્યા હતા.

## દ્વારકાના પંચકૂઈ બીચ પાસે ૪૦ જેટલા યાત્રિકો ફસાતા રેસ્કયુ કરી બહાર કાઢયા



તસવીરઃ રાકેશ સામાણી

દ્વારકા : દ્વારકામાં તાજેતરમાં ગોમતી નદી પાર કરી સામે કાંઠે પંચકૂઈ વિસ્તારમાં ગયેલા આશરે ૪૦ જેટલા યાત્રિકો સમુદ્રના પ્રવાહમાં હાઈટાઈડને લીધે સામે ઘાટ પર ફસાયા હતા. જો કે, ફાયરની ટીમની સમય સૂચકતાને લીધે મોટી જાનહાનિ ટળી હતી.

મળતી માહિતી મુજબ તાજેતરમાં હોળી–ફૂલડોલ તથા ધૂળેટી જેવા ઉત્સવને કારણે યાત્રાધામ દ્વારકામાં પુષ્કળ ભીડભાડ રહેતી હોય તેવા સમયે દ્વારકાની ગોમતી નદીમાં ઓટના સમયે સામે પાર પંચકૂઈ બીચ પર યાત્રિકો ગયેલ હોય જેમાંના ૪૦ યાત્રિકો સામે પાર રહી ગયા હતા. ગોમતી નદીન સંગમ દરિયા સાથે થતો હોય હાઈટાઈડ થતાં ભરતીના કારણે પાણીના ધસમસતા પ્રવાહમાં નદી પાર કરી શકાય તેમ ન હોવાથી ૪૦ યાત્રિકો પંચકૂઈ વિસ્તારમાં ફસાયા હતા.

અત્રે એ ઉલ્લેખનિય છે કે, સામા કાંઠાનો પંચકૂઈ વિસ્તાર નર્જનિ અને વેરાણ હોય ત્યાં કોઈ જાતની સુવિધા ઉપલબ્ધ નથી. જો કે, આ અંગે ફાયર અને રેસ્ક્યુ વિભાગને જાણ કરાતા ટીમના અધિકારીઓ મારફતે તમામ યાત્રિકોને પુનઃ ગોમતી ઘાટ સહી સલામત પહોંચાડાયા હતા.

## જામનગરમાં બાઈક ચાલકે સાયકલ સવાર આધેડને હડફેટે લેતા મોત નીપજ્યું

જામનગર : જામનગરમાં પંચવટી સોસાયટી વિસ્તારમાં સાયકલ પર જઈ રહેલા એક આધેડને પુર ઝડપે આવી રહેલા બાઈક ચાલકે ઠોકરે ચડાવી ઈજા પહોંચાડતાં તેઓનું મૃત્યુ નીપજ્યું છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં શાંતિનગર શેરી નંબર ૬ના છેડે રહેતા રાજેન્દ્રસિંહ જાડેજા નામના ૫૪ વર્ષના આધેડ કે જેઓ ગઈકાલે બપોરે એકાદ વાગ્યાના અરસામાં પોતાની સાઈકલ લઈને પંચવટી વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા. જે દરમિયાન ભૂતિયા બંગલા પાસે આવી રહેલા જી.જે.-૩ ડીએચ ૫૬૮૧ નંબરના બાઈકના ચાલકે તેઓને હડફેટમાં લઈ લીધા હતા. જેથી ગંભીર ઈજાઓ થતા તેઓને સારવાર માટે જામનગરની જી. જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ટૂંકી સારવાર દરમ્યાન તેઓનું મૃત્યુ નીપજ્યું હતું. આ અકસ્માતના બનાવ અંગે મૃતકના પુત્ર રવિરાજસિંહ રાજેન્દ્રસિંહ જાડેજાએ સિટી બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ઉપરોક્ત બાઈક ચાલક સામે ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.

## જામનગર નજીક બેડ ટોલનાકા પર યુવાનની હત્યા કેસમા પાંચ આરોપીને આજીવન કેદની સજા

જામનગર : જામનગર ખંભાળિયા ધોરીમાર્ગ પર આવેલ બેડ ટોલનાકા પાસે ૧૨ વર્ષ પહેલા એક યુવાન પર જીવલેણ હુમલો કરી તેની હત્યા નિપજાવવામાં આવી હતી. આ કેસ જામનગરની કોર્ટમાં ચાલી જતા હુમલો કરનાર પાંચેય આરોપીઓને અદાલતે આજીવન કેદની સજાનો હુકમ કર્યો છે.

જામનગર નજીકના બેડ ટોલનાકા પર ગત તા. ૧૩.૭.૧૨ ના રોજ રાત્રીના સાડા આઠ વાગ્યે આરોપીઓ બાબુ કરમશી પરમાર, મેરાભાઈ ઉર્ફે મેરામણ સાંજણભાઈ ખાંભલા, ગગુ ઉર્ફે રત્નો સાજણભાઈ ખાંભલા, ભારા લાખા ઉર્ફે ફોગો ખાંભલા અને હિરાભાઈ ઉર્ફે ગરવાભાઈ સાજણભાઈ ખાંભલા (રહે.તમામ બેડ ગામ) એ પુર્વયોજીત કાવતરૂ કરીને ગેરકાયદેસર મંડળી રચી હતી. અને બેડ ગામના બહાદુરસિહ રાજમલસિહ જાડેજાની બેડ ગામના જુના બસ સ્ટેન્ડ પાસે રોકી તમામ આરોપીઓ જીવલેણ હથીયાર વડે હુમલો કરી હત્યા નિપજાવી હતી. જે અનુસંધાને જામનગર પંચ 'બી' પો.સ્ટે. ફરીયાદ દાખલ થયેલ અને ત્યારબાદ આ તમામ આરોપીઓ સામે કેસ જામનગરના સેશન્સ જજની કોર્ટમાં ચાલી જતા ફરીયાદ પક્ષે કુલ ૩૩ સાહેદો તપાસવામા આવેલ અને ત્યારબાદ ફરીયાદ પક્ષે સરકારી વકીલ દિપક આર. ત્રિવેદી ધ્વારા રજુ થયેલ દસ્તાવેજો તેમજ મૈખીક પુરાવો અંગે વિગતવાર વિસ્તૃત દલીલ કરવામાં આવી હતી. અને આરોપીઓ સામે ગુનો પુરવાર થતો હોય જેથી સરકાર પક્ષની દલીલ માન્ય રાખી જામનગરના સેશન્સ જજ એસ. કે. બક્ષીએ આ તમામ પાંચ આરોપીઓને તકસીરવાન ઠેરવી આજીવન સખત કેદની સજાનો હુકમ કર્યો છે. આ કેસમાં સરકાર તરફે વકીલ ડી આર ત્રિવેદી રોકાયા હતા.

## જામનગરના લાલપુર બાયપાસ માર્ગે સૂતા સૂતા બાઈક ચલાવી સ્ટંટ કરનારને પોલીસે પાઠ ભણાવ્યો



જામનગર : જામનગર નજીક લાલપુર બાયપાસ રોડ પર સૂતા સૂતા બાઈક ચલાવી સ્ટંટ કરનારને પોલીસે પાઠ ભણાવ્યા છે, અને તેની સામે ગુનો નોંધ્યો છે.

જામનગરના રામનગર વિસ્તારમાં સલીમ બાપુના મદ્રેસા પાસે રહેતો જાવીદ ખાલિદભાઈ ચમડીયા નામનો ૧૮ વર્ષનો શખ્સકે જે ગઈકાલે બપોરે ચારેક વાગ્યાના અરસામાં લાલપુર બાયપાસ ચોકડીથી જામનગર તરફ પોતાનું બાઈક લઈને આવી રહ્યો હતો, અને અન્ય રાહદારીઓની જિંદગી જોખમાય તે રીતે બાઈક પર સુતા સુતા સ્ટંટ કરીને આવી રહ્યો હતો.

જે અંગે પોલીસને ધ્યાનમાં આવતાં પંચકોશી બી. ડિવિઝન પોલીસે તેની અટકાયત કરી લીધી હતી, અને બાઈક કબજે કર્યું છે.

## જામનગરમાં અંબર ચોકડી નજીક હિટ એન્ડ રનના બનાવમાં કારની ઠોકરે બે વ્યક્તિ ઘાયલ

જામનગર શહેરમાં ગઈકાલે રાત્રિના સમયે અંબર ચોકડી વિસ્તારમાં હિટ એન્ડ રનનો બનાવ બનવા પામ્યો છે. જેમાં એક ફોર વ્હીલના ચાલકે બે યુવાનોને હડફેટે લેતા ઈજાગ્રસ્ત યુવાનોને હોસ્પિટલ ખસેડાયા છે. જ્યારે અકસ્માત સર્જી કારચાલક નાશી ગયો હતો. બનાવની જાણ થતાં પોલીસ ટૂકડી હોસ્પિટલ દોડી ગઈ હતી.

જામનગર શહેરના અંબર ચોકડી નજીક ગઈ રાત્રે મકબુલ કાશમીરી અને સોયબ શેખ નામના બે યુવાન બાઈક લઈને જઈ રહ્યા હતા. ત્યારે બ્લેક ફિલ્મ અને નંબરપ્લેટ વગરની ક્રેટા કારના ચાલક બન્ને યુવાનોને ઠોકર મારીને ફરાર થઈ ગયો હતો.

ત્યારબાદ સ્થાનિક લોકો દ્વારા બન્ને ઈજાગ્રસ્ત યુવાનોને જી. જી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા





તસવીરઃ સુનિલ ચુડાસમા

હતા. આ બનાવની જાણ થતાં મોડી રાત્રે મુસ્લિમ સમાજના યુવાનો મોટી સંખ્યામાં હોસ્પિટલે દોડી ગયા હતા. જ્યારે બનાવની જાણ થતાં સિટી-બી ડિવિઝન પોલીસની ટીમ પણ હોસ્પિટલ દોડી ગઈ હતી અને ફરાર થઈ ગયેલ કાર ચાલક સામે ફરિયાદ નોંધવા કાર્યવાહી હાથ ધરી છે.

## કલ્યાણપુરના લાંબા ગામે કૂવામાં પટકાયેલા યુવાનનું નિપજયું મોત


ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના લાંબા ગામે અકસ્માતે કૂવામાં પટકાયેલા એક યુવાનને ગંભીર ઈજાઓ થતાં તેમનું મોત નિપજયાનો બનાવ પોલીસમાં નોંધાયો છે.

કલ્યાણપુર તાલુકાના લાંબા ગામે હાલ રહેતા અને મૂળ રાજસ્થાન રાજયના પાલી જિલ્લાના જેતરાણ તાલુકાના રહીશ રાધેશ્યામ જવાનરામ સોલંકી નામના ૩૩ વર્ષના યુવાન ગઈકાલે ગુરુવારે લાંબા ગામે એક આસામીની વાડીમાં આવેલા કૂવા કાંઠે કામ કરી રહ્યા હતા. ત્યારે આ કુવાના કાંઠે પડેલા દંગડા (બેલા) પથ્થર પર બેસવા જતા તેમનો હાથ લપસી જવાના કારણે તેઓ દંગડા (પથ્થર) સાથે કુવામાં ખાબક્યા હતા. જેથી તેમને ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં ફરજ પરના તબીબોએ તેમને મૃત્યુ પામેલા જાહેર કર્યા હતા. આ બનાવની જાણ જરૂબુરામ ચીસરીલાલ સોલંકી (ઉ.વ. ૫૦, રહે. મૂળ જેતરાણ) એ કલ્યાણપુર પોલીસને કરી છે.

## જામ્યુકોના સિટી ઈજનેરના ધમકી પ્રકરણમાં ટેકનિકલ કર્મીઓએ સુરક્ષાને લઈ પાઠવાયું આવેદન

જામનગર : જામનગર મહાનગરપાલિકાના સીટી ઈજનેરને ફાઈલ ક્લિયર કરવા બાબતે પૂર્વક કોંગી કોર્પોરેટરે આપેલી ધમકીના મહાનગર પાલિકાની કચેરીમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે અને આ મામલે ટેકનીકલ યુનિયન દ્વારા કમિશનને આવેદન પાઠવાયું છે.

જામનગર મહાનગરપાલિકાના સિટી ઈજનેર ભાવેશ જાની પાસે દર મહિને એક લાખની ખંડણી માંગ્યાની ફરિયાદના બનાવ પછી



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર મહાનગરપાલિકાની કચેરીમાં ફરજ બજાવતા ટેકનીકલ યુનિયનના તમામ કર્મચારીઓ દ્વારા પોતાની સુરક્ષાને લઈને ગઈકાલે મ્યુનિ. કમિશનર ડી. એન. મોદીને વિસ્તૃત આવેદન પાઠવ્યું છે, અને સુરક્ષાની માંગણી કરવામાં આવી છે.

## જામનગર જિલ્લાના 3 હોમગાર્ડઝ જવાનો સસ્પેન્ડ

જામનગર : જામનગર જિલ્લા હોમગાર્ડઝ તરીકે ગત્ દિવસોમાં નિમણૂંક પામેલા કમાન્ડન્ટએ હુકમનું પાલન નહી કરવા બદલ પોના મામા સહિત ૩ હોમગાર્ડઝને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવાનો આદેશ કર્યો છે.

જિલ્લા હોમગાર્ડઝ વિભાગમાં વર્ષોથી સેવા આપતા લીગલ ઓફિસર ગિરીશભાઈ સરવૈયાની ગત્ દિવસોમાં જિલ્લા કમાન્ડન્ટ તરીકે નિમણૂંક થયા બાદ તેઓ દ્વારા હોમગાર્ડઝના રાજ્ય કક્ષાની વડી કચેરી દ્વારા આયોજિત શિસ્ત માટેની બેઝિક, એડવાન્સ અને લિડરશીપના તાલીમ કેમ્પમાં ત્રણ હોમગાર્ડઝને મોકલવાનો હુકમ કરવામાં આવ્યો હતો. પરંતુ આ હુકમ માનવાના બદલે સિટી એ યુનિટના બે જવાનો તાલીમ કેમ્પમાં ગયા ન હતા. તેથી નવા કમાન્ડન્ટ જી. એલ. સરવૈયાએ ત્રણેયને મૌખિક હુકમથી સસ્પેન્ડ કરી દીધા હતા. સસ્પેન્ડ થયેલા હોમગાર્ડઝ જવાનોમાંથી એક તો ખુદ કમાન્ડન્ટના મામા હોવાનું બહાર આવ્યું છે.